२७८
R.1696
२१/०५/१९

# જૈન જ્ઞાન મહોદધિ

ઉર્ફે

## જૈન એન્સાઈકલોપિડિયા

યાને

## એન્ડસાઈકલોપિડિયા યુનિવરસૅલિસ

વિજ્ઞાપન પત્રિકા

ज्ञानादेव हि मुक्तिः स्यात् ॥

પ્રયોજકો અને પ્રકાશકો
( ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ સાહિત્ય ટ્રસ્ટ તરફથી )
તેના કાર્યવાહક

ત્રિભુવનદાસ લહેરચંદ શાહ
એલ. એમ. એન્ડ એસ.
એમ. એ. આર. એસ.
રાવપુરા, વડોદરા

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

( ડૉ. ત્રિભુવનદાસ લ. શાહ ટ્રસ્ટ સ્થાપિત )

# સંસ્કૃતિ રક્ષક સસ્તુ સાહિત્ય કાર્યાલય

## વડોદરા

શ્રીયુત્ મહાશયની સેવામાં,

સવિનય નિવેદન કે આ પરિપત્રની સાથે આપના ઉપર "જૈનજ્ઞાન મહોદધિ" ઉર્ફે એનસાઇક્લોપિડિયા જૈનિકા ( Encyclopaedia Jainica ) અને તત્ત્વની વિશાળતા જોતાં કદાચ તેને એનસાઇક્લોપીડિયા યુનિવરસેલિસ ( Encyclopaedia Universales ) પણ કહી શકાય તેવા એક મહા-ગ્રંથની વિજ્ઞાપન પત્રિકા અમે મોકલીએ છીએ. તેનું નામ શા માટે આ પ્રમાણે રખાયું છે, એ ગ્રંથ રચવાની કેટલી અગત્ય છે, તે ગ્રંથ અમારી કલ્પનાનુસાર કેવો થવો જોઇએ, તે માટે કેવી ગોઠવણથી કામ લેવું જોઇએ, તત્સંબંધી કેટલું કાર્ય અત્યાર સુધીમાં પાર પડી ચૂક્યું છે, કેટલું કાર્ય હજુ અવશિષ્ટ રહ્યું છે અને તેને પાર ઉતારવાને શું શું કરવાની જરૂર છે. ઇ. ઇ. સર્વ વિગતો અમે તે પત્રિકામાં દર્શાવી દીધી છે. એવી ઉમેદથી કે તે આપ યથાવકાશે વાંચી જઈ તેનો સંપૂર્ણ ખ્યાલ ધરાવી શકો અને અમે માંગેલ સલાહ આપવાને શક્તિવાન થાઓ.

આ યોજનાનાં સર્વ અંગો નિશ્ચિત થઇ ચૂક્યાં છે એમ આપે સમજી લેવાનું નથી. આવા મહાગ્રંથો એકલે હાથે પાર પડતા નથી. વળી એક જ વ્યક્તિની કલ્પનાનુસાર તેની યોજના કરવામાં આવે તો તેમાં અનેક દોષો રહી જતાં તેની ઉપયોગિતા પણ ઘટી જાય. વળી આવાં મોટાં ખર્ચવાળાં કાર્યો પુનઃપુનઃ નવેસરથી આદરવાનું સુલભ નથી. એટલે જેમ બને તેમ અને જેટલા અંશે બને તેટલા અંશે આ ગ્રંથ વિશેષ માહિતીવાળો અને નિર્દોષ બને એવા હેતુથી આ પત્રિકા એ મહાન ગ્રંથ પરત્વે, જે વિદ્વાનો, લેખકો, પંડિતો, મુનિરાજો અને તે સંબંધમાં અન્ય જે કોઇ ઉપયોગી થઇ પડે તેવા પાસેથી, સલાહ તથા સૂચનાઓની યાચના કરવાની અમને આવશ્યકતા જણાઇ છે. જોકે આ પ્રકારના ગ્રંથને કેવળ નિર્દોષ બનાવવો એ અશક્ય બાબત તો છે જ, છતાં ઉપર જણાવ્યું તેમ, ઓછા દોષો રહેવા સાથે વિશેષ માહિતીનો સંગ્રહ થવા પામે, એમાં જ તેની મહત્તા સમાયેલી હોવાથી અનેક મહાશયો તરફની સહાયની અપેક્ષા રહે છે.

આ મહાગ્રંથનું કાર્ય, કામની વહેંચણી વડે જ ઉતાવળે પાર પડી શકે તેમ છે. અને તે પૂર્વે તેની ઇમારત–યોજના નિશ્ચિત કરી લેવી વધારે જરૂરની છે. આપ તરફથી કેવા પ્રકારની સહાયતાની અમને જરૂર છે તે દર્શાવવા અમે " विद्वानो प्रत्ये थोडा प्रश्नो "વાળા મથાળા હેઠળ આ પત્રિકામાં મુદ્દાઓ રજુ કર્યા છે, તેના ઉત્તરો જેમ બને તેમ ઉતાવળથી આપ લખી મોકલી અમને ઉપકૃત કરશોજી.

ફરીથી આપને કહેવાની અગત્યતા છે કે, આ પત્રિકામાં થોડાક શબ્દો ઉપરની માહિતી, પરિશિષ્ટો, ચિત્રો વિગેરે નમુનારૂપે આપેલ હોવા છતાં, ગ્રંથની યોજના તેજ પ્રમાણે અમે નક્કી કરી નાંખી છે, એમ આપ સમજતા નહીં. સારાંશ કે વિદ્દ્વર્ગની સલાહ અને સૂચનાને અનુસરીને ગ્રંથ માંહેના લેખોની, શૈલીની, ઇત્યાદિ સર્વે અંગોને લગતી યોજના કરવાની છે. જેથી વિનમ્ર ભાવે વિનંતિ કે આપ તત્સંબંધી પૂરતી સૂચનાઓ આપની સગવડતાએ, છતાં બનતી ઉતાવળે અમોને લખી મોકલવા મહેરબાની કરશોજી; કેમકે અત્યારે જ અમારી ઉમર ૭૦ વર્ષના કાંઠે પહોંચી છે. એટલે પરમાત્માની કૃપા હશે તો જ આ કામ પૂર્ણ કરી શકાશે. અને તે માટે આપ જેવા સર્વ મુરબ્બીઓ, વિદ્વાનો, હિતેચ્છુઓ અને ઉપકારક વર્ગના આશિર્વાદની યાચના કરી રહ્યા છીએ. એ જ વિનંતિ.

રાવપુરા
વડોદરા
તા. – –૧૯૪

લિ. વિદ્યોપાસક
**ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**
એલ. એમ. એન્ડ એસ.
એમ. એ. આર. એસ.

# जैन ज्ञान महोदधि
## ऊर्फे
# जैन एन्साइक्लोपिडिया
## याने
# एन्साइक्लोपिडिया युनिवरसोलिस

**આવું નામ કેમ રાખવું પડયું ?**

૧. કેટલાકને જૈન શબ્દમાં સાંપ્રદાયિકતાની ગંધ આવે છે. જ્યારે કેટલાક, કે જેમણે સર્વ ધર્મ સમભાવની ભાવના કેળવી નથી તેમને તો નરી ઘૃણા પણ આવે છે અથવા ધી बनारस हिंदु युनिवरसिटि ના પ્રો. વાઇસ ચેન્સેલર માનનીય રંગવિહારીલાલ એમ. એ.ના જણાવ્યા મુજબ " જૈનધર્મ જૈસે વૈજ્ઞાનિક ઔર પ્રાચીન ધર્મ સંબંધમેં ભી ભ્રમણા ફૈલી હૂઈ હૈ." આ પ્રકારની ભિન્ન ભિન્ન કક્ષાના સજ્જનોને નીચેની પરિસ્થિતિ ઉપર શાંતિથી વિચારપૂર્વક મનન કરવા ખાસ વિનંતિ છે. પ્રથમ તો जैन શબ્દ તે કોઈ ધર્મવિશેષ કરતાં ખરી રીતે 'આત્માની એક દશા' ઓળખાવતો શબ્દજ લેખવો રહે છે. ભગવાન મહાવીરે પોતાના ધર્મપ્રવચનોમાં ગ્રામધર્મ, નગરધર્મ, અને રાષ્ટ્રધર્મને બહુ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. એમણે આધ્યાત્મિક ક્રિયાકાંડપ્રધાન જૈનધર્મની સાધનાનું સ્થાન ગ્રામધર્મ, નગરધર્મ અને રાષ્ટ્રધર્મ બાદજ રાખ્યું છે, પહેલાં નહિ. જૈનધર્મનો આદર્શજ એ છે કે પ્રત્યેક પ્રાણી એક બીજાની સેવા કરે. એક સત્ય નાગરિક અને સાચો દેશભક્ત જ જૈન થઇ શકે છે, બીજો નહિ. એટલે કે એકેએક આત્માને–સકળ વિશ્વના સવા બે અબજ જેટલા સર્વ મનુષ્ય બંધુઓને–તે દશાએ પહોંચવાને ઈંતેજારી રહેવી જોઇએ. અને તે દૃષ્ટિએ પોતાને જૈન કહેવરાવવાને તે મગરૂર પણ હોવો જોઇએ. અમારૂં આ કથન વિશેષ સ્પષ્ટપણે સમજાવીશું.

જો કે ધર્મની વ્યાખ્યા આપણે અત્રે નથી કરતા; પરંતુ વ્યાકરણના નિયમે જેમ ઇસુ ભગવાનને માનનાર ઈસાઈ, વેદના અનુયાયીને વૈદિક, બુદ્ધ ભગવાનના ઉપાસકને બૌદ્ધ, મહમદ પેગંબર સાહેબના ભક્તને મહમદી–ઈસ્લામી, જરથુસ્થ સાહેબના અનુયાયીને જરથોસ્ત કહેવાય છે, તેમ જિનને

માનનાર જૈન કહી શકાય છે. અને જિન શબ્દ " जी=જીતવું " ધાતુ ઉપરથી બન્યો છે. એટલે કે, " જેણે જીત્યા છે તે જિન ". શું જીત્યા છે ? કે પોતાના શત્રુઓને. શત્રુ બે પ્રકારના–બાહ્ય અને અંતરના; અને આમાં બાહ્ય શત્રુને જીતવાને સર્વથા વિવિધ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રનો જ ઉપયોગ કરવો પડે છે એ સર્વ કોઇનો નિત્યનો અનુભવ છે. વળી હમણાંજ સમાપ્ત થયેલ વિશ્વવ્યાપી દ્વિતીય યુદ્ધમાં થયેલ સંહારલીલાથી સૌ કોઈ પરિચીત પણ છેજ. એટલે તે વર્ણવી બતાવવાની કે સમજાવવાની જરૂર રહેતી નથી. પરંતુ એટલું તો ખરૂં જ કે, બાહ્ય શત્રુઓને હણવા જતાં જિનના પ્રાણસમાન જે અહિંસા, તેને જડમૂળથી ઉખેડી નાખનારી સ્થિતિ નીપજે છે. એટલે તે પ્રકારના દુશ્મનો ઉપરની જીત તો તદ્દન વર્જ્યજ ગણાય. જ્યારે આંતરિક શત્રુઓ–જેવા કે, ક્રોધ,માન, માયા, લોભ, હરેક પ્રકારનો દુરાચાર, દુર્વર્તન, અસત્ય બોલવું, ચોરી કરવી, વ્યભિચાર સેવવો, કોઇ ઉપર આળ ચડાવવું, લૂંટ ચલાવવી, મારફાડ કરવી ઇ. ઇ.—આ સર્વને જીતવા અથવા તેમના ઉપર સંયમ-કાબૂ મેળવવો, તેનું નામજ ખરી રીતે દુશ્મનને જીત્યા ગણાય. આવું સૌભાગ્ય પ્રાપ્ત કરવાને દરેકે દરેક જીવને–પ્રાણીને–મનુષ્યને હક્ક છે. પછી તે જીવ ભલે અલ્પાંશથી માંડીને છેક સંપૂર્ણપણે સંયમ ધરાવતો બની શકે તે જુદી વાત છે. અને તે મેળવેલ સંયમના ટકાના પ્રમાણમાં તે પોતાને જિન કહેવરાવી શકે છે. બલ્કે પોતે સંપૂર્ણ જિન ક્યારે થવા પામશે તેવી આકાંક્ષા રાખી, તે કક્ષાએ પહોંચવાને નિરંતરપણે પોતે ઉદ્યમ કરતો રહેવાને વાંછે છેજ. આટલા વિવેચનથી સમજાશે કે સર્વ મનુષ્યે–પોતાને जिनपणुं–जैनत्वनी પ્રાપ્તિ થાય તે માટે મગરૂર થવું રહે છે. અને તેનેજ ખરો जैन કહી શકાય. એટલે વર્તમાનકાળે જૈન શબ્દનો અર્થ ભલે સાંપ્રદાયિક થઇ પડ્યો છે છતાં તેમાં સમાયેલ તત્ત્વની દૃષ્ટિએ તે સર્વધર્મના મૂળભૂત સિદ્ધાંતોને માનનીય થઇ પડે તેમ છે. વળી (કાકા કાલેલકર જેવા) ઊંડા મર્મ વિવેચક અને તત્ત્વવેત્તા તો એટલે સુધી કહે છે કે, " જૈનદર્શન એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે. સ્યાદ્વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપની સાધનાઓ વડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ જૈનદર્શનમાં છે. " આ પ્રકારની અસાંપ્રદાયિક અને મનુષ્યકલ્યાણની વ્યાખ્યા દૃષ્ટિસમીપ રાખીને અમે આ ગ્રંથનું બીજું નામ–જો સંમતિ મળે તો–एन्साइक्लोपिडिया युनिवरसेलिस જોડવા ઊચિત ધાર્યું છે.

**વિદ્વાનો અને અભ્યાસીઓ આ વિષે શું કહે છે ?**

૨. એકદમ પ્રાચીન સમયે હિંદમાં શું સ્થિતિ પ્રવર્તિ રહી હતી તે તો આપણે હવે પછીના પારિગ્રાફે કેટલાક શિલાલેખ અને સિક્કાઓના પ્રમાણ

ઉપરથી માલૂમ પડતી હકીકતે જણાવીશું. છતાં વર્તમાન સમયે, વિદ્વાનો, અભ્યાસીઓ કે તત્ત્વચિંતકો જિન શબ્દની આપણે ઉપર જણાવેલી વ્યાખ્યા સાથે સહમત છે કે કેમ તે જરા તપાસીએ. પ્રથમ ખુલાસો કરી લેવો જરુરી છે કે, અધુના જૈનધર્મનો અર્થ સાંપ્રદાયિક થાય છે તે સ્વરૂપમાં ઘટાવીને જ આ વિદ્વાનોએ પોતાના વિચારો દર્શાવ્યા છે. છતાં તેનું આંતર સ્વરૂપ કેવું છે —અર્થાત્ તેમના કહેવાનો હાર્દ શું છે—તે તો તુરત સમજી શકાય છે જેથી અમારે તેનો સ્ફોટ કરવાની આવશ્યકતા નથી.

થીઓસોફીકલ સોસાઇટીના વિદ્યમાન પ્રમુખ, વિદ્વદ્વર્ય શ્રીયુત્ જીનરાજ દાસજી ત્રણેક વર્ષ અગાઉ કાઠિયાવાડમાં—ભાવનગર ગયેલ, ત્યાં ભાષણ કરતાં કહેલ કે "મારા અભ્યાસથી હું ખાત્રીથી કહી શકું છું કે * **જૈનધર્મ હિંદુસ્તાનનો જૂનામાં જૂનો ધર્મ છે.** આર્ય લોકો હિંદુસ્તાનની બીજી બાજુ એથી **વૈદિક ધર્મ સાથે લાવ્યા તે પહેલાં ઘણા જૂના સમયથી હિંદુસ્તાનમાં જૈનધર્મ પ્રચલિત હતો.** અને આ ધર્મની જ્યોતિ સમયે સમયે ઉપસ્થિત થયેલા તીર્થંકરોએ જીવતી અને ઝળહળતી રાખી છે. આ ધર્મના અનુયાયીઓ બદલાયા હશે. ધર્મના બાહ્ય આકારમાં કેટલાક ફેરફારો થયા હશે પણ તે ધર્મના મૂળ સિદ્ધાંતો તો અખંડ અને એક સરખા જળવાઇ રહ્યા છે." જેમ આ શબ્દો એક તટસ્થ અભ્યાસીના છે તેવાજ એક સતત્ અભ્યાસી અને ઉદ્યોગી લેખક શ્રીયુત્ ડુંગરશી ધરમશી સંપટ કહે છે કે "જૈનધર્મ પાછળથી થયો છે એવી માન્યતા ભ્રમમૂલક હવે સિદ્ધ થઇ છે. ચડતીપડતીનાં કારણે અતિશય પ્રમાણમાં તે હમણાં હમણાં ક્ષીણ ભાવને પામ્યો છે."

કહેવાની મતલબ એ થાય છે કે, અતિ પ્રાચીન સમયથી જૈનધર્મ ચાલ્યો આવતો હોવાથી અને તે સમયે અન્ય મતોની ઉત્પત્તિ થયેલ ન હોવાથી તેને અનુસરનારા, આપણને કોઇ જાતનો ખ્યાલ પણ ન આવે તેવી વિપુલ સંખ્યામાં હતા.

## ઐતિહાસિક પુરાવા પણ એજ જાતની સાક્ષી પૂરે છે.

૩. આધુનિક યુગમાં કેળવણીના પ્રતાપે દરેક અભ્યાસી પોતે પ્રાપ્ત કરેલ વિદ્યાના ક્ષેત્રે પ્રયોગો—નિરીક્ષણ—ચિંતવન અને સંશોધન કરવા પ્રેરાય છે. ઇતિહાસ પણ એક જાતનું તેવું વિદ્યાક્ષેત્ર છે. તેની રચના કરવામાં

---

* જુઓ મુંબાઇનું પાક્ષિક પત્ર નામે પ્રબુદ્ધ જૈનનો તા. ૧-૨-૪૫ નો અંક પૃ. ૯૪ તથા ભાવનગરથી પ્રગટ થતું સાપ્તાહિક જૈન તા. ૨૮-૧-૪૫ પૃ. ૪૬.

ઉપલબ્ધ થતી અનેક સામગ્રીમાં શિલાલેખો તામ્રપત્રો અને સિક્કાઓ અગ્રસ્થાને આવે છે. એટલું જ નહીં પણ તેનો ઉકેલ અને અર્થ જો યથાસ્થિત કરાય તો તેને અફર અને અતૂટ પુરાવા તરીકે લેખવા રહે છે. જે પ્રાચીન સમયની હકીકત આપણે ઉપરના પારિગ્રાફમાં રજુ કરી ગયા છીએ તે સમયે આવા શિલાલેખો અને સિક્કાઓ હોવાનો સંભવ નથી. એટલે ઉપરોક્ત અભિપ્રાય સાહિત્ય ગ્રંથોના પરિશીલનથી ઉચ્ચારાયલ ગણાય અને તેથી કદાચ શિલાલેખી કે સિક્કાઇ પુરાવા જેવો મજબૂત કેટલાકો તેને ન પણ માને–આવકારે. જોકે ઇતિહાસક્ષેત્રે આછી પાતળી માહિતી મળતી હોવાનું તો ઠેઠ ઇ. પૂ. ની નવમી સદીથી શરૂ થયું છે. પરંતુ શિલશિલાબંધ આલેખાતો ઇતિહાસ ઇ. સ. ની ચોથી સદીથી થતો નજરે પડે છે. આ બે સમયના અંતરાળના બારસો તેરસો વરસના તૂટક તૂટક સમયના કેટલાક શિલાલેખો અને સિક્કાઓ પ્રસિદ્ધ થઇ ચૂકયા છે. અને વિશેષને વિશેષ નવીન પ્રાપ્ત પણ થતા જાય છે. તે સઘળાની ચર્ચા કે વિવેચન અત્ર અસ્થાને કહેવાય છતાં જીજ્ઞાસુઓને વિદિત કરવા રજા લઇએ છીએ કે, દેશી અને વિદેશીય વિદ્વાનોએ અભ્યાસેલ તથા નામદાર સરકારના સંશોધનખાતાએ પ્રગટ કરેલ, આવા અનેક ઘટકોમાંથી ઉપયોગી થાય તેવા ચૂંટી કાઢીને લગભગ સવાસો સિક્કાઓ અમારા તરફથી બહાર પડેલ* "પ્રાચીન ભારત વર્ષ" નામે પુસ્તકના બીજા ભાગમાં અને પીસ્તાળીસ જેટલા શિલાલેખો તેના પાંચમા ભાગમાં અમે પ્રસિદ્ધ કરેલ છે. તેમજ તે સર્વને એક સ્વતંત્ર પુસ્તક તરીકે કેટલાક સુધારા વધારા સાથે કાગળ પ્રાપ્તિનો અને પ્રકાશન ઉપરનો પ્રતિબંધ ઊઠી જતાં, પ્રગટ કરવાના છીએ; જેથી જીજ્ઞાસુઓ અલ્પ પ્રયાસે સંપૂર્ણરીતે માહિતગાર બની શકે. છતાં તે સર્વનો સાર મળી જાય તેવી અતિ ઉપયોગી ત્રણ ચાર ઘટનાઓ, તેનો ઠીક ઠીક ખ્યાલ આવે તેટલા પ્રમાણમાં, વાચકની જાણમાટે અત્રે જરૂર જણાવીશું.

**પ્રથમપુરાવો**:—સકળ વિશ્વમાં આંગળીના ટેરવે ગણી શકાય તેટલી સંખ્યામાં આશ્ચર્યમુગ્ધ કરે તેવી જે અજાયબ વસ્તુઓ લેખાય છે, તેમાં કેટલાકના મતે સારાયે ભારતવર્ષમાં પૃથક્ પૃથક્ દિશાએ પથરાયલ સમ્રાટ પ્રિયદર્શીના શિલાલેખો પણ ગણાય છે. આવા શિલાલેખો લગભગ છત્રીસ જેટલા મળી આવ્યા છે. આ લેખો કોતરાવનાર મહારાજાધિરાજ પ્રિયદર્શીએ પોતાને દેવાનાંપ્રિય તરીકે ઓળખાવેલ છે. કેટલાકો આ દેવાનાંપ્રિય અને પ્રિયદર્શી શબ્દને

* પ્રા. ભા. પુ. ૨ માં પૃ. ૭૪ થી ૧૩૪ અને પુ. ૫ માં પૃ. ૮૮ થી ૧૩૪ તથા એન્શ્યન્ટ ઇંડિયા વૉ. ૨ પૃ. ૬૦ થી ૧૪૨ અને વૉ. ૪. પૃ. ૨૭૩ થી ૩૧૯ જુઓ.

(કે તેના રૂપાંતરને) એકજ વ્યક્તિનું વિશેષણ અને વિશેષ નામ તરીકે લેખીને, સમ્રાટ અશોકનું તે બીજું નામ હોવાનું ઠરાવે છે. અને અશોક સમ્રાટ બૌદ્ધધર્મી હોવાથી તે સઘળા લેખોને બૌદ્ધધર્મની યશગાથા વર્ણવતા ઠરાવે છે. છતાં ખૂબી એ થઇ છે કે, તેમાં આલેખેલી ઘણીખરી હકીકત, બૌદ્ધધર્મના પ્રમાણભૂત ગણાતા પુસ્તકોમાં સમ્રાટ અશોકનું જીવનચરીત્ર જે પ્રમાણે વર્ણવાયું છે તેની સાથે મારી મચડીને બેસાડવા છતાં, કોઇ રીતે મેળખાતી જણાતી નથી; એવું આ વિદ્વાનોએ સ્વમુખે કબૂલ્યું પણ છે. અને વિશેષ ઊંડા ઊતરીને વિચારીએ તો તેવું બને તેમાં કાંઇ આશ્ચર્યજનક પણ નથી. કેમકે, પ્રથમ તો કોઈ પણ શિલાલેખમાં પ્રિયદર્શીએ પોતાનું ઉપનામ કે અન્યનામ अशोक હોવાનું લખેલ જ નથી. માત્ર એક મસ્કીના લેખમાં अशोकस= અશોકનું ' એવો શબ્દ આવતો હોઇને, વિદ્વાનોએ પોતાને પુષ્ટિ મળી ગયાનું માની લીધું છે. જ્યારે ખરી રીતે જે ઇબારતમાં તે શબ્દ વપરાયો છે તે જોતાં ઉલટું અશોક અને પ્રિયદર્શી એક હોવાની માન્યતાને નિર્મૂળ કરી નાંખનારી તે લાગે છે. અત્રે તેની ચર્ચામાં ઊતરવું નિરર્થક છે. પરંતુ જીજ્ઞાસુએ અમે પ્રગટ કરેલ " સમ્રાટ પ્રિયદર્શી ઉર્ફે ભૂલથી* મનાયલા સમ્રાટ અશોક અથવા જૈન સમ્રાટ સંપ્રતિ " નામે પુસ્તકમાં પૃ. ૧૩૫–૭ વાંચી જવાં. બીજું એ કે, જે કોઇપણ મનુષ્ય અત્યારે હૈયાત હશે તે વધારામાં વધારે ૧૦૦ વર્ષની ઉમરનો હોઇ શકે, જ્યારે આપણા હિંદ ઉપર તો લગભગ બસો વર્ષથી બ્રિટિશ સરકારની રાજસત્તા ચાલુ રહી હતી. જેથી તેમણે ઠરાવેલ ધોરણે કેળવણી અપાયા કરી છે અને તેના પાયા નાંખનારે જે હકીકત આપણને શિખવાડી તે વેદવાકય માનીને આપણે સર્વે પઢી રહ્યા છીએ. પરંતુ જેમ સંશોધનથી તેમાંની અનેક માન્યતાઓ ફેરવાઇ જતી હવે દેખાવા લાગી છે તેમ, આ દઢિભૂત થએલું " પ્રીયદર્શી તે અશોક " પોતેજ છે તેવું મંતવ્ય પણ બદલાઇ જશે. કારણ પ્રિયદર્શી સમ્રાટ તે અશોક પોતે નથી પણ તેની જ ગાદીએ આવનાર તેનો પૌત્ર છે, જેને જૈન સાહિત્યગ્રંથોમાં પોતાના સર્વ શ્રેષ્ઠ અને ઉપકારક રાજવી મહારાજ સંપ્રતિ તરીકે સંબોધ્યો છે તેજ તે છે. આ હકીકત અમે ઉપરોક્ત પુસ્તકમાં ખુદ પ્રિયદર્શીના શિલાલેખો-

---

* આ ભૂલ કેમ થવા પામી છે તેનાં ઐતિહાસિક પ્રમાણો અને સાબિતી વિશેની ચર્ચા આ પુસ્તકમાં આદિનાં ૪૫ પૃષ્ઠોમાં આપી છે. ઉપરાંત ખુદ પ્રિયદર્શીના સર્વ લેખોમાંથી લગભગ દોઢસો મુદ્દાઓ તારવીને ચાર પરિશિષ્ટોમાં ગોઠવીને પુસ્તકના અંતે જોડયા છે. તે સર્વ ઉપરથી પુરવાર કરી અપાય છે કે પ્રિયદર્શી અને અશોક ભિન્ન ભિન્ન વ્યક્તિઓ જ છે.

માંના શબ્દો, પાઠાંતરો, અનુવાદ અને ટીકા તથા વિવેચનથી સંપૂર્ણપણે સાબિત કરી આપી છે. અને આ પુરાવા શિલાલેખોત્પન્ન હોવાથી પ્રમાણભૂતજ લેખવા રહે છે. વળી સંપ્રતિના જીવનચરિત્ર વિષે જે જે હકીકત જૈન સાહિત્યગ્રંથોમાં રજુ થઇ છે તે સર્વસાથે આબેહુબ મળી જતી રહે છે. એટલે તે વિશેષપણે મજબૂત પુરાવારૂપ લેખાશે. ઉપરાંત જે સર્વ હકીકત વિદ્વાનોને બૌદ્ધ પુસ્તકોમાંના અશોકના ચરિત્ર સાથે અસંગત દેખાય છે તે સર્વ પણ અત્ર સંપ્રતિ રાજાના ચરિત્ર સાથે તદ્દન સુસંગત બની જતી દેખાય છે; એટલે ઓર વધારે પુષ્ટિરૂપ થાય છે. મતલબ કે પ્રિયદર્શી તે જૈન ધર્માનુયાયી હતો અને તેણે કોતરાવેલ ધમ્મલિપિ સર્વ વિદ્વાનોએ જાહેર કર્યા પ્રમાણે કોઇ પણ ધાર્મિક સાંપ્રદાયિકતાથી પર–તેવી વિશ્વબંધુત્વની ભાવનાને પોષનારી હોવાથી, સારી જગતના મુસાફરો અને પર્યટન કરનારાઓની પ્રશંસા મેળવી રહી છે. આથી એમ પણ સાબિત થઈ જાય છે કે, જૈન ધર્મમાં પ્રરૂપેલા વિધિવિધાનો પોતે (ઉપરમાં પૃ. ૨માં દર્શાવેલા વિચાર પ્રમાણે) વિશ્વધર્મ બનવાને સર્વ સામર્થ્ય ધરાવે છે. અને તેના જીવતા જાગતા પુરાવામાં પ્રિયદર્શીના શિલાલેખો અત્યારે પણ બાંગ પોકારતા અને પ્રતીતિ કરાવતા આપણી સમક્ષ મોજુદપણે ઊભા રહેલ છે.

**બીજો પુરાવો**–આમ તો હિંદ ઉપર અનેક પરદેશીઓએ આક્રમણ કરેલ છે. પણ વિજય મેળવી અત્ર વસવાટ કરતા થયા હોય તેવાઓમાં (૧) અવંતિપતિ તરીકે નહપાણ ક્ષહરાટ (૨) ચષ્ઠણવંશી પાશ્ચાત્ય ક્ષત્રપો (૩) અને મથુરાપતિ રાજુવુલ ક્ષહરાટ–આ ત્રણ વંશના ભૂપતિઓ મુખ્ય પણે ગણી શકાય. આ સર્વ રાજવીઓ હિંદની બહારથી આવેલ છે. તેમાં ક્ષહરાટોનું વતન કંબોજ દેશ જેને હાલ અફઘાનિસ્તાન કહે છે તે હતું; પાશ્ચાત્ય ક્ષત્રપોનું મધ્ય એશિયા કે જ્યાં તાસ્કંદ સમરકંદ નામે શહેરો અને ઓકસીસ ( xerses ) નદી તથા એરલ સરોવર આવેલાં છે તે પ્રદેશમાં હતું; અને મથુરાપતિ ક્ષહરાટો, ઉપરોક્ત નહપાણ ક્ષહરાટની જાતિના હોઇ તેમનું વતન પણ અફઘાનિસ્થાનમાં હતું. તેમજ શકારિ વિક્રમાદિત્યના પિતા રાજા ગંધર્વસેન ગર્દભીલ સામે યુદ્ધ ખેલનાર શકલોકો, મૂળે ઇરાન અને બલુચિસ્તાનની સરહદ વચ્ચે આવેલ શિસ્તાનના વતની હતા. આ સર્વ અવંતિપતિ અને મથુરાપતિઓએ પડાવેલ અનેક સિક્કાઓ તેમજ તેમણે કોતરાવેલ ઘણાએ શિલાલેખો, ઐતિહાસિક નક્કર પ્રમાણ બતાવતા હવે તો મળી રહેલ છે. પ્રથમ આપણે તેમના શિલાલેખોમાંની હકીકત તપાસીએ.

તેમાંની વસ્તુ ( દાન સંબંધી તેમજ અન્ય વર્ણવેલી હકીકત ) તપાસતાં તેઓ જૈનધર્મ પાળતા હોવાનું વિદ્વાનોએ* જણાવેલ છે. વળી તેમના વતનમાં આવેલ પર્વતો–ગુફાઓમાં જે શિલ્પો મળી આવેલ છે તે પણ કોઇને કોઇરીતે જૈન સાહિત્યમાં વર્ણવેલી કથાઓની સત્યતા પુરવાર કરતા દેખાય છે. દાખલા તરીકે મધ્ય એશિયાવાળા પાર્વતીય પ્રદેશમાંની એક ગુફામાં જૈનધર્મના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથપ્રભુ અને કમઠ તાપસના પ્રસંગ દર્શાવતું દશ્ય કોતરાયલ છે. બીજી બાજુ શક પ્રજાને આમંત્રવા જૈનમુનિ કાલિકાચાર્ય જે પારસકૂલ+ ગયા હતા તે કાંઈ એમને એમ અજાણપણે તો નહીંજ ગયા હોય ? તેમાં કોઇક રહસ્ય તો હોવું જોઇએ. સંભવ છે કે, તે શક પ્રજાને જૈનધર્મ પ્રત્યે અનુરાગ હોવાનું કલિકાચાર્યની જાણમાં હોય એમ માની શકાય. ભલે તેવી નોંધ સાહિત્યગ્રંથમાં જળવાયલ ન હોય એટલે તેને માત્ર અનુમાનજ લેખવું પડે છે. છતાં તે શકપ્રજાના વંશજ સરદાર ઋષભદત્ત કે જે ઉપર દર્શાવેલ અવંતિપતિ ક્ષહરાટ નહપાણનો જમાઇ થવા ઉપરાંત તેના જમણા હાથ સમાન હતો તેણે કોતરાવેલ ઘણા લેખો છે. તેના ઉકેલથી તો સ્પષ્ટ થઈ શકે છે કે, આ શકપ્રજા જૈનધર્મ પ્રત્યે અભિરૂચી ધરાવતી હતી. વળી પાર્શ્વનાથ ભગવાનની પાંચમી પાટે થયેલ રત્નપ્રભસૂરિએ જે પ્રજાને લાખોની સંખ્યામાં જૈનધર્મ પમાડી વર્તમાન જોધપુર રાજ્યની હદમાં આવેલ ઓશિયા નગરી અને ભિન્નમાલ શહેરો વસાવ્યાં હતાં, તે પણ આ શક અને ક્ષહરાટ પ્રજાજ હતી. તેમજ ઉપર જણાવેલ ચષ્ઠણ મહાક્ષત્રપના પૌત્ર રૂદ્રદામને ગિરનાર–ઉજ્જયંત પર્વતની તળેટીમાં જુનાગઢ (ગિરિનગર) પાસે સમ્રાટ પ્રિયદર્શીના શિલાલેખવાળા પત્થર ઉપરજ પોતાનો લેખ કોતરાવ્યો છે. વિદ્વાનોએ જો કે આ શિલાલેખને રાજકીય મહત્ત્વ આપ્યું છે પરંતુ તે વંશના અન્ય ભૂપતિઓએ બીજા કેટલાએ શિલાલેખો કોતરાવ્યા છે, તે સર્વમાં આળેખેલી હકીકતથી જે દાન આપ્યાની નોંધો નીકળે છે તેના સ્વરૂપનો વિચાર કરી, પાશ્ચાત્ય નિષ્ણાતોએ× પણ તેને ધાર્મિક હોવાનું અને જૈનધર્મને લગતું હોવાનું કબૂલ્યું છે. વળી આ બધાં લેખવાળા સ્થાનોનો જો

---

* ડો. રેપ્સનકૃત Coins of Andhra Dynasty માંના શિલાલેખો જુઓ. તેમાંના ઘણાખરા ઉપયોગી શિલાલેખો અમે પ્રગટ કરનાર પુસ્તકમાં ઉતાર્યા છે.

\+ પારસકૂલ [ પારસ=ફારસ ( અપભ્રંશ ) એટલે ઇરાન, અને કૂલ=કાંઠો ]= ઇરાની અખાતનો કાંઠો.

× ઉપરનું ડો. રેપ્સનના પુસ્તકવાળું ટિપ્પણ જુઓ.

અભ્યાસ કરીએ તો તે સર્વ જૈન તીર્થધામો હોવાનું શંકારહિત કહી શકાય તેમ છે. આ પ્રમાણે આ સર્વ શિલાલેખોની રજુઆતથી પ્રતીત થાય છે કે આ પરદેશી રાજવંશીઓ તેમની જન્મભૂમિમાં જેમ જૈનધર્મ તરફ ઢળેલા હતા, તેમ હિંદમાં આવીને પણ તેઓએ તે ધર્મની પ્રભાવના વધારવામાં પોતાનો હિસ્સો પૂરાવ્યો હતો. આ તો શિલાલેખી પુરાવાની વાતો થઇ.

૪. હવે તેમના સિક્કાઓની હકીકત તપાસીએ. ઉપરોક્ત ક્ષહરાટ-વંશીઓના અને ચષ્ઠણવંશીઓના સિક્કાઓ તો અસંખ્ય પ્રમાણમાં જડી આવેલ છે. તે ઉપરનાં સર્વ ચિન્હોનો ઉકેલ અને ડો. રેપ્શન તથા પંડિત જાયસ્વાલજી જેવા નિષ્ણાત ગણાતા સિક્કાશાસ્ત્રીએ તેમના ઉઠાવેલ અર્થ, શિલાલેખોની પેઠેજ, તેઓ—આ રાજવંશીઓ—જૈનધર્મ પ્રત્યે અભીરૂચિ ધરાવતા હતા—તે હકીકતને પુષ્ટિ આપી રહ્યો છે. આ સર્વ સિક્કા ચિન્હોનું તથા કોતરાવેલ અક્ષરોનું સંપૂર્ણ ખ્યાન બીન અભ્યાસીથી પણ સહજમાં સમજી શકાય તેવી રીતે, અમે પ્રગટ કરેલ (ઉપરમાં પૃ. ૪ જુઓ) ઉપરોક્ત પુસ્તકોમાં આપેલ છે. એટલે અત્ર લંબાણ કરવું બીન આવશ્યક ગણાશે. સારાંશ એ થયો કે શિલાલેખ અને સિક્કા જેવા અકાટ્ય અને અભેદ્ય પુરાવાથી—ઐતિહાસિક પુરાવાથી—પણ પુરવાર થઇ શકે છે કે, પ્રાચીન સમયે મધ્ય એશિયાસુધી જૈનધર્મ ફેલાયો હતો. એટલુંજ નહિ પણ સિરિયા જેવા એશિયા માઇનર ( એશિયાઇ તુર્કસ્તાનના ) પ્રદેશમાં પણ જૈનધર્મીઓ મોટી સંખ્યામાં વસતા હતા. વળી હાલ જેને દૂર પૂર્વના દેશો એટલે ઇન્ડોનેશિયા કહેવાય છે ત્યાં વેર જૈનધર્મ ફેલાવવા પામ્યો હતો એમ ઇતિહાસવેત્તાઓ પણ હવે તો બાપોકાર જાહેર કરી રહ્યા છે.

કાંઇક લંબાણ થઇ ગયું કહેવાય છતાં પ્રથમ સાહિત્યિક પુરાવાથી જૈનધર્મની પ્રાચીનતાની જેમ સાબિતી અપાઇ હતી તેમ ઐતિહાસિક પ્રમાણોથી સાબિત કરી આપવાની જરૂરીઆત દેખાતી હતીજ અને તેમ કરી આપ્યું છે. એટલે હવે વાચક વર્ગની ખાત્રી થઇ ગઇ ગણાશે કે જૈનધર્મ જૂનામાં જૂનો છે તેમ તેનો વિસ્તાર પણ અતિ મોટા પ્રમાણમાં થયેલ હતો. સાથે સાથે એ પણ બતાવી આપેલ છે કે, અસલનો જૈનધર્મ તેના અહિંસાના ખરા સ્વરૂપને લીધે એવી તાકાતથી સભર હતો કે તેને અપનાવવાને સર્વ પ્રદેશવાસીઓ—હિંદી તેમજ અહિંદી—ઇંતેજારી ધરાવતા હતા. આ વસ્તુસ્થિતિ જોતાં તેના અનુયાયીઓની સંખ્યા તે કાળે કરોડોની હોવાનું માનવાને જરાએ ક્ષોભ ધરાવવો રહેતો નથી.

## ત્યારે જૈન શબ્દનું મહત્ત્વ શું થયું હતું ? ને તે ક્યારે?

૫. સાહિત્યિક અને ઐતિહાસિક પુરાવાના આધારે ઉપર જણાવ્યા પ્રમાણે જિન ના મતને અનુસરનારાઓ તો પૂર્વે-કહો કે પ્રિયદર્શીના સમયે અને તે પછીના પણ છ સેક વર્ષ સુધી-એટલે કે ચષ્ઠણ વંશના અંત સુધી કરોડોની સંખ્યામાં હતા. જ્યારે અત્યારે કેવળ દસેક લાખ લેખાય તેટલી નજીવી સંખ્યામાં તેઓ આવી પડયા છે. તેનું કારણ શું ? પ્રથમ તો **राजा कालस्य कारणम्** તે ઐતિહાસિક સત્ય જ સૂચવે છે કે, ચષ્ઠણ વંશની સમાપ્તિ આણનાર અને અવંતિના સમ્રાટ તરીકે હિંદ ભરના ચક્રવર્તી બની રહેલ ગુપ્તવંશી ભૂપતિઓના સમયથી તે સ્થિતિ કદાચ પલટાવા માંડેલ હોય, અને આ કથનને ગુપ્તવંશી સમ્રાટોના અમલથી લગભગ અપ્રતિહત પ્રવાહમાં પ્રાપ્ત થતો ભારતીય ઇતિહાસ સમર્થન પણ આપે છે. વળી તેમના આગમન પછીના લગભગ છ સૈકા સુધી-એટલે વિક્રમ-ની અગિયારમી સદીના પ્રારંભ સુધી હિંદ ઉપર અનેક દિશાએથી રાજકીય, ધાર્મિક, સામાજીક આક્રમણો થયાં હોઇને તે તે ક્ષેત્રમાં ક્રાંતિરૂપે પરિણમ્યાં છે. એટલે તેની પ્રબળ અસર આ જૈનધર્મને પણ થાય તે સ્વાભાવિક છે જ. આ સ્થળે તેનું વિવેચન કરવાની આવશ્યકતા નથી તેમ વળી તે સઘળા અભ્યાસીઓને સુવિદિત પણ છે. છતાં સ્થિતિની વાકેફગિરિ હોય તો તેનો ખરો ઈલાજ શોધવામાં ભૂલ ન થાય તે માટે સંક્ષિપ્તમાં જણાવવાનું કે, રાજકીય આક્રમણમાં-આખાયે પશ્ચિમ હિંદ ઉપર ઠેઠ ઉત્તરથી દક્ષિણ સુધી, મુસ્લિમ પ્રજાઓના હલ્લા થવાથી, હિંદુ અને ક્ષત્રિયો એટલે રાજપૂતોમાં અનેક ભેદો ઊભા થયા હતા. તેમ ધાર્મિક આક્રમણમાં-ભગવાન શંકરાચાર્ય જેવા સમર્થ ધર્મોપદેશકના ઉત્પન્ન થવાથી તથા મધ્ય હિંદમાંના અવંતિ અને ગ્વાલિયર જેવા સામ્રાજ્યની ગાદી ઉપર તેમના અનુયાયી ભક્ત લેખાતા ભોજનામધારી અનેક રાજવીઓ થવાથી, તેમજ કુમારિલભટ્ટ, ગોવિંદદાસ અને મંડનમિશ્ર તથા બાણુ, મયૂર, ભવભૂતિ અને વાચસ્પતિ જેવા અનેક મહા પંડિતોના પ્રચાર કાર્યથી, ધાર્મિક ક્રાંતિની જબરજસ્ત અસર થવા પામી હતી અને તેનું પરિણામ સામાજીક બંધારણ ઉપર આમ પ્રજાના અરસપરસના નિકટ સંપર્કથી થવા પામે તે સહજ સમજી શકાય તેવું છે. અને તે ઉત્તર, પૂર્વ તથા દક્ષિણ હિંદમાં વિશેષ થવા પામી હતી. આ પ્રમાણે ત્રણે ક્ષેત્રે (રાજકીય, ધાર્મિક અને સામાજીક) થયેલ ક્રાંતિનું પરિણામ એ આવ્યું કે, જે ઉદાત્ત ભાવના जिन અને जैन શબ્દની સાથે તેના, અહિંસા, સત્ય, અચૌર્ય, વૈરાગ્ય અને બ્રહ્મચર્યના પાંચ યમોના ખરા

સ્વરૂપમાં પ્રથમથી સંકળાયલી હતી, તે શિથિલ બની અને આખાયે ભારતવર્ષમાં, જાતિ, વર્ણ, અને સામાજીક બંધનોને સ્થાને, ધર્મનાં વર્તુલો—વાડાઓ બંધાવાના ગણેશ મંડાયા. આયંદે "કોમ" નામે સંસ્થા અસ્તિત્વમાં—જોરમાં આવી. આ સંક્રાતિકાળ ( Transitional period ) ઢીલો પોચો લગભગ ચારેક સૈકાં સુધી ચાલ્યો. પછી તો તેણે પણ મજબૂત પગદંડો જમાવ્યો. ક્રમાનુક્રમે કોમીવાડાઓમાં પાછા પેટા વિભાગો પણ ઊઘડવા મંડયા. આખરે સારીએ સ્થિતિ કઈ કક્ષાએ આવીને ઉભી રહી છે તે આપણે સર્વે નજરો નજર અત્યારે નિહાળી રહ્યા છીએ.

## હવે તો "જૈન" શબ્દ માત્ર "કોમ" રૂપે જ ઓળખાવા માંડયો છે.

૬. ઉપરના પારિગ્રાફમાં વર્ણવેલી ત્રિપક્ષી ક્રાંતિ ઉપરાંત, અન્ય કેટલીક આપત્તિઓમાંથી પણ જૈનધર્મને પસાર થવું પડયું છે. તે અત્રેના એ—છ અને સાત—પારાથી સમજાશે. સામાન્ય નિયમ એવો છે કે, કોઇ પણ જાતની ક્રાંતિ થવા પામે ત્યારે તેમાં હિંસાનો અંશ હોય, હોય ને હોય જ. માત્ર તેના પ્રમાણનો હિસ્સો તે તે પ્રકારના મુખ્ય ક્રાંતિકારના માનસ ઉપર આધાર રાખે છે. ઉપર જણાવેલ સઘળી ક્રાંતિની ફળશ્રુતિ તરીકે જિન ના પ્રાણભૂત-ગોળથૂથીમાં પીધેલી, અરે કહો કે કરોડ રજ્જુ સમાન, જે અહિંસા હતી. તે મનુષ્ય જીવનના સઘળા વ્યવહારમાંથી અદશ્ય થવા પામી અને તેની ભાવનાએ કોમીરૂપ ધારણ કરતાં જૈનોને 'વણિક કોમ' તરીકે ઓળખવા માંડી. હિંદુસ્તાનની સરકાર જૈનધર્મ પાળનારાઓને એક જુદી કોમ જ લેખે છે. જો કે સામાન્ય રીતે સઘળા જૈનો વણિકો મનાય છે, છતાં જૈન ધર્મના અનુયાયીઓમાં વણિકો ઉપરાંત ભાવસાર, ક્ષત્રિય, કણબી, પારસી વિગેરે જ્ઞાતિજનો ભળેલા છે અને તેઓ બધા જૈન કોમમાં ગણાય છે. આ રીતે જૈન શબ્દના ઉચ્ચારણ માત્રથી, તેના અનુયાયી વિશે સાંભળનારના હૃદયમાં જે ઉદાત્ત ભાવનાની કલ્પના અંકિત થતી હતી, તેને બદલે હવે તે શબ્દમાત્ર સાંપ્રદાયિક વ્યક્તિ જ લેખાતો રહ્યો છે. પરિણામે અબજો કે કરોડોની સંખ્યામાં જૈનોની જે સંખ્યા ગણાતી હતી, તે સ્વાભાવિક રીતે હવે તદ્દન પરિમિત સંખ્યામાં જ ગણાતી થઇ ગઇ છે. આ પરિમિત સંખ્યા અત્યારે તો 'લાખ' ના આંકડાથી જ લેખાતી રહી છે. કયાં એક વખતની અબજ કે અડધા અબજ એટલે ચાલીશ—પચાસ કરોડ જેટલી જૈનની વસતી અને કયાં અત્યારની કેવળ દશ—બાર લાખે લેખાતી જૈન વસતી? કેવું ગજબનાક પરિવર્તન?

કરોડોમાંથી લાખ ઉપર કેમ જૈન પ્રજા લેખાતી થઇ તે હકીકત ઉપરમાં જોઈ ગયા છીએ. આટલું આટલું ગંભીર પરિણામ આવ્યાં છતાંએ ત્યાં આગળ જ વાત અટકી નથી રહી. હિંદી સરકારે ઇ. સ. ૧૯૦૧=વિક્રમ સં. ૧૯૫૭ માં કરેલ વસ્તીપત્રક પ્રમાણે જૈનોની સંખ્યા કેવળ ૧૩ લાખની જ હતી. અને તે પણ ઉત્તરોત્તર ઘટતી છેલ્લી ઇ. સ. ૧૯૪૧=વિ. સં. ૧૯૯૭ માં કરેલ ગણત્રીએ તો તે માત્ર ૧૦ લાખે જ આવી ઊભી રહી છે. સમસ્ત હિંદની વસતી વધતી જાય છે ત્યારે, જૈનકોમની સંખ્યા ઉલટી ઘટતી જાય છે. આનું કારણ તપાસતાં નીચે પ્રમાણે સ્થિતિ તરી આવે છે.

પૂર્વે જેમ બધા વર્ણો જૈનધર્મ પાળતા હતા તેમ અત્યારે પણ સર્વ વર્ણો તે ધર્મ પાળી શકે છે. છતાં જૈન વસતી ઘટતી જાય છે તો સ્પષ્ટ થાય છે કે જૈનો કોઇ પણ કારણથી સ્વધર્મનો ત્યાગ કરીને પરધર્મમાં જતા રહેતા હોવા જોઇએ અને તેમ થવાનાં કારણો ઘણાં ગંભીર હોવાં જોઇએ. કેટલાકો દેશભેદે કરીને જૈનધર્મને વીસરી ગયા છે; કેટલાકો જૈનધર્મનાં મહત્ત્વ તથા ઉપદેશને વર્ષોથી નહી સાંભળવાથી સ્વધર્મને ભૂલી ગયા છે, કેટલાક કાંઇકાંઇ સામાજીક બંધારણો અને ગૂંચવણોને પરિણામે જૈનધર્મનો ત્યાગ કરી ગયા છે. છતાં દેશમાં એક એવો વર્ગ પણ જૈનધર્મને છોડી ગયો છે અથવા છોડી જવા જેટલી હદસુધી ઉદાસીન બની ગયો છે, કે જે જૈનધર્મના પ્રકાશને જોઈ શક્યો નથી; જોવાને તત્પર હોવા છતાં તે પ્રકાશ તેને બતાવાયો નથી અને સ્વયમેવ પ્રકાશ ગ્રહણ કરવાને આતુર હોવા છતાં તે પ્રકાશનાં સાધનો તેની પાસે નથી. જેઓ ક્ષુદ્ર કારણોને લીધે જૈનધર્મને છોડી ગયા છે તેમને ક્ષુદ્ર પ્રયાસથી પુનઃ જૈનધર્મના રસિક બનાવી શકાય. સમાજ અને સાધુઓની થોડી જાગૃતિથી તેઓને પુનઃ જૈન સમાજમાં ભેળવી શકાય. પરંતુ પ્રકાશના દર્શન વિના નિરાશ બનેલાઓ એક વાર જાય છે તેઓ પુનઃ આવી શકતા નથી અને તેથી તેઓ અન્ય ધર્મમાં ભળે, તે જૈનધર્મને મોટી હાની થયેલી લેખાવી જોઇએ. આ હાની થતી અટકાવવા માટે જૈનધર્મ ઉપર પૂરતો પ્રકાશ પાડનારાં સાધનો આ જાગૃતિના સમયમાં જૈનકોમ પાસે હોવાં જોઇએ છે.

૭. બીજી સ્થિતિ એ છે કે—મનુષ્યો પોતાના સામાજીક બંધારણોને જેમના તેમ ટકાવી રાખીને પણ જૈનધર્મને ગ્રહણ કરી શકે છે. પરંતુ અત્યારે તેમ થવામાં અનેક અંતરાયો ઉત્પન્ન થયાં છે. એક અંતરાય ઉપરમાં પહેલા પારિગ્રાફમાં ધી બનારસ હિંદુ યુનિવરસિટિના માનનીય

સરનશીનના શબ્દોમાં જણાવ્યા પ્રમાણે, જૈનધર્મ સંબંધી અન્ય ધર્મીઓએ ફેલાવેલી ખોટી લાગણી-ભ્રમણા ઉત્પન્ન થયેલ છે. અન્ય ધર્મીઓના નિર્માલ્ય આક્ષેપોથી **न गच्छेज्जिनमंदिरम्** જેવાં વાક્યો, તેઓનાં બોધ-વાક્યો તુલ્ય થઈ પડયાં છે. બીજું જૈનોની ખરી જીવદયાને ઊંધા સ્વરૂપમાં સમજાવીને તેને હાસ્યજનક ઠરાવવાનો યત્ન પણ કરવામાં આવે છે. ત્રીજું જૈનધર્મનાં ઊંચાં તત્ત્વોને અન્યથા સમજાવીને જૈનધર્મને નાસ્તિકધર્મ કહી વગોવવામાં આવે છે. ચોથું જૈનધર્મની અહિંસાવૃત્તિને-ખીલવણીને યુદ્ધ-કર્મોથી વિમુખ બનાવનારી માની, દેશનું સ્વાતંત્ર્ય ગુમાવવાનો દોષ તેને શિરે મૂકવામાં આવે છે. પાંચમું તેના અભક્ષ્યત્યાગના ઉપદેશને પ્રજાને નિર્બળ બનાવી દેવા માટે દૂષિત માનવામાં આવ્યો છે. વળી કેટલાકો તેથી પણ આગળ વધીને એમ પણ કહેવા મંડી પડયા છે, કે जैन तीर्थंकर શ્રી મહાવીર પોતે પણ માંસાહાર કરતા હતા. આ પ્રમાણે અન્ય ધર્મવાળાઓએ અને મતવાળાઓએ જૈનધર્મ સામે સંખ્યાબંધ આક્ષેપો કર્યા છે. આ સર્વ આક્ષેપો ભૂલભરેલાં હોવા છતાં આપણે તેમને દ્વેષમૂલક અને અપ્રમાણિક નહીં માનીએ. આપણે માનવું જોઇએ કે અજ્ઞાન અથવા અપૂર્ણ જ્ઞાનમાંથી એ આક્ષેપો જન્મ પામ્યા છે અને એ આક્ષેપોનું નિરસન કરવાનો યત્ન જૈનોએ થોડા ઘણા પ્રમાણમાં કર્યો છે પરંતુ તે ખરૂં નિરસન નથી. આક્ષેપ કરનારાઓનું જ અજ્ઞાન દૂર થાય, તેવાં સાધનો અને તેવું સાહિત્ય પ્રકાશમાં લાવવું, એ જ તેના નિરસનનો ખરો માર્ગ કહેવાય અને એ જ રીતે જૈનધર્મ ઉપર થતા અજ્ઞાનમૂલક આક્ષેપો બંધ થવા લાગે. એવા આક્ષેપોથી ખોટા માર્ગે દોરવાયલી પ્રજાને કેળવણીથી, ઉપદેશથી અને સાહિત્ય પ્રચારથી ખરા જ્ઞાનમાં લાવવી જોઇએ. કેળવણી આપવાનો વિષય રાજસત્તાનો હોઇ આપણી મર્યાદા બહારનો ગણાય. ઉપદેશ પ્રચારને માટે જૈનસાધુ સાધ્વીઓએ પોતાના વિહારનું ક્ષેત્ર વિસ્તારવું જોઇએ; તેમજ જૈનસમાજે ઉપદેશક ખાતાંઓની સ્થાપના કરી પતિત થયેલા પ્રજાવિભાગોને સન્માર્ગ તરફ વાળી તેમને જૈનધર્મના પ્રેમી બનાવવા જોઇએ.

૮. એક જૈનેતર વિદ્વાને મોટા મેળાવડામાં તાજેતરમાં ખરેખરૂં જ કહ્યું છે કે, " જૈનધર્મ શ્રેષ્ઠ છે, પ્રાચીન છે, આદર્શરૂપ છે, એમ સર્વ જણાએ માત્ર કહેવાથી કાંઇ ફાયદો હવે નથી. જગતના લોકોને આજે તો સાહિત્યની દરકાર છે. અતિ સુંદર ભાવે, સરળતા અને સત્યના સિદ્ધાંતો ઉપર પ્રગટાવેલ જ્ઞાનરૂપે ચારે તરફ પ્રકાશ નાંખે ત્યારે જ જૈનધર્મના મહાન સિદ્ધાંતો-અહિંસા, તપ, સંયમ અને આત્મવિકાસનો સાક્ષાત્કાર કરાવી શકાશે. જ્ઞાનના

દિવ્ય પ્રકાશ પાસે મંદિરો, મૂર્તિઓ, ક્રિયાઓ પાછળ વાપરેલી શક્તિઓ તો ગૌણુભાવને પ્રાપ્ત કરે છે. સત્ય, ક્ષમા, ઔદાર્ય, ત્યાગ, વૈરાગ્ય, વિવેક, શાંતિ, સંયમ, ઈંદ્રિય વિજય, નિરભિમાનતા વિગેરે પોતાના હૃદયમાં ઉતારાય તો યુદ્ધ, વિગ્રહ, મારફાડ, ઝેરવેર સૌ બંધ પડી જાય, જગતના લોકોનું પરમ કલ્યાણ થાય." પેલા મરાઠી જ્ઞાનકોશના કર્તા ડો. કેતકર તો એટલે સુધી કહે છે કે "સારી દુનિયાની સંસ્કૃતિને એક કરવામાં વિદ્યાકોશ ઘણું કામ કરી શકે છે. પણ તેવા જ્ઞાન પ્રચારના કાર્યમાં પ્રથમ જીજ્ઞાસાની વૃદ્ધિ કરવી જોઇએ." આવાજ મુદ્દાસર એક ધાર્મિક કોન્ફરન્સના પ્રમુખસ્થાનેથી રા. સા. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલે ઉદ્‌ઘોષણા* કરેલી કે "જ્ઞાનની તૃષ્ણાની વાત તો ખરી, પણ તેની પરિતૃપ્તિ માટે સાધનોની વિપુલતા જોઇએ. જૈનધર્મ જ એવો છે કે, જે જગતને વિશ્વશાંતિ અને વિશ્વઐક્યનો બોધપાઠ આપી શકે તેમજ સામાજિક, આર્થિક, નૈતિક અને રાજકીય વિષયોમાં સાચી દોરવણી આપી શકે." આ શબ્દો જૈનેતર વાચકો, કદાચ શેઠશ્રીની સ્વધર્મની પ્રશંસારૂપ લેખી વિશેષ મૂલ્યવાન ન પણ ગણે, પરંતુ વર્તમાનમાં સ્વ૦પૂ૦ મહાત્મા ગાંધીજીએ જ્યારે સંસારના સર્વે ક્ષેત્રોમાં અહિંસાનો ઉપાય અજમાવી, દરેક મુદ્દામાં તેના ભલભલા માંધાતાઓને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખ્યા છે ત્યારે તો તેમના વચનને આપણે અનુભવસિદ્ધની કોટિમાં જ મૂકવા રહે છે. અને સમ્રાટ પ્રિયદર્શીએ પણ પોતે ઊભા કરાવેલ સર્વ શિલાલેખોમાં પણ તેજ હકીકત ગાઇ બજાવીને ફળે રાખી છે.

એટલે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અગત્ય સાહિત્ય પ્રચારની છે. આવા સાહિત્ય પ્રચાર માટે પ્રાચીન ગ્રંથો અને સૂત્રોનો ઉદ્ધાર કરવાને ઘણું કરવું રહે છે. સાથે સાથે સદ્‌ગત ભિક્ષુક અખંડાનંદજી સ્થાપિત 'सस्तुं साहित्य मंडळ' અને ઉત્તર હિંદના ગોરખપુર ગામવાળી 'कल्याण' સંસ્થા, જે રીતીએ સાહિત્ય બહાર પાડી રહ્યું છે, તેમાં ઘટતા સુધારા સાથે વિશાળ પ્રમાણમાં અને સસ્તી કિંમતે નવું જૈન સાહિત્ય પણ ઉત્પન્ન કરવાની જરૂર છે. જૈનેતર પ્રજાને ઉપયોગી થઈ પડે એ પ્રકારનું સાહિત્ય અધુના તો બહું જ થોડું છે. વળી જૈનેતર પ્રજા જૈનધર્મનાં મૂળ તત્ત્વોથી પણ બહુ અંશે અજ્ઞાન રહેવા પામી છે, તેનું એક મુખ્ય કારણ એ પ્રકારનાં સાહિત્યનો અભાવ જ છે. હિંદની જુદી જુદી ભાષાઓનાં સાહિત્યમાં, જૈનધર્મ ઉપર પ્રકાશ પાડનારૂં કે તેની વિશિષ્ટ માહિતી આપનારૂં એવું સાહિત્ય થોડું જ છે, કે જે જૈનેતર પ્રજાને ઉપયોગી થઈ પડે. આ પ્રમાણે જૈન તેમજ જૈનેતર પ્રજાને જૈનધર્મ સંબંધી

* જુઓ પ્રબુદ્ધ જૈન ૧-૩-૪૫ પૃ. ૧૦૪

માહિતી આપનારાં નવા જમાનાને અનુકૂળ થઇ પડે તેવાં સાહિત્યની જરૂરછે અને તેથી સાહિત્યના ઉદ્ધારની સાથે સાથેજ આ કાર્ય પણ થવું જોઇએ છે. ( તે માટે અમારી યોજનાની જુદી પત્રિકા છે તે મંગાવી લેવા વિનંતિ છે. )

**જૈન પરિભાષાની ગૂઢતા**

૯. હિંદના અન્ય ધર્મની પેઠે જૈનધર્મની પરિભાષા પણ કેટલીક વિશિષ્ટતાવાળી છે. અને તે વિશિષ્ટતા જૈનધર્મ, તેનાં તત્ત્વો, તેના મહાપુરૂષોનાં જીવન, જૈન સમાજની ચાલ-રીતિ ઇત્યાદિને અવલંબી રહેલ છે. આથી જૈન ધર્મની માહિતી, તેનાં તત્ત્વો તથા તેનાં સાહિત્ય અને સર્વ જૈન વાઙ્મયમાં આગળ વધવા માંગનાર જૈનો અને જૈનેતરોને તેની પરિભાષા સમજવાની મોટી જરૂર ગણાય. તે માટે અત્યાર સુધીમાં જોકે એ ચાર માગધીભાષાના શબ્દકોશ કે પ્રચલિત જૈન પરિભાષાના કોષ બહાર પડી ગયા છે; પરંતુ એકલા શબ્દકોષમાંથી જ જૈનધર્મ સંબંધી સંપૂર્ણ માહિતી મેળવી શકાય નહિ. વળી જૈનધર્મનું એક પ્રાચીન કે અર્વાચીન પુસ્તક વાંચતાં, એવા કેટલાક શબ્દો આવે છે કે જેના અર્થો ભલે કોશમાંથી મળી શકે; પરંતુ કેટલાક તો એવા શબ્દો મળી આવે છે કે જેશબ્દકોષમાંથી મળી શકે નહીં અને જેના સંબંધમાં વિશેષ માહિતી મેળવ્યા વિના વાચકને પૂર્ણ સંતોષ કે આનંદ થાય નહી. જૈન તેમજ જૈનેતરને-ઉભયવર્ગને એ અધૂરી સમજને લીધે જૈન સાહિત્ય અગમ્ય જેવું થઈ પડયું છે અને થઈ પડવાનો સંભવ છે. જૈનધર્મ પ્રત્યેનો ઉદાસીન ભાવ પણ એ અગમ્યતાનું જ સીધું પરિણામ છે. પ્રતિક્રમણ એટલે શું ? પ્રવચન માતા એ શું ? ગુણસ્થાનકનો અર્થ શો ? એ પ્રશ્નોનું નિરાકરણ કદાચ એક શબ્દકોશ કરી આપે, અથવા તો કોઇ વિદ્વાન શ્રાવકને કે જૈન સાધુને પૂછવાથી તેનો ખુલાસો મળી શકે. પરંતુ દરેક પ્રકારની અગમ્યતાને વખતે એવો યોગ મળી શકતો નથી અને શબ્દકોષ પૂરતો થઈ શકતો નથી. તેમ હરિભદ્રસૂરિ કોણ અને કેટલા હતા ? તક્ષશિલા નગરી કયાં આવી ? શબ્દ કલ્પદ્રુમ કોણે અને કયારે રચ્યો ? વૈતાઢય પર્વતનું સ્થાન કયું ? વસ્તુપાળ તેજપાળ અને હરિબળ મચ્છીના જીવનનો ઉપદેશ શું ? આવી આવી બાબતોના ખુલાસા, શબ્દકોષ કદી આપી શકે નહિ. અને પુરતા ખુલાસા વિના તે તે શબ્દોના પ્રયોગવાળા ગ્રંથનું વાચન, તેના વાચકને પૂરતી સમજ કે સંતોષ અથવા આનંદ આપી શકે પણ નહિ. તેટલા માટે જૈનધર્મ, સાહિત્ય, સમાજ, ઇતિહાસ, ભૂગોળ, પરિભાષા ઇત્યાદિના સર્વ શબ્દો અને વિષયોનું જેમ બને તેમ વધારે જ્ઞાન આપનારો ગ્રંથ, એ આ સમયની મોટામાં મોટી જરૂરિયાત છે.

૧૦. આ જરુરિયાત एनसाइक्लोपिडिया ब्रिटेनिका ની શૈલીને અનુસરીને એક જૈન મહાગ્રંથ તૈયાર કર્યો વિના પૂરી પડી શકે તેમ નથી અને તે પ્રકારનો ગ્રંથ તૈયાર કરવાના ઈરાદાથી, અમે કેટલુંક કાર્ય કરેલું છે. એ ગ્રંથનું નામ जैनज्ञान महोदधि એટલે एन्साइक्लोपिडिया जैनिका કે સર્વ કોઈને ઉપયોગી થતો હોઈ, પ્રથમ પારિગ્રાફમાં જણાવ્યા પ્રમાણે एन्साइक्लोपिडिया युनिवरसेलिस ( જો સંમતિ મળશે તો ) રાખવાનો, કિંવા વિદ્વાનોની સૂચના પ્રમાણે અન્ય કોઈ નામ રાખવાનો ઇરાદો છે. તે ગ્રંથમાં જૈનધર્મની અને તે ધર્મ સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક બાબત–નાની યા મોટી, રૂઢ શબ્દ કે દંતકથા, ઐતિહાસિક કે ભૌગોલિક, સાહિત્યવિષયિક કે પારિભાષિક–ની માહિતી–ખુલાસો જેટલા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શકે, તેટલા પ્રમાણમાં એકત્ર કરીને પ્રમાણપુરસ્સર આપવાનો ઇરાદો રાખ્યો છે.

આ મહાગ્રંથનો ઉદ્ભવ પાશ્ચાત્ય મહાગ્રંથોની શૈલીએજ થવાનો છે અને તેનાં કારણો પણ છે. સંસ્કૃત–પ્રાકૃતાદિ પ્રાચીન આર્યભાષાઓમાં એન્સાઇક્લોપિડિયા જેવો ગ્રંથ લખાયલો જોવામાં આવતો નથી. પરંતુ પશ્ચિમના દેશોમાં, સર્વ વિષયોનું જ્ઞાન આપનારા ગ્રંથો, ઘણા જૂના વખતથી લખાતા આવ્યા હોય એવું માલૂમ પડયું છે. એન્સાક્લોપિડિયાની ખરી વ્યાખ્યા[૧] "જ્ઞાનની સર્વ શાખાઓની માહિતીઓનો સંપૂર્ણ સંગ્રહ." એવો કરાય છે.

યુરોપમાં જૂનામાં જૂની એન્સાઇકલોપિડિયા, ગ્રીક વિદ્વાન પ્લીનીની કહેવાય છે; જેણે ૩૭ ગ્રંથોમાં ૨૦,૦૦૦ બાબતોની માહિતી આપી છે. તેણે ૧૦૦ ગ્રંથકારોએ લખેલા ૨૦૦૦ ગ્રંથોમાંથી એ સંગ્રહ કર્યો હતો. ૧૫૩૬ સુધીમાં તે ગ્રંથની ૪૩ આવૃત્તિઓ છપાઇને પ્રસિદ્ધ થઇ હતી. આર્યાવર્તના પ્રાચીન સાહિત્યમાં આ પ્રકારના સંગ્રહો નથી. પરંતુ હાલના સમયને માટે એવા સંગ્રહોની આવશ્યકતા જણાય, તો પશ્ચિમના અનુકરણરૂપે પણ એ તૈયાર કરવા તે ઘણું મહત્વનું કાર્ય છે. અંગ્રેજી ભાષામાં એન્સાઇકલોપિડિયા બ્રિટેનિકા નામનો મહાભારત ગ્રંથ, ૧૭૭૧માં ( વિક્રમ સં. ૧૮૨૭ માં ) પહેલવહેલો પ્રસિદ્ધ થયો હતો. અમેરિકામાં "એન્સાઇકલોપિડિયા અમેરીકા" ના નામનો ગ્રંથ પહેલવહેલો ૧૮૩૦ ( વિ. સં. ૧૮૮૬ )માં પ્રસિદ્ધ થયો

---

૧ The idea seems to a complete course of instuetion in all parts of knowledge Enc. Brit.

હતો. ગુજરાતી, મરાઠી અને બંગાળી ભાષામાં પણ તેને કાંઇક મળતા ગ્રંથો-ની રચના થઈ છે. જો કે ગુજરાતી ભાષામાં થયેલો એવો પ્રયત્ન પહેલવહેલો જ હોવાથી ઉત્તેજનને પાત્ર હોવા છતાં મુશ્કેલીસ છે, ખામીવાળો છે અને નિરાશા ઉત્પન્ન કરે તેવો છે. પશ્ચિમના દેશોમાં એવા ગ્રંથો તૈયાર કરવાને જે ભારે પરિશ્રમ ઉઠાવવામાં આવે છે, તેવોજ પરિશ્રમ ઉઠાવી જૈનધર્મને લગતી સર્વ માહિતીથી ભરપૂર ગ્રંથ તૈયાર કરવામાં આવે તે અગત્યનું છે અને જમાનાની એ ખરેખરી જરૂરિયાત છે. જોકે અત્રે નામ તો માત્ર જૈન ધર્મનુંજ અપાય છે પણ તે સમસ્ત વિશ્વને કેવી રીતે ઉપયોગી થાય તેમ છે, તે આ પુસ્તિકામાં અગાઉ જણાવી દીધું છે તે પ્રમાણે, આ ગ્રંથ એક અદ્વિતીય સંગ્રહ થાય એવી અમારી અભિલાષા છે. તે અભિલાષા પાર પાડવામાં વિદ્વાનો સહાયભૂત થશે એવી આશા રાખીએ છીએ.

## ગ્રંથરચનાનું દિગ્દર્શન

૧૧. આ ગ્રંથની રચનાની શરૂઆત, આજથી લગભગ ચાળીસ વર્ષ અગાઉ અમે અમારી જાતે કરી હતી. તે વખતે આવો મહાગ્રંથ તૈયાર કરવાની ધારણા–સ્વપ્ન પણ નહોતું. ધર્મકાર્ય કરવાને નિયમીત રીતે જે કાંઇ ફુરસદનો વખત મળી શકતો, તેનો ઉપયોગ જૈનધર્મના ગ્રંથો–સૂત્રો–રાસાઓ વિગેરેનો અભ્યાસ કરવામાં અમે કરતા અને ત્યારે તેમાં આવતા શબ્દો સમજવામાં જે કાંઇ ક્લિષ્ટતા પડતી, તેનું ટિપ્પણ કરી રાખીને અવકાશે કોઇ જૈન મુનિરાજને મળી તેનો ખુલાસો મેળવતા. આવા ખુલાસા તુરત લખી લેવામાં અમને આનંદ મળતો. કાળક્રમે આ સંગ્રહ મોટોને મોટો થતો ચાલ્યો અને પછી આ પ્રકારના શબ્દોના ખુલાસાઓનો મોટો સંગ્રહ પુસ્તકાકારે તૈયાર હોય તો કેવું સારૂં ? એવો એક અભિલાષ મનમાં ઉત્પન્ન થયો. એ અભિલાષને એક કુદરતી પ્રેરણાથી ટેકો મળ્યો અને આ મહાગ્રંથ-ની રૂપરેખાઓ તૈયાર કરવા પાછળ અમે ચિત્ત પરોવ્યું. આ ગ્રંથના છેવટના રૂપમાં તો વર્ણાનુક્રમ પ્રમાણે સઘળા શબ્દોના ખુલાસા ગોઠવાય તે વધારે સારૂં ગણાશે, એવી અમારી ધારણા છે. પરંતુ હાલ તુરત કાર્યની સરળતા તથા કાર્ય કરનારની સગવડને માટે, સઘળા શબ્દોને પાંચ વિભાગો-માં વહેંચી નાખવામાં આવ્યા છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ઇતિહાસ (૩) ભૂગોળ (૪) પુસ્તક (૫) અને પરચુરણ કે જેમાં દંતકથાઓ તથા કથા-ઓમાં આવતા અને બીજા શબ્દોનો સમાવેશ થાય છે. આ પાંચે વિભાગોમાં જૈનધર્મ સાથે નજીકનો કે દૂરનો સંબંધ ધરાવતા સઘળા શબ્દો અને તે વિશેની ઉપલબ્ધ થતી સઘળી માહિતી, કેવળ પ્રમાણિત રૂપમાંજ એકત્ર

કરીને આપવામાં આવશે. આ માહિતી મેળવવામાં જ નહિ, પણ તે માહિતી માટેનાં સાધનો ને શોધતાં પણ અમને, અમારા માણસોને અને અમારા મિત્રોને ઘણો પરિશ્રમ વેઠવો પડયો છે અને ભવિષ્યમાં તે કરતાં પણ વધારે પરિશ્રમ વેઠવો પડશે, એ આવાં કાર્યોનો સ્વલ્પ પણ અનુભવ ધરાવનારા વિદ્વાનોને સહજ લક્ષમાં આવશે. આવું કાર્ય અસાધારણ પરિશ્રમ લીધા વિના પાર પડી શકે જ નહીં, અને અમને એટલો સંતોષ છે કે, જેમ અમારો પરિશ્રમ વધશે તેમ ગ્રંથનું મહત્ત્વ પણ વધશે. જૂનાં છપાયલાં પુસ્તકો મેળવવામાં, હસ્તલિખિત ગ્રંથોનાં સંશોધનમાં, ગ્રંથભંડારો તપાસીને પ્રશસ્તિઓ એકત્ર કરવામાં, જૈન મંદિરોના શિલા લેખોની પ્રતિઓ ઊતરાવવામાં, જૈનતીર્થોની જૂની અને નવી સર્વ પ્રકારની માહિતી મેળવવામાં અને છેલ્લે છેલ્લે એ સર્વ કાર્યોને માટે જુદા જુદા સ્વભાવના જૈનબંધુઓ, ધર્મભોળા મનુષ્યો, ગ્રંથભંડારો બતાવવાથી પોતાનું બહુ મૂલ્ય દ્રવ્ય હરાઇ જવાની ભીતિવાળાઓ, અમારા ઉદ્દેશને નહીં સમજવાથી, ભય અને શંકાની નજરથી જોનારાંઓ, વિગેરે વિગેરેના પરિચયમાં આવીને, તેમની કૃપા મેળવી, અમારા કામનો માર્ગ નિષ્કંટક કરવામાં અમને જે કાંઇ પરિશ્રમ લેવો પડયો છે, તેનો બદલો આ ગ્રંથ પ્રકાશમાં આવવાથી મળવાના સંતોષ સિવાય બીજી કોઇ રીતે મળે તેમ નથી. આ સર્વ કાર્યોમાં, અનેક જૈન-મુનિઓએ અમને માર્ગદર્શન કરવાની, માહિતી એકત્ર કરવા માટે આગેવાનોને ભલામણ કરવાની, કેટલીક મુખોપમુખ ચાલી આવતી માહિતી પૂરી પાડવાની અને ચોક્કસ વિગતોને માટે અંગુલિનિર્દેશ કરવાની કૃપા દર્શાવી છે; અને તેથી અમારા પરિશ્રમના પ્રમાણમાં સારૂં ફળ મળેલું અમે માનીએ છીએ.

## વિભાગોનું સ્પષ્ટીકરણ

૧૨. સઘળા શબ્દોને પાંચ વિભાગોમાં વહેંચી નાંખવામાં આવ્યા છે પણ એ સર્વ વિભાગોનું સારું જ્ઞાન એકજ વ્યક્તિમાં હોવાનું સંભવિત નહી હોવાથી, પૃથક્ પૃથક્ વિષયોનું જ્ઞાન ધરાવનારા, પૃથક્ પૃથક્ વિદ્વાનો આ સંગ્રહને માટે મેળવવામાં આવ્યા છે. તેમજ હજુ બીજા વિદ્વાનો મેળવવાનો પ્રયાસ ચાલુ છે. એ વિદ્વાનો જેમ બને તેમ નિર્દોષ, ખામી રહિત અને સંપૂર્ણ વિગતો મેળવવાનો યત્ન કરશે; અને નિશ્ચિત કરવામાં આવેલી મુખ્ય રૂપરેખાને અનુસરીને સઘળા લેખો તૈયાર કરશે. છતાં **निर्दोष एकोजिनः** એ કથન પ્રમાણે, એ લેખોમાં કેવળ નિર્દોષતાનો સંભવ નહી હોવાથી, વિદ્વાનબંધુઓએ

કાર્ય પ્રણાલિમાં અથવા બીજી કોઇ દિશામાં, સૂચના કરશે તે શક્ય પ્રમાણમાં આભાર સાથે ગ્રહણ કરવામાં આવશે. પાંચ વિભાગ આ પ્રમાણે છે.

(૧) જેટલા જૈન પારિભાષિક તથા રૂઢ શબ્દો હોય તેનો સમાવેશ દ્રવ્યાનુયોગના મથાળામાં કરવામાં આવ્યો છે. તેવા શબ્દોનું મૂળધાતુ સિદ્ધ સ્વરૂપ, વ્યુત્પત્તિ, વ્યુત્પત્યર્થ, રૂઢાર્થ, તેનો પૃથક્ પૃથક્ સમયે થયેલો ઉપયોગ અને તદ્દવિષયક ઓછો-વધતો ઇતિહાસ, જે કાંઇ મેળવી શકાયો હોય તે સઘળું, એ પ્રત્યેક શબ્દ નીચે આપવામાં આવશે. થોડા શબ્દો—અનન્તક, અનવસ્થાપ્ય, અનુપલબ્ધિ, અભિનિષદ્યા, અયન, અસ્વાધ્યાય, અણુવ્રત, આલોચના, અપકાય, આહાર, અભિનિબોધિક, આચાર્ય, પલ્યોપમ, લેશ્યા, સચિત, રાહુ ઇ. ઈ.

(૨) ઇતિહાસના વિભાગમાં શ્રીમન્ ભગવાન મહાવીરના સમયથી માંડીને હાલના સમય સુધીમાં થયેલ સર્વ આચાર્યો, રાજામહારાજાઓ વગેરેનો સંવત સાથે ઉપલબ્ધ થતો વૃતાન્ત આપવામાં આવશે. બધા ગચ્છોની બની શકે તેટલી વંશાવળી વૃક્ષરૂપે અપાશે; તથા શિલાલેખો અને પ્રશસ્તિઓ પણ સંશોધન કરીને તૈયાર કરવામાં આવી છે. શૃંખલાબદ્ધ ઇતિહાસની જૈનસાહિત્યમાં મોટી ખામી છે, તેથી આ ગ્રંથનો આ વિભાગ તૈયાર કરવામાં પ્રાચીન ગ્રંથોના સંશોધન માટે મોટો શ્રમ લેવામાં આવ્યો છે અને હજુ તેથી પણ વધારે શ્રમ ઉઠાવવો પડશે એમ અમે માનીએ છીએ. થોડા શબ્દો—અંચલગચ્છ, અભયદેવસૂરિ, ધ્રુવસેન, નારચંદ્રસૂરિ, પાયચંદ-ગચ્છ, પેથડશાહ, માનતુંગ, માનદેવ, જ્ઞાનસાગર, મુનિસુંદર, વિમળશાહ, વલ્લુવર, રત્નપ્રભસૂરિ, જ્ઞાનવિમળ, દેવર્દ્ધિ, સિદ્ધસેન દિવાકર, હીરવિજય-સૂરિ, વિક્રમરાજા, પોહિની, હેમાભાઇ, મોતીશા, પ્રેમચંદ રાયચંદ, લાલભાઇ દલપતભાઇ, બાબુ ધનપતસિંહજી, બહાદુરસિંહજી સિંધી, નરશી નાથા, નરશી કેશવજી, જોરાવરમલજી, બદ્રીદાસજી, હેમાચાર્ય, કાલિકાચાર્ય, ચક્રેશ્વરસૂરિ, ધનપાળ પંડિત, સગરામસોની, આનંદઘનજી ઇ. ઇ.

(૩) ભૂગોળના વિભાગમાં જૈનધર્મ તથા સાહિત્ય સાથે સંબંધ ધરાવ-નાર પ્રત્યેક સ્થળ, ગામ, નગર, નદી, પર્વત, ગુફા, વન ઇ. સંબંધી વર્ણનનો સમાવેશ થાય છે. આમાંના ઉપયોગી સ્થળોના ફોટાગ્રાફો, રંગીન પ્લેટો, તેને લગતા શિલાલેખો અને કારિગરી ઇત્યાદિનાં ચિત્રો પણ, ઉતારી લેવામાં આવ્યાં છે, જે સઘળાં આ મહાગ્રંથમાં આપવામાં આવશે. જૈન-ધર્મનો પ્રભાવ જ્યાં વર્તી રહ્યો હોય એવાં સ્થળોમાં કેટલા ઉપાશ્રયો,

ધર્મશાળાઓ, દહેરાસરો અને તેમની સ્થાપનાનો તથા અન્ય–પ્રાચીન અર્વાચીન–પ્રભાવિકતાનો ઇતિહાસ ઇ. સર્વ વિગતો, આ પ્રકરણમાં આવે છે, કે જેથી તે સ્થાનની મુલાકાતે જનારને એક સાચા ભોમિયા તરીકેની તે ગરજ સારી શકે. આ વિભાગ તૈયાર કરવાને અત્યાર સુધીમાં ઘણો શ્રમ ઉઠાવવામાં આવ્યો છે અને હજી પણ કેટલોક શ્રમ લેવાનો છે. આખા ભારતવર્ષમાં જ્યાં થોડી પણ જૈન વસતી માલૂમ પડે, ત્યાં ખાસ માણસ મોકલીને તત્સંબંધી અર્વાચીન તેમજ પ્રાચીન વિગત એકત્ર કરવી અને તેનો સમાવેશ આ વિભાગમાં કરવો, એ લક્ષ્યબિંદુ રાખવામાં આવ્યું છે. થોડાએક શબ્દો—જાઉર, જામનગર, જંબૂદ્વીપ, ઓંકારનગર, કંકાલી, ધારાનગરી, પાટણ, લંકા, ભદ્રેશ્વર, કંદબગિરિ, ઉજ્જૈન, વરકાણા, વલ્લભીપુર, માંડવગઢ, રામગિરિ, ચંપાપુરી, ગોધા, ખંભાત, મેરૂપર્વત, સુવર્ણગિરિ, ઓશિયાનગરી, પાટલીપુત્ર, કુસુમપુર ઇ. ઇ.

(૪) પુસ્તક વિભાગને માટે બની શકે તેટલાં જૂનાં પુસ્તકોની માહિતી વિદ્વાનો દ્વારા એકત્ર કરાવી લેવામાં આવી છે..જૂના ગણાતા સર્વ ગ્રંથભંડારો, જેવા કે જેસલમીર, પાટણ, લીંબડી, અમદાવાદ, વડોદરા, છાણી, ખંભાત, ભરૂચ, કોડાય(કચ્છ), ભાવનગર, મુંબઇ રોયલ એશિયાટિક સોસાઇટી, એલફીન્સ્ટન કોલેજ લાઈબ્રેરી, પૂનાનું ડો. સર ભાંડારકર ઇન્સ્ટીટયુટ, ડેક્કન કોલેજ લાઇબ્રેરી અને વર્તમાનકાળે વિહરમાન મોટા મોટા મુનિમહારાજાઓના ગ્રંથ ભંડારો; એ સર્વનું અવલોકન કરી તેમાંનાં પુસ્તકોની રચનાનો કાળ, રચનારનું નામ, રચનાનું સ્થળ, તે ઉપર ટીકા–અવચૂરિ–ટબ્બો ઇત્યાદિ અનેક આચાર્યોએ રચ્યાં હોય તો તેની માહિતી, ગ્રંથનો વિસ્તાર, તેનો વિષય, હસ્ત લિખિત (તાડપત્રીય કે કાગળની) કે મુદ્રિત ઇ. સઘળી હકીકત, ગ્રંથકારની પ્રશસ્તિના ઉતારા સાથે, આ વિભાગમાં સંગ્રહવામાં આવી છે. થોડાંએક પુસ્તકોનાં નામ :— વીતરાગાર્ણવ, વૃંદારવૃત્તિ, પંચાસક વૃત્તિ, વ્યાખ્યાન ચૂડામણિ, શતપદિકા, શાસ્ત્રસાર સમુચ્ચય, રતિકલ્પ, ષડ્દર્શન સમુચ્ચય, રત્નકોશ, શીલવતી રાસ, શંકર દિગ્વિજય, શાંતિનાથ ચરિત્ર, શ્રાદ્ધદિનકૃત્ય, રામચરિત્ર, વિવેકમંજરી, વસ્તુપાળપ્રબંધ, પિંડનિર્યુક્તિ, છંદ : શાસ્ત્ર, નવગ્રહ રાશિ વિચાર, કુમારપાળ પ્રતિબોધ, યોગબિંદુ, સન્મતિ તર્ક ઈ. ઇ.

(૫) ઉપર જણાવેલા ચાર વિભાગોમાં નહિ આવતા એવા શબ્દો તથા નામો, સર્વ **આગમ ગ્રંથોમાં** આવતી ઔપદેશિક કથાઓ, ખગોળ, જ્યોતિષ, વિજ્ઞાન, સામુદ્રિક શાસ્ત્ર, સ્વપ્ન વિચાર, આદિ વિષયોને લગતા

શબ્દો તથા નામો, ત્રિષષ્ઠિ શલાકા પુરૂષોનાં ચરિત્રો અને જુદા જુદા રાસાઓમાં આવેલી હકીકત તથા કથાઓનો ભાગ વિગેરેનો સમાવેશ આ 'પરચુરણ' વિભાગમાં કરવામાં આવ્યો છે. થોડાએક શબ્દો—એકદત્તિ, આગમ, ઐર્યાપથિકા, ઓસરવું, કાય, ચોળપટ્ટો, કવલી, ઠવણી, કાયકલેશ, મૈથુન, પરિહાર, સમિતિ, ભદ્રાસન, કૌસ્તુભ, સુઘોષા, મંગળદીવો, ગહુંલી, કાઉસગ્ગ, ગભારો, ભામંડળ, ખેચર, પન્યાસ, ચૌમાસી ઇ. ઇ.

[ એક વખત અમે એવું ધારેલું કે જેમ એન્સાઇક્લોપિડિયા બ્રિટેનિકામાં આવેલ કેટલાક વૈજ્ઞાનિક શબ્દો, જેવા કે, કેમેસ્ટ્રી, એસ્ટ્રોનોમી, ઇલેક્ટ્રીસીટી, ફીઝીક્સ, એવીએશન ઈ. ઇ. ના વિવરણ માટે, જેમ તે તે વિષયના નિષ્ણાતો પાસે તેને લગતા લેખ લખાવવા પહોંચવું પડે છે, તેમ અમારે પણ અમુક અમુક વિષયના લેખ માટે કરવું આવશ્યક છે. પરંતુ કાર્યનો આરંભ કર્યા પછી અમને તે પગલું ભરવું તદ્દન બીન જરૂરી જેવું લાગે છે. કેમકે, પ્રથમ તો પાંચે વિભાગમાં એવા કોઇ શબ્દો જ આવતા નથી, કે જે માટે ખાસ નિષ્ણાતની મદદ વિના ચલાવી ન જ શકાય. કાંઇક જરૂર પડશે તે કેવળ દ્રવ્યાનુયોગ વિભાગમાં હજુ ખરી; કેમકે તે વિષય ગહન રહ્યો અને બુદ્ધિની મંદતાને લીધે તેમાં ભૂલો થવા પામે, અર્થના અનર્થ થઇ જાય, અને પરિણામે ન લખવાનું લખાઇ જાય. એટલે તેમાં ગુરૂગમ અને તેઓશ્રીની સહાય વિના જરાએ ડગલું ન ભરવું એમ લાગ્યું છે. તે માટે વિચાર કરતાં એક રસ્તો ઉત્તમ એ લાગે છે, કે અમોએ દ્રવ્યાનુયોગની જે જે વસ્તુ અમારા ખાતાના માણસો દ્વારા લખાવી રાખી હોય, તે તે વિષયના જાણકાર એવા ગુરૂમહારાજને વાંચી જવા અને સુધારાવધારા સૂચવવા માટે મોકલી આપવી; કે જેથી તેઓશ્રીને કરવાના નિત્ય નિયમોમાં, જેમ બને તેમ ઓછી ખલેલ પડે અને અમારૂં કામ પણ થઇ જાય. આટલું વિચાર્યા પછી કાંઇ સૂચના કરવી લાગે તે ખુશીથી કરવા વાચક વર્ગને વિનંતિ છે. ]

**ગ્રંથની મુખ્ય ઉપયોગિતા**

૧૩. એ રીતે જૈન ધર્મના પૃથક્ પૃથક્ વિષયોનો આ એક મહાભંડાર થશે અને તેટલા માટે જ જૈન તેમજ જૈનેતરોને હમેશના સાથી તરીકે ઉપયોગી થઇ પડે તેવી શૈલીથી તેમાંના લેખો તૈયાર કરવાની ધારણા રાખવામાં આવી છે. જૈનેતર ધર્મોના ઇતિહાસ—ભૂગોળ પારિભાષિક શબ્દો ઇ. સાથે તુલના કરવામાં અને જૈનદૃષ્ટિએ સર્વ વિષયોનું આધારભૂત સ્પષ્ટિકરણ મેળવવામાં આ ગ્રંથ, જ્ઞાનપ્રાપ્તિના જીજ્ઞાસુની અભિલાષાને સંતુષ્ટ કરી શકે તેવો બનાવવાનો અમારો મનોરથ છે. એમાંની વિવેચના માત્ર એકાન્તિક

દષ્ટિથી આપવાની નથી, પરંતુ તટસ્થ દષ્ટિથી આપવાનું અમોને ઉચિત જણાયું છે. તે આ વિજ્ઞાપન પત્રિકાની સાથે જોડવામાં આવેલ થોડાએક નમુનાના શબ્દો ઉપરના વિવેચનો ઉપરથી જણાઇ આવશે. આ ગ્રંથને સર્વ પ્રકારે Book of Reference (આકાર ગ્રંથ) થઇ પડે તેવો બનાવવો એવી ધારણા રાખવામાં આવી છે. અને તેથી તેમાં ખંડનમંડનાત્મક વિવેચન જોવામાં આવશે નહી. અભિલાષા તો એવી છે કે, જૈન શબ્દની સાથે સંબંધ ધરાવતું કોઇ પણ પ્રકારનું વિવેચન, આ ગ્રંથની બહાર રહી જવા પામે નહીં.

## આ ગ્રંથની ભાષા તથા લિપિ

૧૪. આ ગ્રંથ આખા ભારતવર્ષને ઉપયોગી થવા ઉપરાંત સારી આલમના અભ્યાસીઓને તથા જીજ્ઞાસુ વર્ગને પણ ઉપયોગી થાય તેવો કરવાના અમારા મનોરથ ઉપરમાં જણાવી ગયા છીએ. એટલે પૃથક્ પૃથક્ ભાષાઓમાં તેને બહાર પાડવાનું એક રીતે ઇચ્છવાયોગ્ય હોવા છતાં, સુશકય નથી લાગતું; જેથી વિશ્વની વર્તમાનકાળે ગણાતી મુખ્ય છ × ભાષામાંથી ત્રીજે નંબરે આવતી, છતાં આપણને વધારે સુગમ એવી ઇંગ્રેજીમાં આ ગ્રંથને પ્રગટ કરવામાં આવે તો ઉત્કૃષ્ટ પણે તે ઉપયોગી થઇ પડશે એવી માન્યતા બંધાઇ છે. જોકે કામ કરવાની માત્ર સરળતા ખાતર હાલતો અમે તેને ગુજરાતી ભાષામાં જ તૈયાર કરી રહ્યા છીએ અને કદાચ પ્રસિદ્ધિ પહેલાં તેનું ભાષાંતર હિંદી (હિંદુસ્તાનીમાં) કરાવવા વિચાર રાખ્યો છે. પરંતુ આમાંના કયા માર્ગે કામ લેવું–અંગ્રેજી ઉપરાંત હિંદી (હિંદુસ્તાનીમાં) અને ગુજરાતીમાં પ્રગટ કરવો કે કેમ–તે પ્રશ્નનો નિર્ણય કરવાનું હજી બાકી રાખ્યું છે અને તે માટે "વિદ્વાનોને પ્રશ્નો" ના મથાળા નીચે તેમની સલાહ અને સૂચનની માંગણી કરી છે.

## સરતું તથા અન્ય ઐતિહાસિક સાહિત્ય અને આ મહાગ્રંથનું કદ

૧૫. આ મહાગ્રંથ જ્યારે પૂરો થશે ત્યારે તે કેટલો ઉપયોગી થઇ પડશે તે તો વિદ્વાનો સહેલાઇથી સમજી શકે તેમ છે. એટલે તે વિષે અમારે વિવેચન કરવાની જરૂર નથી. આધુનિક જૈન સાહિત્યની અપૂર્ણતાને કારણે તે સાહિત્યને યુનિવરસિટિમાં સ્થાન મળતું નથી, અભ્યાસ ક્રમમાંથી બાતલ રાખવામાં આવે છે. ઇત્યાદિ મુશ્કેલીઓ આ મહાગ્રંથના અસ્તિત્વથી ટળી

×પહેલી અને સર્વથી વિશેષ પ્રચલિત ફ્રેંચ ભાષા ગણાય છે. તે પછી અનુક્રમે, બીજી જર્મન, ત્રીજી ઇંગ્રેજી, ચોથી ઇટેલીયન, પાંચમી સ્પેનીશ અને છઠ્ઠી રશિયન આવે છે.

જવાની આશા રહે છે. આવો મોટો ગ્રંથ તૈયાર કરવાને ઘણું મોટું ખર્ચ પણ કરવું પડે તે ખુલ્લું છે. અત્યાર સુધીમાં તે પાછળ અમારા પદરથી ઘણા રૂપિયા ખર્ચી ચૂકયા છીએ અને હજી બીજી મોટી રકમની જરૂર રહેશે.

આ મહાગ્રંથનો વિસ્તાર અનુમાને આ પત્રિકાથી ડબલ કદના એટલે ૮ા×૧૧ કદના ૨૦૦૦૦થી ૨૫૦૦૦ (વીસથી પચીસ હજાર) પૃષ્ઠોનો ધારવામાં આવ્યો છે. અને પ્રત્યેક ૮૦૦થી ૧૦૦૦ (આઠસોથી હજાર) પૃષ્ઠોના ૨૫ થી ૩૦ વિભાગોમાં પ્રસિદ્ધ કરવા પડશે. અત્યારસુધી એકત્રિત કરેલી કાચી સામગ્રી કે જે ઉપરોકત અંદાજના ૨/૩ (Two thirds) ભાગ જેટલો કલ્પી શકાય છે, તેનો અડસટ્ટો કાઢતાં તે સંખ્યા પણ ટપી જાય તેવું દેખાય છે; કેમકે એન્સાઈકલોપિડિયા બ્રિટેનિકા ગ્રંથની છેલ્લી આવૃત્તિ (ચૌદમી)ના ૨૬+ અને પુરવણીના ત્રણ; મળી ૨૯ ગ્રંથો છે. દરેકના લગભગ એક હજાર પૃષ્ઠો, દરેક પૃષ્ઠના બબે કોલમો, અને દરેક કોલમમાં સામાન્ય રીતે ત્રણેક શબ્દો –(જોકે કેમીસ્ટ્રી, ઇલેકટ્રીસીટી, ફીઝીકસ આદિ કેટલાંએ વિશિષ્ટ શબ્દોની સમજૂતિ માટે તો ૫૦–૬૦ બલ્કે તેથી પણ વધારે કોલમો ભરાયાં છે)–તે ગણત્રીએ વધારેમાં વધારે દોઢેક લાખ વિષયોનો તેમાં સમાવેશ થયેલ લેખી શકાશે. જયારે અમારા પુસ્તકમાંના દરેક વિભાગના જે બે બે ત્રણ ત્રણ નમુના આ પત્રિકામાં જોડી બતાવ્યા છે તે પ્રમાણે જોતાં, સામાન્ય રીતે એક પૃષ્ઠના બે કોલમના હિસાબે, તેમાં બહુ બહુતો બેથી ત્રણ શબ્દો સમાવી શકાશે. અને પાંચે વિભાગના મળીને, આમ તો વિશેષ છે, છતાં કમમાં કમ એકલાખ શબ્દો ગણતાંયે ચાલીસ હજાર પૃષ્ઠોનું કદ થઇ જવા સંભવ છે. જોકે પાકો હિસાબ–અંદાજ હવે પછી બંધાશે. છતાં જરૂર પડશે તો, પૃષ્ઠના કદમાં તથા છાપવાનાં બીબાંના માપમાં (જે બન્ને હાલ તો વિજ્ઞાપન પત્રિકામાંના નમુના-રૂપ લેખવાનાં છે) ફેરફાર કરીને પણ ઉમેદ રાખીએ છીએ, કે જે કદસંખ્યા અમે આ વિજ્ઞાપન પત્રિકામાં ટેવી છે, તે ઓળંગી ન જવાય તે પ્રશ્ન હરપળે અમે ધ્યાનમાં રાખ્યાજ કરીશું.

બીજું–કંઇક વધારે પડતું કદાચ લેખાશે છતાં જાહેર હિત ખાતર સ્પષ્ટ કરી દઇએ, કે આ મહાગ્રંથ પ્રગટ કરવાની યોજના, તથા તેની સાથે સાંકળેલ "સંસ્કૃતિ રક્ષણ માટેનું સસ્તું સાહિત્ય" બહાર પાડવાને લગતું કાર્ય, અને જ્ઞાનવર્ધન માટે બની શકે તેટલે સ્થળે પુસ્તકાલયો ઉઘાડવાની અમારી ભાવના–આ સર્વે કાર્યો વિના સ્વાર્થે, નિસ્પૃહિપણે અને જાતમહેનતે અમારે કરવાનાં છે. પરંતુ તેની પ્રતીતિ આમ જનતાને થાય અને પછી અમારા સઘળા કાર્યમાં વેગ આપવાને તેઓ પ્રેરણા ઝીલી કામે લાગે, તે

માટે તેમનો વિશ્વાસ મેળવવાની ઉત્કૃષ્ટપણે જરૂરિયાત છે. જેથી, " ઉપદેશ કરતાં આચરણ ભલું An ounce of practice is better than a ton of advice " તે ઉકિત અનુસાર આ ગ્રંથ માટે એકત્રિત કરેલી સર્વ સામગ્રી ( જે ઉપરમાં જણાવ્યા પ્રમાણે ૨/૩ ભાગ જેટલી થઇ છે અને જે અમારી પોતાની તથા વખતો વખત માણસો રોકીને લખાવાયલી લગભગ આડત્રીસ વર્ષની મહેનતનું પરિણામ છે ) તથા અત્યાર સુધી અમે પ્રગટ કરેલ સર્વ ગ્રંથો, તેમજ પ્રગટ કરવાને લખી રાખેલ ગ્રંથોનું વસ્તુ, અને તેની પ્રસિદ્ધિ માટે જોઇતું રોકડનાણું તથા અમારી ખાનગી લાયબ્રેરી—આ સર્વનું એકંદર દોઢલાખ રૂપિયાની રકમે જતું, એક સાર્વજનિક માલિકીનું ૧૨–૧૨–૪૬ ને ગુરૂવારે, પુષ્યનક્ષત્રે વડોદરા સ્ટેટના નામદાર ચીફજસ્ટીસ મહેરબાન ઝાલા સાહેબના પ્રમુખપદે, અગ્રગણ્ય ગૃહસ્થો અને અમલદારોની હાજરીમાં ટ્રસ્ટ બનાવીને સુપ્રત કરવામાં આવ્યું છે.

વળી આ કામ માટે લેખનકાર્ય ઉપરાંત, પ્રસિદ્ધિ કાર્યને માટે કોઇ બીજા ઉપર આધાર રાખવા કરતાં, પોતાનું સ્વતંત્ર એક સારૂં ને મોટું છાપખાનું, બાઇન્ડીંગ ખાતું, ચિત્રકળા ખાતું ( બ્લોક ઇ. બનાવવાનું ) વિગેરે સર્વ અદ્યતન નૂતન પદ્ધતિએ ચલાવવાં પડે તે પણ દેખીતુંજ છે. ઉપરાંત ગ્રંથને અંગે, ઉપરમાં પારિ. ૮માં નિર્દેશ કરી ગયા પ્રમાણે "સસ્તું સાહિત્યમંડળ" ની રીતિ અનુસાર બીજાં કેટલાંક કાર્યો પણ સહજ સિદ્ધ થઈ શકે તેમ છે; કેમકે, જેમ એક બાજુ ગ્રંથ માટેની સામગ્રી વધતી જશે તેમ તેને ઉપરોક્ત સાહિત્ય યોજનામાં ઉદ્દેશિત નિયમાનુસાર—અપ્રાપ્ય, દુઃપ્રાપ્ય તેમજ મુદ્રિત અને સુપ્રાપ્ય હોવા છતાં, વર્તમાનયુગની ભાવનાને પોષતા ન હોય તો તેને, યુગની આકાંક્ષાને સંતુષ્ટ કરતી આવૃત્તિમાં ફેરવી નાંખી—પ્રગટ કરવાનું કામ પણ આરંભી શકાશે. કેટલે દરજ્જે અમને સફળતા મળે છે તે તો જેમ એક બાજુ પરમાત્માની કૃપાઉપર આધાર રાખે છે તેમ બીજી બાજુ વિદ્દદ્વર્ગની મહેરબાની અને પ્રાંતે ગ્રાહકો તરફથી મળતા સહકાર ઉપર પણ અવલંબે છે.

## વિદ્વાનોની સહાયની અગત્ય

૧૬. આ મહાભારત કાર્યની જરૂર જ્યારે અમને પહેલ વહેલી જણાઇ ત્યારે તો તે કેવળ ' અશકય ' અને હવાઇ કિલ્લા જેવીજ માલૂમ પડી હતી. પરંતુ આંતરિક પ્રેરણાના ઉત્તેજનથી કાર્યની કાંઇક નાની શરૂઆતથી 'અશક્ય' મટીને ' દુઃશકય ' અથવા અત્યંત મુશ્કેલીથી કરી શકાય તેવી જણાવવા

લાગી હતી. પરંતુ હાલમાં તે કાર્ય ચાલીશેક વર્ષમાં, ઉપર જણાવ્યા પ્રમાણે લગભગ ૨/૩ ભાગ જેટલું થઇ પણ ગયું છે. સંશોધનાદિની શૈલી અને વિષયોની શાખા વિગેરે લગભગ નિશ્ચિત થઈ ચૂકયાં છે, જેથી એક વાર ' અશકય ' જણાતુ કાર્ય હવે ' સુશકય ' લાગવા માંડયું છે. એટલે સામાન્ય જનતા પાસે રજુ કરવા હિંમત આવી છે.

આ કાર્ય સુશકય જણાયા છતાં, તેની પાછળ ઘણો શ્રમ લેવાનો બાકી રહ્યો છે. આ ગ્રંથનું કાચું લખાણ ઘણા મુનિવરોને અને વિદ્વાનોને બતાવવામાં આવ્યું છે અને તેઓએ તેની પ્રશંસા કરી છે એટલુંજ નહિ, પણ તેમનાથી બનતી હરેક રીતે મદદ આપવા ઉદાર દીલથી પ્રસન્નતા બતાવી છે. છતાં કહેવું જોઇએ કે આવાં મહાભારત કાર્યોમાં કાંઇ એક હાથે તાળી પડી શકતી નથી અને તેમાં ઘણીજ બહારની મદદની જરૂર રહે છે. તેટલા માટે આ મહાગ્રંથની યોજનાનો આદિથી અંત સુધી ખ્યાલ આપનારી અને તેની ઉપયોગિતા દર્શાવનારી તેમજ તેને અંગે રહેતી ત્રુટીઓ પૂરી કરવા માટે, જૈન તેમજ જૈનેતર વિદ્વાન બંધુઓ, ગ્રંથકારો, સભાસમિતિઓ તથા સાધુમુનિરાજોને પ્રાર્થના કરનારી આ વિજ્ઞાપન પત્રિકા પ્રસિદ્ધ કરવામાં આવી છે. વિદ્વાનોની સહાનુભૂતિ તથા સહાયની સૌથી પહેલાં અગત્ય છે, કારણકે લેખનકાર્ય પ્રથમ કરવાનું હોય છે અને તેને મુદ્રિત કરવાનું કાર્ય પછીથી આરંભવાનું હોય છે. એટલે ધનવાનોની સહાયની પાછળથી જરૂર પડશે. નિમ્ન લિખિત સૂચનો ઉપર લક્ષ આપીને પોતપોતાની માહિતી પ્રમાણે, પોતપોતાની કલ્પના તથા અનુભવ પ્રમાણે તથા પોતપોતાના સાધનો પ્રમાણે, અમોને ખુલાસા લખી મોકલશે એવી અમે આશા રાખીએ છીએ.

## ૧૭. વિદ્વાનો પ્રત્યે થોડા પ્રશ્નો

( ૧ ) આ વિજ્ઞાપન પત્રિકામાં આપેલા નમુનાની લેખન પદ્ધતિમાં કાંઈ સુધારા કે ફેરફારની જરુર જણાય તો તે સૂચવશો.

( ૨ ) ચોક્કસ વિભાગના ચોક્કસ શબ્દો માટે આપની પાસે કાંઇ પ્રાચીન–અર્વાચીન સાધનો અર્થાત્ છાપેલાં–લખેલાં પુસ્તકો, શિલાલેખો, તાડપત્રો, ચિત્રો આદિ–ઇત્યાદિ હોય તો તે જણાવશો. આપની પાસે ન હોય અને અન્ય કોઇની પાસે તે હોવાનું આપ જાણતા હોતો સૂચવશો. ઉપયોગ થઇ રહ્યા પછી આવી વસ્તુઓ સુરક્ષિતપણે અમારે ખર્ચે પાછી પહોંચતી કરવામાં આવશે. અથવા જે રીતે આપ અમોને ઉપયોગી થઇ શકો તેમ હોય તેની ઝાંખી કરાવશો એટલે આપની સાથે આવશ્યક પત્રવહેવારમાં ઊતરી શકાય.

(૩) આ ગ્રંથના લેખન વ્યવસાયમાં આપના મિત્રો કિંવા બીજાઓ કે જેઓ અમને એક યા બીજી રીતે સહાય કરી શકે તેમ હોય તેમનાં નામો તથા શીરનામાં સૂચવશો.

(૪) લેખન શૈલી જૈન દૃષ્ટિએ પ્રતિપાદક રાખવી એ ઠીક છે કે સંશોધક દૃષ્ટિએ સ્યાદ્‌વાદમય કિંવા તટસ્થ રાખવી સલાહકારક માનો છો.

(૫) ઉપરમાં જણાવી ગયા પ્રમાણે પ્રાથમિક કાર્ય તો ગુજરાતીમાં જ થાય છે. અને તેનો અંગ્રેજી અનુવાદ કરી મુખ્ય ગ્રંથરૂપે બહાર પડશે. પણ સાથે તેને ગુજરાતીમાં અને હિંદીમાં–હિંદુસ્તાનીમાં પણ બહાર પાડવો કે કેમ? કે પછી ગુજરાતી ભાષામાં, પણ બાળબોધ–દેવનાગરી લિપિમાં, બહાર પાડવાથી તે બન્નેની ગરજ સારી શકાશે?

(૬) ગ્રંથો કેટલી સંખ્યામાં છપાવવા ( કેટલી પ્રત છપાવવી ) અંગ્રેજી, ગુજરાતી કે હિંદી (હિંદુસ્તાની) જેની આપ સલાહ આપતા હો તે પ્રત્યેકની? તેનું નામ અમે જે જણાવ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવો છે કે કેમ? અથવા તદ્દન નૂતન નામ પણ સૂચવી શકો છો.

(૭) કેટલી પ્રતો ૧૦ ( દશ ) વર્ષમાં ખપી જાય એમ આપ અંદાજ કાઢી શકો છો. સાંકળિયા (Index) ની કાંઇ પાછી જરૂરિયાત રહે છે ખરી?

[ ટીપ્પણઃ—નં. ૫, ૬, અને ૭ પ્રશ્નોના ઉત્તર આપ ઘડી કાઢો તે માટે પૂર્વ ભૂમિકા તરિકે કેટલીક હકીકત રજુ કરવાનું ઊચિત ધારીએ છીએ. એન્સાઇક્લોપિડિયા બ્રિટેનિકા લગભગ બસો વર્ષથી પ્રસિદ્ધ થયા કરે છે. અત્યાર સુધીમાં તેની સુધારા વધારા સાથેની ( Revised Edition ) આવૃત્તિઓ ગણો તો ચૌદ (Fourteen) થઇ છે. પરંતુ માત્ર ફરીને છપાયલ (Reprint only) અને સુધારો પણ થયેલ હોય, તેવી પુનઃ પ્રકાશન ( Revised Edition ) સાથે ગણો તો, લગભગ પાંત્રીસવાર તે પ્રગટ થઈ ચૂકી ગણાય. અને દરેક વખતે કમમાં કમ ( શરૂઆતની આવૃત્તિમાં દશ દશ હજાર કાઢેલી, પણ છેલ્લી કેટલીય આવૃત્તિઓ તો) દશ લાખથી પણ વધારે સંખ્યામાં છપાય છે જ. એટલે એકંદર ત્રણથી સાડી ત્રણ કરોડ તેના ગ્રંથોએ દુનિયાનો પ્રકાશ જોયાનું અંદાજી શકાય. સાથે એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે, કે ભલે બ્રિટેનિકાના આ મહાગ્રંથમાં વિધવિધ વિજ્ઞાનના પ્રકારની, વિદ્યાની–શાખાની–દેશના સાહિત્યની, મહાજનોની તેમજ અન્ય વિષયોની, અનેક વિધ માહિતી સમાયલી છે, છતાં એક આવૃત્તિના ગ્રાહકને, તેની પાછળ નવી પ્રગટ થતી આવૃત્તિ લેતી વખતે, કાંતો સંકોચ ધરવો પડે અથવા તો પ્રકાશકો

સાથે કોઇ અન્ય ગોઠવણુમાં ઊતરવું પડે. અને ડાહ્યા તથા વ્યવહાર કુશળ પ્રકાશકો,પોતાના જૂના ગ્રાહકોની અનુકૂળતા સાચવવા, નીચેના બેમાંથી એકાદ માર્ગ ગ્રહણ કરે છે. ક્યાંતો જૂની આવૃત્તિમાં ન આવતી માહિતીના જ માત્ર પૂરવણીનાગ્રંથો એ કે ત્રણ પ્રકાશિત કરે અને ખાસ ભાવે જૂના ગ્રાહકોને પૂરવણીગ્રંથો આપે; અથવા તો જૂની આવૃત્તિના ગ્રંથો, સારી હાલતમાં હોય તો પાછા લેવા ઉપરાંત, અમુક કિંમત વધારા રૂપે લઇને, આખીયે નવી આવૃત્તિ બદલામાં પૂરી પાડે. આમ કરવાથી પ્રકાશકની તથા ગ્રાહકની બન્નેની અનુકૂળતા સચવાવા સાથે દ્રવ્યવ્યયમાં પણ ઠીક બચત થાય છે. જ્યારે, અમારૂં અત્યારનું આ કરવા ધારેલું પ્રકાશન, પ્રથમ નજરે (જૈન શબ્દ લગાડયો છે તે દૃષ્ટિથી વિચારતાં ) ભલે મર્યાદિત વર્ગને ઉપયોગી હોવાનું દેખાય, પરંતુ અભ્યાસની દૃષ્ટિએ, અને અહિંસા તત્ત્વને તો સારાયે વિશ્વના સવા બે અબજ માનવીઓ પણ અપનાવી, પોતાના આ મનુષ્યભવનું અને આત્માનું કલ્યાણ સાધી શકે તેમ હોવાથી, તેનું જ્ઞાન એક રીતે આવશ્યક પણ લેખાય; તેથી તેને એન્સાઇક્લોપિડિયા યુનીવર્સેલિસ નામ આપવાની સૂચના ઉદ્ભવી–તે મુદ્દાનો જ્યારે વિચાર આવે છે, ત્યારે તો એન્સાઇક્લોપિડિયા બ્રિટેનિકા કરતાં, અમારા ગ્રંથની ઉપયોગિતા કદાચ ઓર વિશેષ આંકવી રહે છે. વળી બ્રિટેનિકા ગ્રંથ ચૌદ આવૃત્તિમાં મળી એકંદર પાંત્રીસ વખત જેટલી સંખ્યામાં પ્રગટ થઇ ચૂકેલ છે. જ્યારે અમારો આ પ્રયાસ તો પ્રથમ હોવા સાથે, કદાચ અંતિમનો (First and the Last) પણ નીવડે. આ પ્રમાણેની ઉલટા સૂલટા–તરફેણ અને વિરૂદ્ધના–એમ બન્ને પ્રકારના સંયોગો ધ્યાનમાં લઇ અમારે, તેની કેટલી નકલો છપાવવા હિંમત ધરવી (જે ભાષામાં છપાવવાનું સૂચવો તે પ્રત્યેકની ) તે વિશેનો ખ્યાલ સંક્ષિપ્તમાં પરંતુ દલીલ અને ચર્ચા સાથે જણાવવાની કૃપા કરશોજી. ]

ઉપરાંત આ સાત પ્રશ્નોમાં ન પૂછેલી હોય, કે આખી વિજ્ઞાપન પત્રિકામાં ન લખેલી હોય, છતાં પણ જો આ ગ્રંથની રચનાને કે પ્રસિદ્ધિને કોઇ રીતે આવરી લેતી હોય અને આપશ્રીને ઉપયોગી દેખાતી હોય તો તેવી સૂચના પણ વિના સંકોચે કરી શકો છો.

૧૮. વિશેષમાં આ પુસ્તકની પાછળ થનારા ખર્ચનો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે. તે ખર્ચની મોટી રકમ કેમ મેળવવી અને કેવી રીતે ભરપાઇ કરવી, તેની યોજના વિચારવામાં આવી છે. ખરીદનારાઓને સુગમ્ય થઇ પડે એવી રીતે, તે વેચવાનો વિચાર કરવામાં આવ્યો છે અને આખો ગ્રંથ લખવાનું તથા છાપીને પ્રસિદ્ધ કરવાનું કાર્ય ક્યારે પૂરૂં થઇ શકશે, તેનો અડસટ્ટો પણ

કાઢવામાં આવ્યો છે. પરંતુ જે હેતુથી આ વિજ્ઞાપન પત્રિકા તૈયાર કરવામાં આવી છે, તે હેતુની સાથે એ વિગતો બંધબેસતી નહીં હોવાથી, તે અત્ર આપવામાં આવી નથી; છતાં જીજ્ઞાસા સંતોષવા ટૂંકમાં જણાવવાનું કે, આખીયે યોજના ટ્રસ્ટીઓની સીધી દેખરેખમાં (ઉપરમાં પારિ. ૧૫ જુઓ) મૂકી દીધી છે, અને હવે પછીના પ્રથમ ત્રણ વર્ષમાં ખૂટતી સામગ્રી એકત્રિત કરી, વ્યવસ્થિતપણે ગોઠવી બીજાં તેટલાં જ વર્ષમાં છાપી કરી, ગ્રાહકોને ક્રમાનુંક્રમે વિભાગવાર પહોંચતી કરી, સંપૂર્ણ કરવાનું બની શકશે.

### છેટલી પ્રાર્થના

૧૯. છેવટે સર્વ જૈન તથા જૈનેતર બંધુઓને કોઇ પણ પ્રકારની ભિન્નતા રાખ્યા સિવાય પ્રાર્થના કરવાની કે, જો તમોને પ્રાચીન સમયના મુખ્ય ત્રણ ધર્મો–વૈદિક, બૌદ્ધિક અને જૈન, તેમાંથી છેલ્લા ધર્મ સંબંધી, સર્વને ઉપયોગી થઇ પડે તેવું જે સાહિત્ય અદ્યાપિ પર્યંત અંધકારમાં પડી રહીને અણુશોધ્યું રહી ગયું છે અને પરીણામે તુલનાત્મક દૃષ્ટિથી સાહિત્યને, ભારતીય ઇતિહાસને તથા ઉપર જણાવી ગયા પ્રમાણે વિશ્વભરના સવા બે અબજ મનુષ્યમાં સંગ્રહાયલી માનવતાને જે અન્યાય થઇ રહ્યો છે, તે સર્વ જો ટાળી નાખવાં હોય, ઉપરાંત જૈનધર્મ સંબંધી, જૈનસાહિત્ય સંબંધી અને જૈન નામ સાથે સંબંધ ધરાવતી દરેક વસ્તુની, સંપૂર્ણ માહિતી એકજ ગ્રંથમાં એકત્ર થયેલી જોવાની અગત્ય જણાતી હોય, બલ્કે તે ધર્મના પ્રાણરૂપ જે અહિંસા છે તેના પંથે આપ પોતે ચડવાની અભિલાષા સેવી, બની શકે તેટલા અંશે પોતાના આંતરિક શત્રુઓ ઉપર ઘટતો સંયમ મેળવી, યોગ્ય પ્રમાણમાં આત્મદશા–વીતરાગ દશા પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો, અથવા તેવાં ઇચ્છુકોને માર્ગબતાવનારમાંના એક ભાજક થવું હોય તો, અમારી આ યોજનાને આપનાથી બની શકતી રીતે, સહાયભૂત થવા તત્પર થશો એવી ખાસ ખાસ વિનંતિ છે.


લિ૦ વિદ્વાનોનો સેવક,

**ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

એલ. એમ. એન્ડ એસ.

એમ. એ. આર. એસ.

રાવપુરા, વડોદરા

( દ્રવ્યાનુયોગ વિભાગ )

# आलोचना ( आलोयणा )

**શબ્દાર્થ—आलोचनम् स्वकृत पापस्य निन्दनम्-आलोचना।** સ્વકૃત દોષનું ગુર્વાદિ સમક્ષ પ્રકાશન, પ્રાયશ્ચિત્ત ભેદ, વ્યવહાર આલોચના, શોધિ, પ્રાયશ્ચિત શુદ્ધિ, વિકટના, સદ્ભાવદાપના, નિન્દા, ગર્હા, શલ્યોદ્ધરણ, એ સર્વ આલોચનાના પર્યાય શબ્દો છે. સ્વકૃત જે અકાર્ય તેનું સમસ્તપણાવડે મનોવાક્કાયથી સમ્યગ્ભાવ શુદ્ધિપૂર્વક ગુર્વાદિની સમક્ષ પ્રકાશન, એ 'આલોચના.' વ્યવહાર કલ્પમાં "આલોચના એટલે અવશ્ય કર્તવ્ય; કાર્યનું કાર્ય કર્યા પહેલાં અથવા પશ્ચાદ્ અથવા પહેલાં અને પશ્ચાદ્ બન્ને વખત ગુરૂની આગળ વચનવડે પ્રકટ કરવું" એ પ્રમાણે કહેલું છે.

**નામાદિ ભેદો**— નામાલોચના=આલોચના એવું નામ. સ્થાપનાલોચના=પુસ્તકાદિમાં લખેલ આલોચના. દ્રવ્યાલોચના=અશઠ ભાવથી ઉપસ્થિત આલોચના–પ્રાયશ્ચિત્ત ન કરવું. ભાવાલોચના=આલોચના લઇ નિન્દા કરતાં ગર્હા કરતાં પ્રાયશ્ચિત્તને શુદ્ધ ભાવથી કરવું. પૂર્વની નામાદિ ત્રણ આલોચના અપ્રશસ્ત છે.

**મૂળ ગુણાદિ ભેદો**—મૂલ ગુણ આલોચના અને ઉત્તર ગુણ આલોચના એ પ્રકારે બે ભેદ પણ છે. એ આલોચના ચતુષ્કર્ણી, ષટ્કર્ણી, અષ્ટકર્ણી હોય છે. એક મુનિ ગુરૂ પાસે આલોચના ગ્રહે તો બે ગુરૂના અને બે પોતાના એમ ચાર કર્ણો થયા, કોઇ સાધ્વી પોતાની પ્રવર્તિની સાથે ગુરૂ સ્થવિર પાસે આલોચે તે ષટ્કર્ણી અને બીજા મુનિરાજને સાથે રાખી ગુરૂણી સાથે ગુરૂ સમક્ષ આલોચે તે અષ્ટકર્ણી આલોચના.

**આલોચના કયા સ્થળે લેવી ?**—સાધુને આલોચના લેવી હોય તો એકાન્તે જ્યાં કોઇ ન હોય તે સ્થળે ગુરૂ મહારાજની નિષદ્યા ( બેસવાનું આસન ) કરી તેઓ બેસે તેની સામે હાથ જોડી આલોચના ગ્રહણ કરે. આ આલોચનાને સ્વપક્ષ આલોચના વિધિ કહે છે. પરપક્ષ આલોચના વિધિ સાધ્વીને આશ્રિત કહેવાય છે. સાધ્વીને આલોચના વખતે બીજા લોકો દેખે તેવે સ્થળે, તેમજ આચાર્યની નિષદ્યા પણ, કરે નહીં. જો પોતાની ગુરૂણી પાસે આલોચે તો એકાન્તે સાધુની જેમ આલોચે. ગણિની સાથે ગુરૂ સમક્ષ

આલોચે ત્યારે કેટલાક આચાર્યોનો મત છે કે બન્નેનો આકાર દેખી શકે તેટલે દૂર રહી આલોચના આપે અને કેટલાકનો મત છે કે બન્નેના શબ્દો સંભળાય તેટલે દૂર રહી આલોચના આપે. ગુરૂ મહારાજે જે પ્રાયશ્ચિત્ત આપ્યું હોય તે પ્રાયશ્ચિત્ત તે જ વિધિથી કરવું--અન્યથા શલ્યનો ઉદ્ધાર થતો નથી.

**વિહારાલોચના, ઉપસંપદાલોચના, અપરાધાલોચના**—ગુરૂ મહારાજને પૂછીને ગુરૂએ અનુજ્ઞાત એવો મુનિ શ્રુતોપદેશવડે યુક્ત સ્વયોગ્ય ભિક્ષા, વસ્ત્ર, પાત્ર, શય્યા, સંથારો, પાદપોંછનાદિ વા આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, ગ્લાન, વૃદ્ધ, બાળક, અસમર્થ વિગેરે યોગ્ય વસ્ત્રાદિ ગ્રહણ કરીને આવ્યો હોય, વા મૂત્ર કરી સ્થંડિલે જઇ આવ્યો હોય અથવા વસતીમાં અસ્વાધ્યાયનું કારણ બનવાથી વસતીથી અન્યત્ર ગયો હોય તેમજ ત્યાંથી આવ્યો હોય તો ગુરૂ સમક્ષ તેમજ સ્થાપનાચાર્ય સમક્ષ તે મુનિ આલોચના ગ્રહણ કરે. તેમજ ચૈત્યવંદન માટે પ્રથમ ગ્રહણ કરેલ પીઠફલક, શય્યા, સંસ્તારક, વિગેરે પાછાં આપવા માટે, બહુશ્રુતાદિને વાંદવા માટે, સંશય છેદવા માટે, શ્રાદ્ધ સ્વજ્ઞાતિ વિગેરેને અવબોધ કરવા માટે, સાધર્મિકોને સંયમમાં ઉત્સાહિત કરવા માટે, ગમે તે કારણે મુનિ પોતાના આસનથી સો હાથ દૂર જઇને પાછા આવે, ત્યારે ગુરૂ અથવા આચાર્ય ( સ્થાપનાચાર્ય ) સમક્ષ આલોચના ગ્રહણ કરે. તે આલોચના ઇરીયા વહિયાદિના ઉચ્ચારપૂર્વક પશ્ચાત્તાપરૂપ છે. યદ્યપિ કોઈ પણ અતિચાર લાગ્યો નથી તોપણ ગુરૂ સમક્ષ યથાવિધિ આલોચવું; અન્યથા ગમનાગમનાદિમાં સૂક્ષ્મ ચેષ્ટા નિમિત્ત અથવા સૂક્ષ્મ પ્રમાદ નિમિત્ત, ક્રિયાની શુદ્ધિ થતી નથી. આંથી વિશેષ દોષ લાગ્યો હોય, તેવા પાપની આલોચના માટે ગુર્વાદિ પ્રાયશ્ચિત્તો આપે છે અને ઉપર બતાવેલ કાર્ય નિમિત્તક તપશ્ચર્યાદિ પ્રાયશ્ચિત્ત નથી હોતું; પણ ઇર્યાવહિ આદિનો પાઠ ઉચ્ચારી કાયોત્સર્ગ કરી તે સૂક્ષ્મ પાપને ખમાવવું એજ આલોચના. તે આલોચના મુનિરાજોને ઘણી વાર કરવી પડે છે. પોતાના વ્રત–નિયમોમાં લાગેલાં પાપની અથવા વ્રત નિયમ વિના પોતાથી સેવાએલ દુશ્ચરિત, તેની માફી શુદ્ધ હૃદયથી ગુરૂ, દેવ, સિદ્ધ સમક્ષ માંગવી તે આલોચના. તેમજ પાપની શુદ્ધિનિમિત્તે તપશ્ચર્યાદિ કરવામાં આવે યા આપવામાં આવે તે પણ આલોચના કહેવાય છે. ગુરૂ સમક્ષ આલોચના પ્રકાશતી વખતે જરા પણ માયા–કપટ, લજ્જા રાખવી નહીં, કારણકે માયા–લજ્જાથી શુદ્ધ આલોચના થતી નથી. માટે જેમ બાલક સારી નરસી વાત માના સમક્ષ શુદ્ધ હૃદયથી કહે છે, તેમ આલોચના ગ્રહણ કરનારે પણ, બાલકની જેમ શુદ્ધ હૃદયથી સારા નરસા દરેક પાપની શંકારહિત આલોચના કરવી.

પડી ગયેલ ઘર, ઉષર ભૂમિ, સ્તમ્ભ, મહાદેવ મન્દિર, જ્યાં તલ અડદ ઇત્યાદિના છોડો હોય, ઇત્યાદિ અપ્રશસ્ત દ્રવ્યમાં આલોચના લેવી નહીં, તેમજ બાવળ ઇત્યાદિ જ્યાં અમનોજ્ઞ વૃક્ષો હોય, લોઢું ત્રાંબુ સીસું વિગેરે દ્રવ્યો હોય, તેવે સ્થળે આલોચના લેવી નહીં. દક્ષિણ દિશામાં પણ આલોચના કરવી નહીં. શુકલ તેમજ કૃષ્ણ પક્ષની અષ્ટમી, નવમી, ષષ્ઠી, ચતુર્થી, દ્વાદશી એ તિથિઓએ શુભ કાર્ય વર્જેલ હોવાથી, તે તિથિઓમાં આલોચના લેવી નહીં, તેમજ સંધ્યામાં રહેલ નક્ષત્ર, ક્રૂર, ગ્રહથી આક્રાન્ત નક્ષત્ર, ચન્દ્રયોગયુક્ત નક્ષત્રો ઇત્યાદિ અપ્રશસ્ત નક્ષત્રોમાં પણ આલોચના લેવી નહિ. આથી વિપરીત સુંદર સ્થળાદિમાં આલોચના લેવી અને પૂર્વ, ઉત્તર, વરન્તી એ ત્રણ દિશા સામે રહી આલોચના લેવી.

**વિધિ**—પોતાના શુદ્ધ ( પોતે ન વાપરેલ ) વસ્ત્રવડે આચાર્યની નિષદ્યા ( આસન ) કરે, પોતા પાસે શુદ્ધ વસ્ત્ર ન હોય તો બીજા પાસેથી માગી નિષદ્યા કરે, આચાર્ય પૂર્વ દિશા તરફ બેસે તો આલોચના લેનાર જમણી બાજુ–ઉત્તર તરફ મુખ રાખીને ઊભો રહે, જો આચાર્ય ઉત્તર દિશા તરફ બેઠા હોય, તો આલોચક ડાબી બાજુએ–પૂર્વ દિશા તરફ મુખ રાખી બેસે; ત્યારબાદ દ્વાદશ વંદન કરીને ઉત્કટુકાસને બેસી હાથ જોડી આલોચના ગ્રહણ કરે. કદાચ આલોચના વિષય વિશેષ હોય, તો ગુરૂની આજ્ઞા લઇ પાદપોંછન ઉપર વા અન્ય યોગ્ય આસન ઉપર બેસી આલોચના ગ્રહણ કરે. કોઇ વિશેષ અપરાધ કર્યો હોય તો, કોઇ વખત તે જ વખતે આલોચના ગ્રહણ કરે, અન્યથા પક્ષે ચતુર્માસે આલોચના અવશ્ય લેવી અને સામાન્ય અપરાધ માટે તો પ્રતિદિન સાયંકાળે આલોચના કરાય છે. ( આ સર્વ હકીકત મુનિઓ માટે છે. તોપણ જે શ્રાવકો બાર વ્રતધારી છે તેઓને આલોચનાનો વિધિ લાગુ પડી શકે છે. જે બાર વ્રતધારી ન હોય, પ્રતિક્રમણ કરતો ન હોય, તેને પણ પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક વિગેરેમાં તો અવશ્ય આલોચના ગ્રહણ-કરવી જ પડે. ) આલોચના પોતાના ગચ્છના ( સમુદાયના ) આચાર્ય પાસે લેવી. તે ન હોય તો ઉપાધ્યાય, તે ન હોય તો પ્રવર્ત્તક, તે ન હોય તો સ્થવિર, તે ન હોય તો ગણાવચ્છેદક પાસે લેવી, તે ન હોય તો પર ગણ ( સમુદાય ) વાળા પાસેથી પણ લેવી.

આર્યરક્ષિત સૂરિની પહેલાં આગમ વ્યવહારીઓએ છેદ શ્રુત ભણવાની સાધ્વીઓને પણ આજ્ઞા આપી હતી, તેથી તે વખતે સાધુઓ સાધ્વીઓ પાસે, સાધુ પાસે; તેમ સાધ્વી સાધ્વી પાસે તેમ સાધુ પાસે એમ આલોચના લેવાતી હતી. આર્યરક્ષિત સૂરિ પછી સાધ્વીઓને છેદ સૂત્રો ભણવાનો અધિ-

કાર નથી, તેથી સાધુઓ સાધ્વીઓ પાસે આલોચે નહીં, તેમ જ સાધ્વીઓ પણ સાધુ પાસે આલોચે. આલોચના કર્યા વિના મરનાર આરાધક થતો નથી. સાધ્વીઓ સાધુ પાસે અને સાધુઓ સાધ્વી પાસે, ચતુર્થ વ્રત સમ્બન્ધિ આ-લોચના ગ્રહે તો ચતુર્ગુરૂ પ્રાયશ્ચિત્ત આવે, કારણકે તેમાં દોષનો સંભવ છે. કેટલાક તે વાતનું ખંડન કરે છે અને સાધ્વીઓ પણ સાધુ પાસે ચતુર્થ વ્રત દોષ આલોચે એમ કહે છે. તેમજ હાલમાં આગમવ્યવહારીનો અભાવ હોવાથી સમયાનુસાર ઉત્કૃષ્ટ શ્રુતવાળા શ્રુતવ્યવહારીઓ પાસે આલોચના લેવાય છે.


[ અભિધાન રાજેન્દ્ર કોષ ]

---

# अप्काय (आउकाय)

**શબ્દાર્થ**—જળરૂપ શરીરવાળા જીવો તે 'અપ્કાય'

**ભેદો**—અપ્કાયના સૂક્ષ્મ તથા બાદર એ ભેદ મુખ્ય છે. સૂક્ષ્મના પર્યાપ્ત અને અપર્યાપ્ત એ બે ભેદ છે. બાદર અનેક પ્રકારના છે.




સૂક્ષ્મ સર્વ લોકમાં રહ્યા છે. બાદરના અનેક ભેદો છે, જેમકે ઓસ, હીમ, મહિક, કરા, શુદ્ધોદક, શીતોદક, ઉષ્ણોદક, ક્ષારોદક, ખટ્ટોદક, રસોદક, લવણોદક, ઇત્યાદિ. પરંતુ કેટલાકો તે સર્વનો પાંચમાં અંતર્ભાવ કરી પાંચ ભેદ કરે છેઃ-શુદ્ધોદક, ઓસ, હીમ, મહિક અને કરતણુ. કરતણુનો હીમમાં અંતર્ભાવ કરે છે અને બાકી સર્વેનો શુદ્ધોદકમાં અંતર્ભાવ કરે છે. પર્યા-પ્તિને પૂર્ણ કર્યા વિના મૃત્યુ પામેલ અપર્યાપ્ત કહેવાય છે, અને પર્યાપ્ત અને પર્યાપ્તિને પૂર્ણ કરનારના વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિવડે અનેક ભેદો થાય છે. અપ્કાયની યોનિ ( ઉત્પત્તિ સ્થાનક ) સાત લાખ છે. અપ્કાયની યોનિ સંવૃત્ત હોય છે. તે સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ ભેદવાળી હોય છે. તેમ શીત, ઉષ્ણ અને શીતોષ્ણ એ ત્રણ ભેદથી પણ ત્રણ પ્રકારની છે. અપ્કા-

યને ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે. શરીરનું સંસ્થાન સ્તિબુક આકારવાળું હોય છે. અપ્કાયનું આયુષ્ય જઘન્યથી અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાત હજાર વર્ષનું હોય છે.

**અપ્કાયની જીવત્વસિદ્ધિ**—હસ્તિ ઇત્યાદિનું શુક્ર-શોણિતમિશ્રિત શરીર જેમ જીવવાળું છે તેમ પાણી પણ જીવવાળું છે. ઉત્પત્તિ વખતે શોણિત તથા શુક્ર તે પણ દ્રવ અને ચેતન હતું તેમ જળ પણ દ્રવ અને ચેતન છે; તેમજ ઈંડાં વિગેરેમાં પણ જળ છે તે દ્રવ અને ચેતન છે તેમ પાણી પણ દ્રવ અને ચેતન સ્વીકાવું પડશે. **सचेतना आपः शस्त्राऽनुपहतत्वे सति द्रवत्वात् हस्तिशरीरोपादानभूतकललवत्** ॥ શસ્ત્રવડે ન હણાયેલ છતાં દ્રવ હોવાથી જલ ચેતન છે. મૂત્ર, ઉષ્ણ પાણી, ઇત્યાદિ શસ્ત્રોપહત હોવાથી તેમાં જીવત્વસિદ્ધિ પ્રાયઃ નહિ થાય, તેમજ **सात्मकं तोयम्, अनुपहतत्वाद्, अण्डमध्यस्थकललवद्** ઈંડાની મધ્યમાં રહેલું પાણી અનુપહત-હણાયેલ ન હોવાથી સચેતન છે, તેમ પાણી પણ સચેતન છે. આ પ્રમાણે અનેક અનુમાનોથી જીવત્વસિદ્ધિ થાય છે. જ્યારે જીવત્વ અપ્કાયમાં સિદ્ધ થયું કે અપ્કાયરૂપ હેતુથી હીમ, બરફ, કરા વિગેરેમાં પણ જીવત્વ સિદ્ધ થયું. ભૂમિની અંદર રહેલ જળ પણ સચેતન છે, કારણકે ભૂમિમાં સ્વાભાવિક રીતે ઉત્પન્ન થયેલ હોવાથી-દેડકાની માફક-જેમ ભૂમિમાંથી દેડકાઓ સ્વાભાવિક ઉત્પન્ન થયેલ નીકળે છે તેમ, પાણી પણ હોવાથી દેડકા માફક સચેતન સમજવું. આકાશમાંથી પણ સ્વાભાવિક ઉત્પન્ન થયેલ મત્સ્ય ઇત્યાદિ પડે છે, તેમ જળ પણ સ્વાભાવિક ઉત્પન્ન થઇ ભૂમિમાં પડે છે.

**ઉદકના વિશેષ ભેદ :**—સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણ ભેદ છે; તેમાં સચિત્ત, નિશ્ચય અને વ્યવહારથી બે પ્રકારના છેઃ—નિશ્ચય સચિત્ત= કઠિન જળવાળા ઘનોદધિઓ, કે જે નરક પૃથ્વીના આધારરૂપ છે, તેમજ જે નરક પૃથ્વીની પડખે રહેલ ઘનોપલો તથા લવણસમુદ્ર આદિ સમુદ્રોના તેમજ પદ્મદ્રહાદિ દ્રહોના, બહુજ મધ્ય ભાગમાં રહેલ અપ્કાય તે સર્વ એકાન્ત સચિત્ત છે. તેમજ વાવ, તળાવ, કૂવા, સરોવર આદિમાં રહેલ જળ વ્યવહારથી સચિત્ત છે. જે જળ ત્રણ ઉછાળા આવ્યા વિનાનું ઉષ્ણ હોય તે મિશ્ર કહેવાય છે. તેમજ ગામ નગરાદિમાં પડેલ વૃષ્ટિનું જળ, જ્યાંસુધી તેના ઉપર મનુષ્યાદિની જાવ-આવ બહુ ન થાય ત્યાંસુધી મિશ્ર કહેવાય છે અને પાછળથી તે અચિત્ત થાય છે. ગામ નગરથી બહાર પડેલ થોડા વર્ષાદનું જળ તો પૃથ્વીની સાથે સંબન્ધ

થવાથી તુર્ત જ ( પડયું કે તુરત જ ) મિશ્ર સમજવું. વધારે વાર વર્ષાદ આવે, તોપણ પ્રથમ વાર પડયું તે પૃથ્વીકાયના સંપર્કથી મિશ્ર કહેવાય અને પાછળથી પડતું તમામ સચિત્ત કહેવાય. આ ત્રણે પ્રકારનું મિશ્ર જળ મુનિને ન કલ્પે તેમજ તન્દુલોદક જ્યાંસુધી બહુ સ્વસ્થ ન થયું હોય ત્યાં સુધી તેને મિશ્ર સમજવું. અહીં કેટલાક લોકો ( આચાર્યો ) ચોખાનું પાણી ક્યાંસુધી મિશ્ર રહે, તેમાં મતભેદ બતાવે છે. જે વાસણમાં ચોખા ધોયા હોય તેમાંથી બીજા વાસણમાં તે પાણી નાખતાં જે છાંટા ઊડયા હોય તેના બિન્દુઓ ન સૂકાય ત્યાંસુધી ( તેટલો કાળ ) ધોવણ મિશ્ર કહેવાય. ( ૧ ) પાણી બીજા વાસણમાં નાખતાં પાણી ઉપર થયેલ ફીણ ન સૂકાય ત્યાંસુધી મિશ્ર (૨) ધોઇને ચોખા રાંધવા મૂકયા હોય તે પાકી રહે ત્યાંસુધી મિશ્ર (૩) આ મતોમાં કાળનો નિયમ નથી થતો, કારણ કે બિન્દુઓ તથા ફીણ કદિ જલ્દી અને કદિ વિલંબથી સૂકાય; તેમ પાક પણ કદિ જલ્દી અને કદિ વિલંબથી થાય; માટે એ અસત્ય છે. એમ બીજા આચાર્યો કહીને બરાબર તે પાણી શાન્ત થાય ત્યાંસુધીનો કાળ તે મિશ્ર રહે છે એમ કહે છે. ત્રણ ઉછાળાવડે ઉષ્ણ થયેલ જળ અચિત્ત તથા બીજું–બીજાં સ્થળનાં જળો અન્ય સ્થળનાં જળો સાથે મળવાથી પણ અચિત્ત થાય છે. સૂર્યનાં તીવ્ર કિરણોથી પણ અચિત્ત થાય છે. ખાંડ, ધૂળ ઇત્યાદિના સંપર્કથી પણ જળ અચિત્ત થાય છે. વર્ષાદનું જળ વર્ષાદ રહી ગયા બાદ ( અન્તર્મુહૂર્ત બાદ ) અચિત્ત થાય છે અને વર્ષાદ વર્ષતો હોય ત્યાંસુધી મિશ્ર રહે છે. સચિત્ત પાણીના એક બિન્દુમાં એટલા જીવો છે કે તે પારેવા જેવડું શરીર કરે તો લાખ યોજન જંબૂદ્વીપમાં પણ માય નહિ, માટે સચિત્ત તેમજ મિશ્ર જળનો સર્વથા મુનિને નિષેધ છે.

[ અભિધાન રાજેન્દ્ર કોષ ]

---

# निगोद

**અર્થ તથા સ્વરૂપ**—આ સંસારમાં સર્વથી કનિષ્ઠ અવસ્થા ભોગવનારા જીવો નિગોદના નામથી ઓળખાય છે. તેમને ત્રણ યોગમાં માત્ર શરીર જ હોવાથી તેઓ શરીર સંબંધી પીડા અનંતી ભોગવે છે, છતાં અત્યંત અવ્યક્તપણું હોવાથી તેઓ તે પીડા ભોગવતાં સદ્ભાવ સંપાદાન કરી કર્મ ખપાવી શકતા નથી, માત્ર વિપાકોદયવડે જે કર્મ ખપે છે તે જ ખપે છે. તેના પ્રમાણમાં કર્મ બંધાય પણ છે. પ્રાણી માત્રના કેટલાંક

કર્મ પ્રત્યેક સમયે પ્રદેશોદયથી પણ ખપે છે, પરંતુ તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

**પ્રકાર તથા વિવેચન**—નિગોદ બે પ્રકારની છે–સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ. "સૂક્ષ્મ નિગોદ" તે સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સમજવા. સૂક્ષ્મો પાંચે પ્રકારના સ્થાવરો પૈકી, માત્ર વનસ્પતિકાય જ નિગોદ છે અને તે જ એક શરીરમાં અનંત જીવપણે રહેલ છે. બાકીના ચાર સ્થાવર સૂક્ષ્મો જો કે અદૃશ્યાદિક ગુણોવડે વનસ્પતિકાય જેવા છે, પરંતુ તેઓ પ્રત્યેક શરીરી છે અને તેની ગણના વ્યવહાર રાશિમાં કરેલી છે. નિગોદનો બીજો પ્રકાર "બાદર નિગોદ" છે, તે કંદાદિકની માફક સાધારણ વનસ્પતિ તરિકે ઓળખાય છે. કંદ મૂળ, લીલ ફૂલ વિગેરેનો તેની અંદર સમાવેશ થાય છે. તે છદ્મસ્થ અને ચર્મ ચક્ષુવાળા જીવોને દૃશ્ય છે, પરંતુ તેની અંદર પણ એક શરીરમાં અનંતા જીવોની સ્થિતિ છે. 'નિગોદ' નામ (બન્ને જાતિમાં) તેના શરીરનું છે. તેવાં શરીરો અસંખ્યાતા છે અને દરેક શરીરમાં જીવો અનંતા હોવાથી તે બધા જીવો અનંતા છે. નવ પ્રકારના અનંતા પૈકી, સૂક્ષ્મ બાદર નિગોદના સર્વ જીવો તેમ જ એક નિગોદમાં રહેલા જીવો, આઠમે–મધ્ય અનંતાનંતે છે. કોઇ પણ કાળે સર્વજ્ઞને પ્રશ્ન કરવામાં આવે તો ઉત્તર એ જ મળે કે–બાદર અથવા સૂક્ષ્મ એક નિગોદમાં રહેલા જીવોનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામેલો છે.

બાદર નિગોદ કરતાં સૂક્ષ્મ નિગોદમાં જીવની સંખ્યા વિશેષ છે (અસંખ્યાત ગુણી છે). બાદર સ્થાવર જીવોમાં એક પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા રહેલા હોય છે, ત્યારે સૂક્ષ્મ સ્થાવરમાં તેથી વિપરીતપણું છે એટલે કે તેમાં એક અપર્યાપ્તાની નિશ્રાએ સંખ્યાતા પર્યાપ્તા જીવો રહેલા છે.

**બે પ્રકારની નિગોદ પૈકી સૂક્ષ્મ નિગોદ-તે "અવ્યવહાર રાશિ" છે. તેમાં અનંત કાળથી તે જ અવસ્થાએ રહેલા અનંતા જીવો છે.** બાદર નિગોદને "વ્યવહાર રાશિ" કહેલી છે, કારણકે તે જીવો વ્યવહારમાં આવ્યા કરે છે. એક વાર સૂક્ષ્મ નિગોદરૂપ અવ્યવહાર રાશિમાંથી નીકળેલો જીવ, ફરીને સૂક્ષ્મ નિગોદમાં જાય તો પણ તે વ્યવહાર રાશિયો જ કહેવાય છે અને તે અમુક કાળે (અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ) પાછો તેમાંથી નીકળીને, બીજી બહારની જીવ જાતિમાં જરૂર આવે છે.

વ્યવહાર રાશિ માંહેલા જીવો સર્વે મોક્ષે જવાના છે એવો નિશ્ચય નથી, કારણકે તેમાં અનાદિ કાળથી બાદર નિગોદ રહેલી છે, કે જેનો

અનંતમો ભાગ જ મોક્ષે ગયેલ છે અને જવાનો છે. તેમ જ વ્યવહાર રાશિમાં રહેલા અનંતા અભવ્ય જીવો છે કે જેઓ કદાપિ મોક્ષે જવાના જ નથી, (અભવ્ય જીવો ચોથે–જઘન્ય યુકત અનંતે છે) તેમ જ અવ્યવહાર રાશિમાં રહેલા સર્વ જીવો મોક્ષે જવાના નથી એમ પણ નથી, કારણકે વ્યવહાર રાશિમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે અવ્યવહાર રાશિમાંથી એક જીવ વ્યવહાર રાશિમાં આવે છે: આવો અચળ ક્રમ છે. માત્ર જે જીવો "જાતિભવ્ય" છે અને તથા પ્રકારની સામગ્રીને અભાવે અવ્યવહાર રાશિમાંથી નીકળવાના જ નથી, તેથી જ તેઓને મોક્ષની સામગ્રી મળવાની નથી અને તેવી સામગ્રીના અભાવથી તે જીવો મોક્ષે પણ જવાના નથી. જો સામગ્રી મળે તો તેઓ મોક્ષે જઈ શકે તેવા સ્વભાવવાળા છે. આ જીવોને અભવ્યની કોટે વળગેલા કહેવામાં આવે છે.

સૂક્ષ્મ નિગોદ ચૌદ રાજલોકમાં સર્વત્ર સર્વ આકાશ પ્રદેશમાં રહેલી છે અને બાદર નિગોદ તો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ છે. સૂક્ષ્મ નિગોદ અને બાદર, એ તે જીવોના શરીરનું નામ છે. તે દરેક જીવોને તૈજસ અને કાર્મણ એ બે શરીરો તો પૃથક્ પૃથક્ છે, પણ ઔદારિક શરીર અનંત જીવોનું એક જ છે અને તેથી તે નિગોદના નામથી ઓળખાય છે. દરેક જીવ અસંખ્યાત પ્રદેશી છે, અને તેના પ્રદેશોની સંખ્યા લોકાકાશના પ્રદેશ તુલ્ય (બરાબર સરખી) છે. કોઈ પણ જીવ લઘુમાં લઘુ અવગાહના કરે ત્યારે પણ અસંખ્યાત આકાશ પ્રદેશને અવગાહીને જ રહી શકે છે. જો કે તે તે આકાશ પ્રદેશે, બીજા અનંત જીવોના દરેકના અસંખ્ય અસંખ્ય આત્મ પ્રદેશો હોય છે, તો પણ જીવોનો અને પુદ્ગળોનો મળીને રહેવાનો સ્વભાવ હોવાથી એક એક આકાશ પ્રદેશે, અનંતા છૂટા પરમાણુ, બેથી માંડીને યાવત્ અનંતા પરમાણુના અનંતા સ્કંધો, અનંત જીવોના અસંખ્ય અસંખ્ય આત્મ પદેશો પરસ્પરને બાધા કર્યા સિવાય રહી શકે છે. તે દરેક જીવના પ્રત્યેક આત્મ પ્રદેશે અનંતી અનંતી કર્મવર્ગણાઓ લાગેલી હોય છે. તે વર્ગણાઓ અનંત પરમાણુઓના સ્કંધોની બનેલી હોય છે.

આ પ્રમાણે પ્રત્યેક આકાશ પ્રદેશે જો કે અનંતા જીવોના આત્મપ્રદેશો રહેલા છે તોપણ તેમાં જઘન્ય પદ અને ઉત્કૃષ્ટ પદ લાભે છે. લોકને અંતે જ્યાં ખૂણા નીકળેલા હોય છે અને જે નિષ્કુટ કહેવાય છે ત્યાં, કે જ્યાં રહેલા જીવોને ત્રણ દિશાનો જ આહાર મળી શકે છે, સ્પર્શના પણ ત્રણ દિશાની જ તેમને હોય છે, બાકીની ત્રણ દિશાએ અલોક હોય છે, ત્યાં જઘન્ય પદ લાભે છે. ત્યાંના પ્રત્યેક આકાશ પ્રદેશ ઉપર જીવ પ્રદેશો

સર્વથી થોડા હોય છે. તે જઘન્ય પદના જીવ પ્રદેશો કરતાં સર્વ જીવો અસંખ્યગુણા હોય છે, અને ઉત્કૃષ્ટ પદવાળા એક એક આકાશ પ્રદેશે તે સર્વ જીવો કરતાં વિશેષાધિક જીવ પ્રદેશો હોય છે. બાકી જ્યાં ચાર કે પાંચ દિશાનો આહાર મળી શકે છે ત્યાં મધ્યમ પદ લાભે છે.

ત્રણ, ચાર કે પાંચ દિશાથી આહાર મળે તેવા સ્થાનમાં ખંડ ગોળા ઉત્પન્ન થાય છે. જ્યાં છ દિશાનો આહાર મળી શકે ત્યાં જ પૂર્ણ ગોળા ઉત્પન્ન થાય છે, અને એવા ગોળામાં ઉત્કૃષ્ટ પદ પણ લાભે છે.

આ ખંડ ગોળા અને પૂર્ણ ગોળાની નિષ્પાદક નિગોદ કહેવાય છે. પરંતુ ગોળક (ગોળા) તે આકાશ પ્રદેશોની રચના છે. તેનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી તે ગોળક કહેવાય છે. જ્યાં ઉર્ધ્વ, અધો અને પૂર્વ પશ્ચિમાદિક ચાર મળી, છએ દિશાએ લોક હોય છે ત્યાં પૂર્ણ ગોળા ઉત્પન્ન થાય છે. તે પ્રત્યેક, અસંખ્ય આકાશ પ્રદેશના બનેલા હોય છે. તે પ્રત્યેક ગોળાના એકેકા મધ્યબિંદુ તરીકે આકાશ પ્રદેશને મૂકીને બીજા મધ્યબિંદુને આશ્રીને અસંખ્ય ગોળા છએ દિશાએ ઉત્પન્ન થાય છે, તેથી તેવા પૂર્ણ ગોળાઓ પ્રસ્તુત પૂર્ણ ગોળક કરતાં પણ અસંખ્યાતગુણા થાય છે. આવા ગોળા જ્યાં એક, બે કે ત્રણ દિશાએ અલોક હોય છે, ત્યાં બની શકતા નથી, તેથી તે સ્થાને ખંડ ગોળા બને છે, અને તેથી જ ત્યાં જીવો અને જીવ-પ્રદેશો ઓછા હોય છે. તે હેતુથી જ ત્રણ દિશાએ અલોકવાળા સ્થાને જઘન્ય પદ કહેવામાં આવેલું છે.

આવા એક એક ગોળાના સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલી છે, કે જેની અવગાહના તે પૂર્ણ ગોળક સદશ જ છે. પરંતુ તે પ્રસ્તુત ગોળાને અનુસરીને બીજા તે ગોળાની બહાર અસંખ્ય ગોળાઓ નિષ્પન્ન થાય છે અને ગોળાઓની સંખ્યા કરતાં નિગોદની સંખ્યા અસંખ્યાત ગુણી થાય છે.

આવા ગોળકો પ્રસ્તુત ગોળકમાં એક એક પ્રદેશની હાનિ અને એક એક પ્રદેશની અન્ય તરફ વૃદ્ધિ, એમ કરતાં જૂદા જૂદા મધ્યબિંદુ કલ્પવાથી અસંખ્યાતા બને છે. તે સંબંધી વધારે સમજુતી "નિગોદ ષટ્ત્રિંશિકા" પ્રકરણમાં આપેલી છે, તે ગુરૂગમથી સમજવાલાયક છે. સ્વયમેવ સમજવા જતાં કેટલીક વાત સમજાતી નથી અને કેટલીક વાત એવી રીતે અન્યથા સમજાઇ જાય છે કે તેને સુધારતાં બહુ વિલંબ લાગે છે, માટે પ્રથમથી ગુરૂ મહારાજ પાસે જ આ વિષય સમજવાયોગ્ય છે.

વ્યવહાર નયે જેટલા પૂર્ણ ગોળક છે, તેટલા જ ઉત્કૃષ્ટ પદ છે.

નિશ્ચય નય આ સંબંધમાં એટલું વિશેષ કહે છે કે જ્યાં બાદર નિગોદ કંદાદિ રહેલ હોય તે આકાશપ્રદેશો તેમ જ બાદર નિગોદમાંથી સૂક્ષ્મ નિગોદમાંથી નીકળેલા, પણ તે બે પ્રકારની નિગોદમાં જ ઉપજવાના જીવોના આત્મ પ્રદેશો તેમ જ, તે બન્ને પ્રકારની નિગોદમાં ઉપજવા આવતા અન્ય પૃથ્વીકાયાદિ જીવોના આત્મપ્રદેશો, જ્યાં વધારે લાભે ત્યાં ત્યાં ઉત્કૃષ્ટ પદ સમજવું, જેથી ગોળક અને ઉત્કૃષ્ટ પદ એ બે સરખા નહીં થાય, પણ ઉત્કૃષ્ટ પદ ગોળા કરતાં ઓછાં થશે. બાકી બાદર નિગોદ વિગેરેના આશ્રય વિના તો તેની સમાનતા જ થશે.

ગોળા અસંખ્યાતા છે અને તે પ્રત્યેક ગોળામાં અસંખ્ય નિગોદ તો તેટલી જ અવગાહનાવાળી રહેલી છે. બાકી વધતી ઘટતી અવગાહનાવાળી નિગોદો અસંખ્યાતગુણી છે અને તે પ્રત્યેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે. તે દરેક નિગોદના જીવો સિદ્ધના જીવો કરતાં અનંત ગુણા છે. સિદ્ધના જીવો પાંચમે ( મધ્યમ યુક્ત ) અનંતે છે અને આ એક નિગોદમાં રહેલા જીવો આઠમે અનંતે છે. સમકિત પામ્યા પછી પતિત થયેલા જીવો કે જેઓ અર્ધ પુદ્દગળ પરાવર્તની અંદર ફરી સમકિત પામીને મોક્ષે અવશ્ય જવાના જ છે તેવા જીવો અભવ્ય કરતાં અનંતગુણા છે, તે પણ પાંચમે અનંતે છે. પાંચમા અનંતાના અનંતાં સ્થાનો હોવાથી, આ સંખ્યા અબાધિતપણે ઘટી શકે છે. સિદ્ધના જીવોમાં નિરંતર વૃદ્ધિ થતી જાય છે, છતાં તે પાંચમે અનંતે તે કારણથી જ ગણી શકાય છે. પુદ્દગળ પરાવર્તનો કાળ અનંતો હોવાથી અર્ધ પુદ્દગળ પરાવર્ત જેટલા કાળમાં પ્રથમના પડવાઇ જીવો મોક્ષે જાય છે અને બીજા પણ લગભગ તેટલા જીવો નવા પડવાઇ થાય છે.

ક્ષેત્ર વિચારણાએ પ્રત્યેક ગોળકની તેમ જ પ્રત્યેક નિગોદની અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની અને અસંખ્ય આકાશપ્રદેશની છે. બાદર નિગોદની અવગાહના પણ અંગુળના અસંખ્યાતમા ભાગની છે, અને તેમાં પણ દરેક નિગોદ ( શરીર ) માં અનંતા જીવો છે. દરેક જીવનું તૈજસ અને કાર્મણ એ બે શરીર જૂદા જૂદા છતાં ઔદારિક શરીર જૂદું જૂદું નથી.

નિગોદનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ અને માત્ર કેવળીગમ્ય છે કે તેને માટે શાસ્ત્ર ઉપર અને પરમાત્માની વાણી ઉપર જ આધાર રાખવાથી સમજાય છે. અતીંદ્રિય પદાર્થ માત્ર શ્રદ્ધા વડે જ ગ્રાહ્ય થઇ શકે છે, તે છતાં ગુરૂગમથી તે સ્વરૂપ મેળવીને પૂર્વ પુરૂષોએ અનેક ગ્રંથોમાં અને સૂત્રમાં તેમ જ તેની વૃત્તિઓમાં તેનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે.

" લોકપ્રકાશ " ના દ્રવ્યલોકવાળા પ્રથમ વિભાગમાં, શ્રી વિનયવિજય ઉપાધ્યાયે પણ નિગોદનું સ્વરૂપ બહુ સારી રીતે વર્ણવ્યું છે, તેમાંથી તેમ જ " નિગોદ ષટ્ ત્રિંશિકા " માંથી ગુરુદ્વારા સમજીને આ સ્વરૂપ અહીં સંક્ષિપ્ત લખેલું છે. વિશેષના ખપી જીવોને તે તે ગ્રંથો વાંચી જોવા વિજ્ઞપ્તિ છે.

[ આમાં આવેલા ૩૯ શબ્દોના ખુલાસા તે તે શબ્દ નીચે આપવામાં આવ્યા છે ].

---

( ઇતિહાસ વિભાગ )

# अभयदेव

' અભયદેવ ' એ નામના સૂરિઓ, આચાર્યો, સાધુઓ જૈન ધર્મના ઇતિહાસમાં અનેક થઇ ગએલા છે. *સંશોધન ઉપરથી માલૂમ પડે છે કે તેઓની સંખ્યા ૭ જેટલી છે. તેઓ સર્વના સંપૂર્ણ વૃત્તાન્તો ઉપલબ્ધ થતા નથી, પરંતુ સંશોધન ઉપરથી તે પ્રત્યેકના સંબંધમાં જે જે વિગતો મળી શકી છે તે તે વિગતો આ નીચે આપવામાં આવી છે. ( ૧ ) અભયદેવ સૂરિ ( પદ્મપ્રભબિંબના પ્રતિષ્ઠાપક ), ( ૨ ) અભયદેવ સૂરિ ( ખરતર ગચ્છીય ), ( ૩ ) અભયદેવ સૂરિ ( હર્ષપુરીય ગચ્છ ), ( ૪ ) અભયદેવ સૂરિ ( ચંદ્ર ગચ્છ ), ( ૫ ) અભયદેવ સૂરિ ( રૂદ્રપલ્લીય ગચ્છ ) ( ૬ ) અભયદેવ સૂરિ ( રાજ ગચ્છ ), ( ૭ ) અભયદેવ સૂરિ ( સપ્તતિક ભાષ્યના રચનાર ).

**( ૧ ) અભયદેવ સૂરિ**—આ સૂરિ સંવત્ ૫૭૨ માં વિદ્યમાન હતા, એટલે એ નામના સૂરિ–આચાર્યોમાં તેમનું અસ્તિત્વ સર્વથી પહેલું હતું એવું માલૂમ પડે છે. તેમણે એ વર્ષમાં રણતભમર ગિરિના શંગ ઉપર પદ્મપ્રભબિંબની પ્રતિષ્ઠા કરી હતી અને પદ્માવતી દેવીની મૂર્તિની સ્થાપના કરી હતી. તેમણે થલેચીથી મરૂધર દેશમાં વિહાર કરી ભટ્ટી ક્ષત્રિયને પ્રતિબોધ આપ્યો હતો. એમના પછી દેવાનંદ સૂરિ થયા.

**( ૨ ) અભયદેવ સૂરિ**—( ખરતર ગચ્છીય )–સં. ૧૦૭૨ થી ૧૧૩૫–૩૯–૪૫. મહીધર નામના શ્રાવકની ધનદેવી નામની સ્ત્રીના ઉદરથી

---

* અભયદેવ સૂરિની સહાદતો માટે પરિશિષ્ટમાં પ્રશસ્તિઓ તથા વંશાવળીઓ જુઓ.

ધારાપુરી નામના નગરમાં તેમનો જન્મ થયો હતો. તે ગામમાં શ્રી વર્ધમાન સૂરિના શિષ્ય શ્રી જીનેશ્વર સૂરિ વિહાર કરતા કરતા આવ્યા. તેમની પાસે તેમણે વૈરાગ્ય ભાવનાથી જૈન દીક્ષા ગ્રહણ કરી હતી. સં. ૧૦૮૮ માં માત્ર સોળ વર્ષની વયે શ્રી વર્ધમાન સૂરિએ તેમને આચાર્યપદ આપ્યું હતું. કાળે કરીને દુષ્કાળ પડતાં આગમોનાં પહેલાં બે અંગ સિવાયનાં બીજાંઓની ટીકાઓનો વિચ્છેદ થયો. એક સમયે આચાર્ય અભયદેવ સૂરિ મધ્ય રાત્રિએ ધ્યાનસ્થ હતા ત્યારે શાસનદેવીએ તેમને જણાવ્યું કે પૂર્વના આચાર્યોએ અગીઆર અંગની ટીકા લખી હતી, પરન્તુ કાળના દૂષણથી પહેલાં બેની જ ટીકા માત્ર વિદ્યમાન છે, તો બાકીનાં અંગોની ટીકા તમારે લખવી. તેમણે તે કાર્યને માટે શાસનદેવીની સહાયની યાચના કરી કારણકે દેવીનું વચન ઉત્થાપાય નહિ તેમજ આગમોની ટીકા લખતાં કશું ઉત્સૂત્ર પણ લખી જવાય નહિ તે માટે દેવીની સહાયની આવશ્યક્તા હતી. દેવીએ કહ્યું કે " તમે લખવાને સમર્થ છો એમ જાણી તમને કામ સોંપ્યું છે, છતાં જો કયાંય સંદેહ રહેશે તો હું શ્રી સીમંધર સ્વામીને પૂછીને તેનું નિવારણ કરી લાવીશ. " દેવીએ એવું આશ્વાસન આપ્યું એટલે સૂરિએ કાર્યનો પ્રારંભ કર્યો, નવે અંગની ટીકાઓ પૂર્ણ થતાંસુધી તેમણે આયંબિલનું તપ કર્યું. આ તપથી તથા કાર્ય પરત્વે કરેલા રાત્રિના જાગરણથી તેમના શરીર ઉપર એવી અસર થઇ કે તેમને કુષ્ટ નામનો ભયંકર વ્યાધિ થયો. આ ઉપરથી અન્યદર્શનીઓ નિંદા કરવા લાગ્યા કે સૂરિએ ઉત્સૂત્ર લખ્યું છે તેથી શાસનદેવતાએ તેમને આ શિક્ષા કરી છે. આવા અવર્ણવાદથી સૂરિને અત્યંત ખેદ થયો અને તેમણે ધ્યાન ધર્યું. ધરણેંદ્રે આવીને તેમના રોગની શાંતિને અર્થે સૂચના કરી કે " સેઢીકા નદીને કિનારે સ્થંભન નામના ગામની પાસે ભૂમિની અંદર પાર્શ્વનાથજીની પ્રતિમા છે, તેમને કાઢી ત્યાં તમે તીર્થ પ્રવર્તાવો. તે પ્રતિમાના પ્રભાવથી અગાઉ નાગાર્જુને રસસિદ્ધિ સાધેલી છે. " તે સૂચના ઉપરથી સૂરિ તે સ્થાને ગયા. પાર્શ્વનાથની પ્રતિમા ત્યાં ખાખરાના વનમાં પલાશના વૃક્ષ નીચે માત્ર મુખ દેખાય એવી રીતે ભૂમિમાં સમાએલી હતી. તે પ્રતિમા ઉપર એક ગાય આવીને પોતાનું દૂધ વરસાવતી હતી. એ એંધાણીથી એક ગોવાળીઆએ જ સૂરિને આ સ્થાન શોધી આપ્યું. પછી " જયતિહુઅણ " નામનું ૩૨ ગાથાનું સ્તોત્ર તેમણે રચ્યું અને એથી પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ થઇ. એ ઉપરથી સૂરિનો રોગ ગયો, કીર્તિ વૃદ્ધિંગત થઇ અને શાસનનો ઉદ્યોત થયો. એ સ્તોત્રની ૩૨ માંની ૩૦ ગાથાઓ હાલમાં વિદ્યમાન છે અને ૨ નો

નાશ થયો છે. ( પૂર્વાચાર્યોએ કાઢી નાંખી કહેવાય છે. ) તે શ્રી સ્તંભન પાર્શ્વનાથની પ્રતિમા હાલમાં ખંભાતમાં વિદ્યમાન છે અને તેની સાથે એવો લેખ છે કે આ પ્રતિમા ગોડ નામના શ્રાવકે શ્રી નમિનાથ પ્રભુજીના શાસનમાં ૨૨૨૨ મેં વર્ષે કરાવી છે.

અભયદેવ સૂરિના એ મહારોગવિનાશ વિષેનો બીજો વૃત્તાન્ત એવો છે કે તે છ વિગયના ત્યાગી હતા. કુષ્ટનો રોગ થયા પછી એ સૂરિ ગુજરાત દેશમાં ભાણુપુર નગરમાં આવેલા હતા. ત્યાં રાત્રે દેવીએ બાલિકાનું રૂપ ધરી, આવીને સુતરનાં નવ કોકડાં ઊકેલવાનું કહ્યું. પરન્તુ સૂરિએ કહ્યું કે મારા શરીરે સારૂં નથી તેથી રોગ મટયા પછી ઊકેલીશ. પછી દેવીએ પલાશના વૃક્ષ નીચેની પાર્શ્વનાથની પ્રતિમાની સ્તુતિ કરી તેને પ્રકટ કરી તેને ન્હવરાવી, તે ન્હવણના જળનો છંટકાવ દેહ ઉપર કરવાથી રોગ જશે, એવું કહ્યું; એ ઉપરથી સૂરિએ થંભણુપુર જઇ એ પ્રમાણે કરી પ્રતિમા પ્રટક કરી. શ્રાવકોએ પ્રાસાદ બંધાવ્યો અને સં. ૧૧૧૯ માં* ત્યાં પ્રતિષ્ઠા કરી. એ પ્રતિમા ' જયતિહુઅણ ' સ્તોત્રની રચનાથી પ્રકટ કરી હતી. ત્યારપછી કેટલેક વર્ષે ગુજરાતમાં યવનનું રાજ્ય થયું ત્યારે સકળ સંઘે પાર્શ્વનાથના બિંબને પ્રાભાવિક જાણી વિ. સં. ૧૩૬૨ માં ખંભાતમાં સારા ઠેકાણે પૂર્વના થંભણપુરની પાસે જ સ્થાપ્યું. બિંબ નીલવર્ણું છે. એ પ્રતિમા પ્રકટ કર્યા પછી સૂરિ ૧૧૨૦ માં અણહીલપુર પાટણ આવ્યા. ત્યાં દેવીએ ફરી નવ કોકડાં ઊકેલવાનું કહ્યું, જેથી સૂરિએ ઠાણાંગ પ્રમુખ નવ અંગની અને અન્ય સિદ્ધાંત વિગેરેની ટીકા રચી.

' જયતિહુઅણ ' સ્તોત્રમાં એ પ્રમાણે વૃત્તાંત આપેલો છે કે એક વખત અભયદેવ સૂરિ શંભાણક સ્થાનમાં આવ્યા. ત્યાં આસપાસના ગામવાળા પ્રતિક્રમણ કરવા આવ્યા હતા. તેવા સમયમાં ત્રયોદશીની રાત્રિએ શાસનદેવીએ આવી સૂરિને કહ્યું કે ' હે પ્રભો ! જાગો છો કે ઊંઘો છો ? ' જવાબમાં સૂરિએ કહ્યું કે ' જાગું છું ! ' પુનઃ દેવીએ કહ્યું કે ' તમે સૂત્રની ટીકાઓ બનાવો.' ઉત્તરમાં સૂરિએ કહ્યું કે ' હું શક્તિમાન્ નથી.' ત્યારે દેવીએ કહ્યું કે ' હજી તો તમે સારી રીતે વીરતીર્થને પ્રવર્તાવશો અને નવ અંગની વૃત્તિ રચશો.' ત્યારે સૂરિએ કહ્યું કે ' તેવા શરીરવાળો કયારે થઇશ ? ' ઉત્તરમાં દેવીએ કહ્યું કે ' ખંભાત નગરમાં એક ક્ષેત્રમાં ખંખર પલાશની મધ્યમાં પાર્શ્વનાથ પ્રભુનું બિંબ છે. તેમની સ્તુતિ કરો, જેથી

* બીજા વૃત્તાંતો પ્રમાણે સં. ૧૧૩૯ અને ૧૧૫૯.

તમો સુસ્થ શરીરવાળા બનશો.' એમ કહી દેવી અંતર્ધાન થઇ ગઇ. સહવારમાં શ્રાવકો વાંદવા આવ્યા ત્યારે સંઘને કહ્યું કે 'ખંભાતમાં પાર્શ્વનાથ ભગવાનને હું વાંદવા જઇશ.' એમ કહી ખંભાતના તે ક્ષેત્રમાં તે ગયા. ત્યાં દરરોજ એક ગાય પોતાનું દૂધ વર્ષાવતી હતી. ત્યાં તપાસ કરતાં ખાડામાંથી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા નીકળી. ત્યાં સૂરિએ 'જયતિહુઅણુ' સ્તોત્રની રચના કરી અને શરીરનો વ્યાધિ નાશ પામ્યો. ત્યારબાદ સંઘે તે સ્થળે દેવગૃહ કરાવ્યું અને અભયદેવ સૂરિએ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી. પછી સ્તવના કરી અને પાર્શ્વનાથ ભગવાનને પ્રાર્થના કરી કે 'પ્રભો! હું નવાંગની ટીકા કરી શકું તેવી શક્તિ આપો.' શાસનદેવીએ એવી શક્તિ આપી અને સૂરિએ નવાંગની વૃત્તિઓ બનાવી.

અભયદેવ સૂરિનાં જ્ઞાન તથા વિદ્વત્તાનો પ્રતીતિ કરાવનારા બીજા કેટલાક પ્રસંગો પણ મળી આવે છે. ૧૬ વર્ષની વયે તે એટલા બધા વિદ્વાન્ થયા હતા અને જૈન તેમજ અન્ય મતનાં બધાં શાસ્ત્રોમાં પ્રવીણ બન્યા હતા કે એક વાર વ્યાખ્યાનમાં વીરરસના વર્ણનની એવી ખીલવણી કરી બતાવી કે ત્યાં બેઠેલા શસ્ત્રધારીઓમાં વીરતા ઉત્પન્ન થઇ અને તેઓ યુદ્ધ કરવા તૈયાર થઇ ગયા. આ જોઇને અભયદેવ સૂરિના ગુરૂએ નાગનત્તુક શ્રાવકનો વૃત્તાંત કહી, શાન્ત રસથી સૌને શાન્ત બનાવ્યા. એટલે તેઓ યુદ્ધ કરતાં અટકયા. વળી એક વાર પ્રતિક્રમણ થઇ રહ્યા પછી નંદિષેણ મુનિએ રચેલા અજીતશાન્તિ સ્તોત્રમાંથી "अंबरतरविआरणिआहिं" ઇત્યાદિ ગાથા ૪ નો અર્થ સમજાવતાં દેવસુંદરીઓનું વર્ણન કરતાં શૃંગારરસની એટલી બધી જમાવટ કરી, કે તે વખતે દ્વાર પાસે જતી કોઇ નવયૌવના કુમારિકા રાજપુત્રીએ તેમને પરણવાનો નિશ્ચય કર્યો અને પોતાનો વિચાર તેમની પાસે આવી પ્રકટ કર્યો. આ પ્રમાણે અભયદેવ સૂરિએ પોતાની વિદ્વત્તાનો વિલક્ષણ રીતે ઉપયોગ કરવા માંડયો. તેથી તેમને તેમના ગુરૂએ ઠપકો આપ્યો. પછી તેમણે જ અશુચિ ભાવનાનું સ્વરૂપ એવું ખડું કર્યું કે જેથી તે રાજપુત્રી જેવી આવી હતી તેવી પાછી ગઇ. આ બનાવ પછી અભયદેવ સૂરિએ ગુરૂના ઉપદેશથી તડબૂચ, કાલીંગડું, ઠંડું તથા વાયુ કરનાર ભોજન, કોઠું, બોર અને જાંબુનો બહુ અંશે આહાર કરવા માંડયો. કારણકે એ વસ્તુઓ બુદ્ધિને મંદ કરનાર મનાય છે.*એ આહારાદિથી

* तडबूजं कलिंगं च भोज्यं शीतं च वातुलं ।
कपित्थं बदरीजंबूफलानि घ्नन्ति धीषणाम् ॥

તેમને કુષ્ટનો રોગ થયો અને પછી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ કરી, જયતિહુઅણુ સ્તોત્ર રચી, પોતાનો રોગ મટાડયો અને નવાંગની ટીકાઓ રચીઃ એ પ્રમાણે પણ કોઇ કોઇ સ્થળે કહેવામાં આવેલું છે.

સંવત્ ૧૧૧૧ માં પ્રમાર રાજપૂતોનો ગુરૂ શંકરદાસ નામે બ્રાહ્મણ અભયદેવ સૂરિનો ઉપદેશ સાંભળીને ભીનમાલ નગરમાં શૈવ ધર્મનો ત્યાગ કરીને જૈનધર્મી થયો, એવો ઉલ્લેખ મળી આવે છે. પણ તે કયા અભય-દેવ સૂરિના સંબંધમાં છે તે નિશ્ચિત કહી શકાતું નથી. છતાં સંવત્‌ના વર્ષ ઉપરથી તે ખરતર ગચ્છના આ અભયદેવ સૂરિ જ હોય એવું માની શકાય છે.

અભયદેવ સૂરિએ રચેલા ગ્રંથોનો વિસ્તાર ઘણો મોટો છે. તેમણે ત્રીજાથી અગીઆરમા અંગસુધીની વૃત્તિઓ (ટીકા) રચી છે. તે વૃત્તિઓનું સંશોધન દ્રોણાચાર્યે કરેલું છે. અનુત્તરોપપાતિક જે ૧૯૨ શ્લોક પ્રમાણુ અત્યારે વિદ્યમાન છે તે ઉપર ૧૦૦ શ્લોકની વૃત્તિ, ઉપાસગદશાની ૮૦૦ શ્લોકની વૃત્તિ, ઔપપાતિક ઉપર ૩૧૨૫ શ્લોકની ટીકા, અંતકૃત દશાની ૪૦૦ શ્લોકની વૃત્તિ, જ્ઞાતા ધર્મકથા ઉપર ૧૧૨૦ માં ૩૮૦૦ શ્લોકની વૃત્તિ, પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી ગાથા ૧૩૩, શ્લોક ૧૫૦, પ્રશ્ન વ્યાકરણુ ઉપર ૪૬૦૦ શ્લોકની વૃત્તિ, ભગવતી ઉપર ૧૮૬૧૬ શ્લોકની વૃત્તિ સં. ૧૧૨૮ માં, વિપાક ઉપર ૯૦૦ શ્લોકની વૃત્તિ ૧૧૨૦ માં, સમવાયાંગ ઉપર ૩૫૭૪ શ્લોકની વૃત્તિ, સ્થાનાંગ ઉપર ૧૪૨૫૦ શ્લોકની વૃત્તિ સં. ૧૧૨૦ માં, નવ તત્ત્વ પ્રકરણુ ઉપર ભાષ્ય, પંચનિર્ગ્રંથી પ્રકરણુ, હરિભદ્રના પંચાશક ઉપર સં. ૧૧૨૪ માં ધોળકામાં રહીને રચેલી વૃત્તિ, ષટ્ સ્થાનક પ્રકરણુ ઉપર વૃત્તિ, જયતિહુઅણુ સ્તોત્ર, નિગોદ ષટ્ત્રિંશિકા, પદ્દગલ ષટ્ત્રિંશિકા, જીનભદ્રગણિના વિશેષાવશ્યક ભાષ્યપર ટીકા, હરિભદ્ર સૂરિના ષોડશક ઉપર ટીકા, દેવેંદ્ર સૂરિએ કરેલા શતારી પ્રકરણુ ઉપર ગાથાબંધ ટીકા, સાધુ સમાચારી, સમ્મતિતર્ક ઉપર તત્ત્વબોધિની ટીકા, દોષપહાર સ્તોત્ર, વિવિધ તીર્થકલ્પ વિગેરે તેમણે રચેલાં છે.

અભયદેવ સૂરિની ઉત્પત્તિની એક કથા ઉપર કહેવામાં આવી છે. બીજી કથા એવી છે કે શ્રી જીનેશ્વર સૂરિએ સંવત્ ૧૦૮૦ માં પાટણ નગરમાં દુર્લભદેવ રાજાની સભામાં ' ખરતર ' બિરૂદ ધારણુ કર્યું અને પછી તે મેદપાટ ( મેવાડ ) દેશમાં આવ્યા. તે દેશમાં વડસલ્લ ગામમાં તુઅરસિંહ નામે રાજાના પુત્રને પ્રતિબોધ આપ્યો અને તેણે દીક્ષા લીધી. તે રાજપુત્રને આચાર્યપદ આપીને તેનું નામ અભયદેવ સૂરિ રાખવામાં આવ્યું હતું.

અભયદેવ સૂરિના શિષ્યનું નામ પ્રસન્નચંદ્ર હતું. તેમને માટે સં. ૧૧૩૯ માં સુમતિવાચકના શિષ્ય ચંદ્રગણિએ 'વીરચરિત્ર' નામનો ગ્રંથ બનાવ્યો હતો. અભયદેવ સૂરિના ગુરૂભાઈનું નામ જીનચંદ્ર હતું.

અભયદેવ સૂરિ સં. ૧૧૩૫ માં કપડવંજ ગામમાં સ્વર્ગવાસી થયા હતા. અન્ય મત પ્રમાણે તે ૧૧૩૯ માં કિંવા ૧૧૪૫ માં સ્વર્ગવાસી થયા હતા. એમના અસ્તિત્વ સંબંધી સહાદત માટે પરિશિષ્ટ જુઓ.

**(૩) અભયદેવ સૂરિ** (હર્ષપુરીય ગચ્છ) (સં. ૧૧૨૦ થી ૧૧૫૦)—આ હર્ષપુરીય ગચ્છના અભયદેવ સૂરિ સામાન્ય રીતે 'અભદેવ મલ્લધારી' ને નામે ઓળખાય છે. એ પદ તેમને ગુજરાતના રાજા કર્ણદેવ તરફથી મળ્યું હતું. જયસિંહના તે શિષ્ય હતા. સૌરાષ્ટ્રનો રાજા ખેંગાર તેમને બહુ માન આપતો હતો. એ સૂરિજી પ્રશ્નવાહન કુળના, કોટિક ગણની મધ્યમ શાખાના અને સ્થૂલભદ્રના વંશના હતા. તેમને હેમચંદ્ર સૂરિ નામે શિષ્ય હતા. તેમણે એક હજાર કરતાં વધારે બ્રાહ્મણોને જૈન ધર્મના અનુયાયી બનાવ્યા હતા. તેમના ઉપદેશથી અજમેર પાસેના મેડતા ગામમાં જિનમંદિર બંધાયું હતું. તેમના જ ઉપદેશથી ભુવન પાળ નામના રાજાએ જીનમંદિરમાં પૂજા કરનારાનો કર માફ કર્યો હતો. અજમેરના રાજા જયસિંહે બે અષ્ટમી, બે ચતુર્દશી અને શુકલ પંચમીને દિને જીવવધ કરવાની મનાઇ પણ આ સૂરિજીના ઉપદેશથી કરી હતી. શાકંભરીના પૃથ્વીરાજે તેમના ઉપદેશથી અજમેર પાસે રણથંભોરમાં સુવર્ણના ઈંડાવાળું જિનમંદિર બંધાવ્યું હતું. તેમને મહીપાળ ચરિત્રકાર વીરદેવ ગણીએ મંત્રવિદ્યા શીખવી હતી. તેમણે આગળ અષ્ટોત્તરી રચી હતી. જેના ઉપર તેમના પ્રશિષ્ય શ્રીચંદ્ર મુનિએ, 'વૃત્તિ આરાધના' નામે પ્રકરણગ્રંથ લખ્યો હતો. અભયદેવ મલ્લધારીએ અજમેરમાં સ્વર્ગવાસ કર્યો હતો. એમ કહેવાય છે કે તેમના અવસાનની ક્રિયામાં ઘરમાં એકેક માણસ રહીને બીજાં બધાં માણસો જોડાયાં હતાં. સૂર્યોદયે શબને ઊંચકવામાં આવ્યું હતું તે છેક પાછલે પહોરે શ્મશાનમાં પહોંચી શક્યું હતું. પછી શબને સુખડના રથ (ચિતા) માં પધરાવ્યું. શ્મશાન ભૂમિકામાં ખુદ જયસિંહ રાજા અમલદારો સાથે ગયો હતો. અગ્નિસંસ્કાર થઈ રહ્યા પછી ભક્તોએ રક્ષા વહેંચી લીધી હતી અને જેઓને તે મળી શકી નહિ, તેઓએ તે જગ્યાની માટી પણ ગ્રહણ કરી હતી. લોકો એમ માનતા હતા કે એ રક્ષાથી તાવ આદિ ઉપદ્રવોનો નાશ થાય છે. આ બધો

વૃત્તાંત રણથંભોરના જીવનમંદિરમાં રહેલા શિલાલેખમાં કોતરવામાં આવ્યો છે.

**(૪) અભયદેવ સૂરિ** (ચંદ્ર ગચ્છ)—ચંદ્ર ગચ્છના અભયદેવ સૂરિના ગુરૂ, કેટલાકના મત પ્રમાણે ભદ્રેશ્વર સૂરિ હતા અને કેટલાકના મત પ્રમાણે શાંતિ સૂરિ હતા. અભયદેવ સૂરિને બે શિષ્યો હતા જે બન્ને કવિ હતા. તેમાંના કવિ આસડ સંવત ૧૨૪૮ માં અને કવિ પરમાનંદ ૧૨૨૧ માં થઇ ગયા. તેમાંના કવિ પરમાનંદ કહે છે કે મને ભણાવનારા અભયદેવ સૂરિ, ભદ્રેશ્વર સૂરિના શિષ્ય, શાંતિ સૂરિના શિષ્ય હતા. અભયદેવ સૂરિએ ભદ્રબાહુ સ્વામીએ રચેલા સામુદ્રિક શાસ્ત્ર ઉપર ટીકા રચી છે. તેમના શિષ્ય આસડ કવિએ સંવત્ ૧૨૪૮ માં 'વિવેક મંજરી' નામનો ગ્રંથ લખ્યો છે. કેટલાંક સાધનો ઉપરથી અભયદેવ સૂરિના લઘુ શિષ્ય ધનેશ્વર સૂરિ અને જીનશેખર સૂરિ પણ હોય એવું માલૂમ પડે છે.

**(૫) અભયદેવ સૂરિ** (રૂદ્રપલ્લીય ગચ્છ)—સંવત્ ૧૨૦૪. આ અભયદેવ સૂરિ વિજયેંદુ સૂરિના શિષ્ય હતા અને દેવભદ્ર સૂરિ (સં. ૧૨૯૬) ના ગુરૂ હતા. રૂદ્રપલ્લીય ગચ્છ તેમની ચોથી પહેડી પહેલાં થએલા જીનશેખર સૂરિથી ચાલુ થયો હતો. એ ગચ્છ ખરતર ગચ્છનો એક ફાંટો હતો. તેમને કાશીના રાજા તરફથી 'વાદી સિંહ'નું બિરૂદ મળ્યું હતું. તેમણે 'જયંત વિજય મહાકાવ્ય' નામનું અદ્દ્ભુત કાવ્ય લખ્યું છે, જે તેમણે સંવત્ ૧૨૭૮ માં પૂર્ણ કર્યું હતું. અન્ય મત પ્રમાણે એ અભયદેવ સૂરિ રૂદ્રપલ્લીય ગચ્છના સ્થાપક હતા. તેમને કેટલીક ટીપોમાં પ્રભાચંદ્ર સૂરિના શિષ્ય જણાવ્યા છે, ત્યારે પીટર્સન વિજયચંદ્ર સૂરિના શિષ્ય હોવાનું જણાવે છે. એમણે શ્રેષ્ઠિ ધના વગેરેએ ભરાવેલ શ્રી. શાન્તિનાથના બિંબની પ્રતિષ્ઠા કરી.

**(૬) અભયદેવ સૂરિ** (રાજ ગચ્છ)—તે પ્રદ્યુમ્ન સૂરિના શિષ્ય હતા અને જીનેશ્વર સૂરિના ગુરૂ હતા. કેટલાક મત પ્રમાણે તેમના શિષ્યનું નામ ધનેશ્વર સૂરિ હતું. તેમણે 'ન્યાયવનસિંહ'નું બિરૂદ મેળવ્યું હતું ને "વાદમહાર્ણવ" નામનો અતિગહન ગ્રંથ બનાવ્યો છે.

**(૭) અભયદેવ સૂરિ**—એમણે ચંદ્રર્ષિ મહત્તરકૃત 'સપ્તતિકા' નામના છઠ્ઠા કર્મગ્રંથ ઉપર ભાષ્ય રચ્યું છે.

( પરિશિષ્ટ )

## અભયદેવ સૂરિ (૨)ની સહાકૃત માટે પ્રશસ્તિ

**[ समवायाङ्गवृत्तिः । कर्ता अभयदेव सूरि (२) अन्ते ]**

निःसम्बद्धविहारहारिचरितान् श्रीवर्द्धमानाभिधान् ।
सूरीन् ध्यातवतोऽपि तीव्रतपसा ग्रन्थप्रणीतिः प्रभोः ॥
श्रीमत्सूरिजिनेश्वरस्य जयिनो दर्प्पीयसां वाग्मिनां ।
तद्बन्धोरपि बुद्धिसागर इति-ख्यातस्य सूरेर्भुवि ॥ १ ॥
शिष्येणाभयदेवाख्य-सूरिणा विवृत्तिः कृता ॥
श्रीमतः समवायाख्यतुर्य्याङ्गस्य समासतः ॥ २ ॥
एकादशसु शतेष्वथ विंशत्यधिकेषु विक्रमसमानां ॥
अणहिलपाटकनगरे रचिता समवायाङ्गटीकेयम् ॥ ३ ॥
प्रत्यक्षरं निरुप्यास्याः ग्रन्थमानं विनिश्चितं ॥
त्रीणि श्लोकसहस्राणि पादन्यूना च षट्शती ॥ ४ ॥

## અભયદેવસૂરિ (૩)ની સહાકૃત માટે પ્રશસ્તિ

**[ प्राकृतवृत्तिः । कर्ता हेमचन्द्राचार्य । प्रशस्तिः ]**

श्रीप्रश्नवाहनकुलांबुनिधिप्रसूतः ।
क्षोणीतलप्रथितकीर्तिरुदीर्णशाखः ॥
विश्वप्रसाधितविकल्पितवस्तुरुच्चै-
श्छायाश्रितप्रचुरनिर्वृतभव्यजंतुः ॥ १ ॥
तस्मिन् गुणगणरत्नरोहणगिरिर्गांभीर्यपाथोनिधि-
स्तुङ्गत्वानुकृतक्षमाधरपतिः सौम्यत्वतारापतिः ॥
समयग्ज्ञानविशुद्धसंयमतपः स्वाचारचर्यानिधिः ।
शान्तश्रीजयसिंहसूरिरभवन्निः संगचूडामणिः ॥ २ ॥
रत्नाकरादिवैतस्माच्छिष्यरत्नं बभूव यत् ॥
स वागीशोऽपि नो मन्ये यद्गुणग्रहणे प्रभुः ॥ ३ ॥
श्रीवीरदेवविबुधैः सन्मंत्राद्यतिशयप्रवरतोयैः ॥
द्रुम इव यः ससिक्तः कस्तद्गुणकीर्तने विबुधः ॥ ४ ॥
तथा हि—
आज्ञा अस्य नरेश्वरैरपि शिरस्यारोप्यते सादरं ॥

यं दृष्ट्वापि मुदं व्रजंति परमां प्रायोऽतिदुष्टा अपि ।
यद्वक्त्राम्बुधिनिर्यदुत्कलवचः पीयूषपानोद्यतै-
र्गीर्वाणैरिव दुग्धसिन्धुमथने तृप्तिर्न लेभे जनैः ॥ ५ ॥
कृत्वा येन तपः सुदुष्करतरं विश्वं प्रबोध्य प्रभो-
स्तीर्थं सर्वविदः प्रभावितमिदं तैस्तैः स्वकीयैर्गुणैः ।
शुक्लीकुर्वदशेषविश्वकुहरं भव्यैर्निबद्धस्पृहं
यस्याशास्वनिवारितं विचरति श्वेतांशुगौरं यशः ॥ ६ ॥
यमुनाप्रवाहविमलश्रीमन्मुनिचन्द्रसूरिसंपर्कात् ।
अमरसरितेव सकलं पवित्रितं येन भुवनतलम् ॥ ७ ॥
विस्फूर्जत्कलिकालदुस्तरतमःसन्तानलुप्तस्थितिः
सूर्येणेव विवेकभूधरशिरस्यासाद्य येनोदयं ।
सम्यग्ज्ञानकरैश्चिरंतनमुनिक्षुण्णः समुद्योतितो
मार्गः सोऽभयदेवसूरिरभवत् तेभ्यः प्रसिद्धो भुवि ॥ ८ ॥
तच्छिष्यलवप्रायैरगीतार्थैरपि शिष्टजनतुष्ट्यै
श्रीहेमचन्द्रसूरिभिरियमनुरचिता प्राकृतवृत्तिः ॥ ९ ॥
शरदां च पंचसप्तधिकैकादशशतेष्वतीतेषु ।
कार्त्तिकसितपंचम्यां श्रीमज्जयसिंहनृपराज्ये ॥ १० ॥
श्रेष्ठिवीरकसत्पुत्रश्रेष्ठिवल्लकसंज्ञयोः ।
शय्यातरयोर्गेहेऽसौ वृत्तिः निष्पत्तिमागता ॥ ११ ॥
इति प्राकृतवृत्तिः ॥

## અભયદેવ સુરિ (૪) ની સહાકત

[ कर्मविपाकः सटीकः ॥ टीका-परमानन्दकृता ॥ प्रशस्तिः ]

श्रीमद्देश्वसूरिशिष्यतिलकश्रीशान्तिसूरिप्रभोः
श्रीमन्तोऽभयदेवसूरिगुरवः सिंहासनोत्तंसकाः ।
तत्पादाम्बुजषट्पदेन परमानन्देन सत्प्रीतये ।
चक्रे कर्मविपाकवृत्तिमिषतः श्रोत्रैकलेह्यं मधु ॥ १ ॥
यन्नागमानुगामि स्यान्न चासंगतिमंगति ॥
इह तत्साधुभिः शोध्यमनभ्यार्थितवत्सलैः ॥ २ ॥
प्रत्यक्षरं निरूप्यास्य ग्रन्थाग्रं परिनिश्चितं ॥
अनुष्टुभां नवशती द्वाविंशत्यधिका भवेत् ॥ ३ ॥
कर्मविपाकवृत्तिः समाप्तेति ॥

## અભયદેવસુરિ (૪) ની બીજી સહાકૃત

ઉપરની પ્રશસ્તિમાં તથા આ પ્રશસ્તિમાં ગુરૂપરંપરામાં કાંઇક તફાવત માલમ પડે છે તે બતાવવા કેટલાક શ્લોકો આપ્યા છે.

[ उपदेशकंदली टीका । कर्ता बालचंद्रः । प्रशस्तिः ]

श्रीचन्द्रगच्छनवकेरवकेलिचन्द्र-
श्चन्द्रप्रभः प्रभुरभिज्ञतमस्ततोऽभूत् ॥
यो विश्वलोकविदितां मुदितांतरात्मा
प्राभातिकीं जिनपतिस्तुतिमाततान ॥ ५ ॥
तस्मात् धनेश्वरइति श्रुतपारदृश्वा
यो मंत्रमाप गुरुतः सुरभूपभाजः
प्राबोधयच्च समयूपुरदेवतां च ॥ ६ ॥
तस्याभितः समभवन् भुवनप्रशस्याः
विश्वाभिरामचरितोऽभ्युदिवायसूरिः ।
शिष्याः श्रुताक्षकमलोद्धरणप्रवीणाः ।
चत्वार ऊर्जितरुचो विदुषां निषेव्या
देव्याः क्रमा इव पुराणकविप्रसूतेः ॥ ७ ॥
श्रीवीरभद्र इति सूरिरमीषु मुख्यः
श्रीदेव सूरिरिति भूरिगुणो द्वितीयः ।
श्री शांतिसूरिरिति सूरिवरस्तृतीयः
देवेन्द्रसूरिरिति च प्रथितश्चतुर्थः ॥ ८ ॥
श्रीमंडलीति नगरी नगरीतिक्लृप्त
प्रासाद संहतिरितोऽस्त्यमरावतीव ।
देवेन्द्रसूरिसुगुरुर्विततान तस्यां
तद्वासिनां च हृदि मूर्ध्नि च वासलक्ष्मीम् ॥ ९ ॥
प्रातिष्ठिपन्निजपदे स विनिद्रभद्रे
भद्रेश्वरं प्रभुमनश्वरकीर्तिपूरम् ।
आख्यामनंग इति संगतवान् यदीय-
ध्यानानले मदनवन्मदनो विलीय ॥ १० ॥
तत्पट्टमौलिमणितामभजद्भवार्ति-

भीतात्मनामभयदोऽभयदेवसूरिः ।
पापातपापगममन्त्रहमातपत्री ।
भूयांगिनां शिरसि यस्य करश्चकार ॥ ११ ॥
तस्योपदेशपदपेशलक्लेशमाप्य ।
वारांमुचेव कियदेव पयः पयोधेः ॥
श्री आसडेन कविना जनितोपदेश-
कंदस्यसावसुमतामुपकारहेतोः ॥ १२ ॥

अपूर्णम् ।

### અભયદેવસરિ (૫)ની સહાકત માટે પ્રશસ્તિ

( કેટલાક શ્લોકો )

[ जयंतविजयकाव्यकर्ता अभयदेवसूरिः । प्रशस्तिः ]

प्रगुणितकरुणक्षमया विराजितश्चारुविग्रहस्तदनु ।
अजनि वशीकृतविषयग्रामपद्मेंदु निराजः ॥ ७ ॥
उत्फुल्लमल्लीप्रति मल्लकांतिः कीर्त्तिर्भ्रमंती भुवनेषु यस्य ॥
श्रिया समं सौहृदकांक्षयैव मुष्णाति विष्णोरपि कृष्णभावम् ॥८॥
विश्वत्रयप्रथितकीर्तिलतस्य तस्य
शिष्यः प्रशस्यमहिमाभयदेवसूरिः ।
काव्यं जयन्तविजयं रचयांचकार
सारस्वतप्रसृमरप्रतिभाविलासः ॥ ९ ॥
दिक्करिकुलगिरिदिनकरपरिमितविक्रमनरेश्वरसमायाम् ।
द्वाविंशति शतमानं शास्त्रमिदं निर्मितं जयतु ॥ १० ॥

### અભયદેવસૂરિ (૬)ની સહાકત માટે પ્રશસ્તિ

[पार्श्वनाथचरित्रमहाकाव्यः कर्ता माणिक्यचंद्रसूरिः राप्रशस्तिः]

अस्तायलक्ष्मीसुभगं विष्णुः कलाविलासि द्विजपुंडरीकः ॥
श्रीराजगच्छः शुचिमानसश्रीस्तत्रास्ति गच्छः पृथिवीपवित्रः ॥ ३ ॥
पुंसां विग्रहजं विकारमखिलं निर्मूलमुन्मूलयं-
स्तत्राद्यः समभूद्भयामयभिषक् प्रद्युम्नसूरिर्गुरुः ।
येन स्वेदयता प्रयुज्य तरलां तर्कोज्ज्वलां भारतीं ।
वादीन्द्राः प्रविलापिनो घनतरं दर्पज्वरं त्याजिताः ॥ ४ ॥

दिगम्बरसमाक्रान्तर्वेकपट्टं समाददे ।
यः प्रत्यक्षं नरेन्द्रस्य जगतस्तद्‌यशः पुनः ॥ ५ ॥
तर्कग्रन्थविचारदुर्गमवनीसंचारपंचानन–
स्तत्पट्टेऽभयदेवसूरिरजनि श्वेताम्बरग्रामणीः ॥
सद्वाक्यश्रुतिलालसा मधुकरीकोलाहलाशंकिनी ॥
हित्वा विष्टरपंकजं श्रितवती ब्राह्मी यदीयाननम् ॥ ६ ॥
दृङ्‌निम्नगाः सत्पथभेदमेता ध्रुवं करिष्यंति जडैः समेताः ।
इतीव रोधाय चकार तासां ग्रन्थं नवं वादमहार्ण्णवं यः ॥ ७ ॥

## અભયદેવ સૂરિનું વંશવૃક્ષ.*

(અભયદેવ સૂરિના નામ પાસે નંબર આપેલા છે તે અનુક્રમ નંબર નથી; પરંતુ વર્ણનમાં આપેલ નંબર પ્રમાણે ઓળખવાને શાટે આપેલ છે.)

મહાવીર ભગવાન
|
(૧) સુધર્મા સ્વામિ મ. સં ૧–૧૨ પટ્ટધર; મ. સં. ૨૦ મોક્ષ
|
(૨) જંબુ સ્વામિ મ. સં. ૧૨ પટ્ટધર. મ–સં. ૬૪ કેવળ
|
(૩) પ્રભવ સ્વામિ મ. સં. ૬૪–૭૫=૧૧ (શ્રુત કેવળી)
|
(૪) શય્યંભવ સ્વામિ મ. સં. ૭૫-૯૮ (૨૩ વર્ષ પટ્ટધર)
|
(૫) યશોભદ્રસૂરિ મ. સં. ૯૮–૧૪૮; મનક. ૬૫-૭૬
|
(૬) સંભૂતિવિજય મ. સં. ૧૪૮–૧૫૬; ભદ્રબાહુ મ. સં. ૧૫૬–૧૭૦
|
(૭) સ્થુલીભદ્રજી મ. સં. ૧૭૦–૨૧૯
|

---

* આ આપેલ વંશવૃક્ષ અમારા છેવટના નિર્ણય વાળું સમજવાનું નથી. શોધખોળને અંગે ફેરફાર જણાયાથી સુધારો વધારો કરવામાં આવશે. આ ફકત શૈલી બતાવવાનો પ્રયત્ન છે.

(૮) આર્ય મહાગિરિ મ. સં. ૧૪૯–૨૪૯ આર્ય સુહસ્તિ મ. સં. ૧૯૨–૨૯૨

(૯) સુસ્થિતાચાર્ય (કોટીકગણુ) સુપ્રતિબદ્ધાચાર્ય

(૧૦) ઇન્દ્રદિન્નસૂરિ ૪૪૧ સ્વર્ગ (ભાંડારકર ૪૫૩)

(૧૧) દિન્નસૂરિ (૪૫૪–૪૭૦)

(૧૨) સિંહગિરિજી ૫૪૮ સ્વર્ગ)

(૧૩) વજ્રસ્વામિ ૪૯૬–૫૮૪

(૧૪) વજ્રસેનસૂરિ ૪૯૨–૬૩૦ (નાગીલ શાખા)

(૧૫) ચંદ્રસૂરિ વિક્રમ સં. ૧૫૦ વિદ્ય.

(૧૬) સામંતભદ્રસૂરિ (વનવાસી ગચ્છ)

(૧૭) વૃદ્ધદેવસૂરિ

(૧૮) પ્રદ્યોતનસૂરિ

(૧૯) માનદેવસૂરિ

(૨૦) માનતુંગસૂરિ

(૨૧) વીરસૂરિ વિ. સં. ૩૦૦ વિદ્ય.

(૨૨) જયદેવસૂરિ મં. સં. ૮૨૬ વિદ્ય.

(૨૩) દેવાનંદસૂરિ મ.સં.૮૪૫ વિદ્ય. (૧) અભયદેવસૂરિ

(૨૪) વિક્રમસૂરિ મ. સં. ૮૮૨ વિદ્ય. (દેવાનંદસૂરિના ગુરૂ)

(૨૫) નરસિંહસૂરિ મ. સં. ૧૦૦૫–૧૦૫૫

(૨૬) સમુદ્રસૂરિ વિ. સં. ૫૮૫ વિદ્ય.
|
(૨૭) માનદેવસૂરિ વિ. સં. ૬૫૫ વિદ્ય.
|
(૨૮) વિબુધપ્રભસૂરિ વિ. સં. ૮૪૦ વિદ્ય.
|
(૨૯) જયાનંદસૂરિ વિ. સં. ૮૬૧ વિદ્ય.
|
(૩૦) રવિપ્રભસૂરિ વિ. સં. ૭૦૦ વિદ્ય. લાંબું આ-[યુષ્ય હોવું જોઇએ.
|
(૩૧) યશોદેવસૂરિ વિ. સં. ૮૦૨ વિદ્ય.
|
(૩૨) પ્રદ્યુમ્નસૂરિ વિ. સં. ~~૯૦૦~~ ?
|
(૩૩) માનદેવસૂરિ
|
(૩૪) વિમલચંદ્રસૂરિ
|
(૩૫) ઉદ્યોતનસૂરિ

(૩૬) ૧ સર્વદેવસૂરિ (બૃહતગચ્છ); સં. ૯૯૪ વિદ્ય.; મ. સં. ૧૪૬૪ વિદ્ય.
૨ પદ્મદેવસૂરિ સં. ૧૦૮૮ વિદ્ય.;
૩ વર્ધમાનસૂરિ સં. ૯૯૪–૧૦૧૦ વિદ્ય.;
૪ અજીતસિંહસૂરિ
૫ દેવસૂરિ ૧૦૦૭

(સર્વદેવસૂરિ →)
(૩૭) દેવસૂરિ વિ. સં. ૧૦૮૦ વિદ્ય.
જયસિંહસૂરિ
|
(૩) અભયદેવસૂરિ સં. ૧૧૫૦ વિદ્ય.
|
હેમચંદ્રાચાર્ય વિ. સં. ૧૧૭૦ વિદ્ય.

(વર્ધમાનસૂરિ →)
જીનેશ્વરસૂરિ વિ. સં. ૧૦૮૦–૮૪ વિદ્ય.; બુદ્ધિસાગરસૂરિ વિ. સં. ૧૦૮૪ વિદ્ય.
|
(૨) અભયદેવસૂરિ નવાંગી ટીકાકાર
વિ. સં. ૧૦૭૨ થી ૧૧૩૯–૧૧૪૫ સ્વર્ગ

જીનવલ્લભસૂરિ સં. ૧૧૨૮–૧૧૬૦ વિદ્ય. (ખરતગચ્છ) — પ્રસન્નચંદ્રસૂરિ

જીનવલ્લભસૂરિ →

જીનદત્તસૂરિ વિ. સં. ૧૧૩૨–૧૨૧૧ વિદ્ય.; જીનશેખરસૂરિ (રૂદ્રપલ્લીગચ્છ સ્થાપક વિ. સં. ૧૨૦૪ વિદ્ય.)

|
પદ્મચંદ્રસૂરિ
|
વિજયચંદ્રસૂરિ ( વિજયેન્દુસૂરિ )
|
(૫) અભયદેવસૂરિ ૧૨૦૪–૧૨૭૮ વિદ્ય.
|
દેવભદ્રસૂરિ

—૦—

ચંદ્રગચ્છ

દિન્નસૂરિ ( ? )
|
યશોભદ્રસૂરિ
|
પ્રદ્યુમ્નસૂરિ ( લગભગ વિ. ૧૦૦૦ )

ચંદ્રપ્રભસૂરિ — ગુણસેનસૂરિ*

ચંદ્રપ્રભસૂરિ →
|
ધનેશ્વરસૂરિ ૧૧૭૧–૧૧૯૫ વિદ્ય.

વીરભદ્ર — દેવસૂરિ — દેવભદ્ર — દેવેંદ્રસૂરિ+ વિદ્ય. ૧૨૬૪

દેવેંદ્રસૂરિ →
|
ભદ્રેશ્વરસૂરિ×
|

---

* મહાન્ હેમચંદ્રાચાર્ય આ સૂરિજીની પાટમાં બે ત્રણ પેઢીએ થયા હોય એમ લાગે છે.

\+ હેમચંદ્રાચાર્ય સાથે વિદ્યા સાધવામાં હતા.

× વાદિદેવસૂરિના ભદ્રેશ્વર સમકાલિન હતા.

- શાંતિસૂરિ
- અભયદેવસૂરિ (૪) (ગુરૂભાઇની પાટે બેઠા છે)
  - આસડકવિ ૧૨૪૮
    - હરિભદ્રસૂરિ
      - બાલચંદ્ર કવિ ૧૨૭૮–૧૩૨૨ વિદ્ય.
  - પરમાનંદ કવિ ૧૨૨૧ (કુમારપાળના રાજ્યમાં)

- સિદ્ધસેન
  - બપ્પભટ્ટિસૂરિ ૮૦૦–૮૯૫ આમરાજાના વખતમાં
    - નન્નસૂરિ ૯૦૦–૯૮૦ વિદ્ય.
      - સર્વદેવસૂરિ ગુરૂભાઇની પાટે બેઠા હતા.
      - વાદિસૂરિ —૦— (યશોવાદિસૂરિ)
        - સર્વદેવસૂરિ
          - પ્રદ્યુમ્નસૂરિ
            - અભયદેવસૂરિ
              - ધનેશ્વરસૂરિ
                - જીનસિંહસૂરિ
                  - વર્દ્ધમાનસૂરિ
                    - દેવચંદ્રસૂરિ
    - ગોવિંદસૂરિ
    - વિનયચંદ્ર

# कंकाली तीला–मथुरा (जैन टेकरी)

**સ્થાન સૂચન**—મથુરાના નૈઋત્ય ખૂણા પાસે આગ્રા અને ગોવરધનના રસ્તાની વચ્ચે આવેલી આ ટેકરી લગભગ લંબચોરસ એટલે આશરે ૫૦૦ ફૂટ લાંબી અને ૩૫૦ ફૂટ પહોળી છે. ( જૈન સ્તૂપ એન્ડ અધર એન્ટીકવીટીઝ–મથુરા ) "આર્કીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડીઆ" આ ટેકરી ૪૦૦ ફીટ લાંબી અને ૩૦૦ ફીટ પહોળી તથા ૧૦–૧૨ ફીટ ઉંચી હોવાનું જણાવે છે.

**વિશેષ વિવેચન**—અનેક વિદ્વાનોની શોધખોળને અંતે ટેકરી ઉપરથી ઘણા શિલાલેખો તથા બીજી વસ્તુઓ મળી આવેલ છે, તેમજ આ ટેકરીનો પશ્ચિમ તરફનો છેડો ખોદાવતાં સર કનીંગહામને સને ૧૮૭૦ માં લેખોવાળી ખંડિત તેમજ અખંડિત જૈન પ્રતિમાઓ, થાંભલાઓ વગેરે મળી આવેલ હતાં. તેથી આ ટેકરી ઉપર અને આસપાસ ખ્રિસ્તી યુગની પહેલાં ઇન્ડો સિથિયન રાજાઓના વખતમાં ઘણાં જૈન મંદિરો હોવાનું સિદ્ધ થાય છે કે જે બિના જૈનના તેમજ ભારતના ઇતિહાસ ઉપર સારો પ્રકાશ પાડે છે.

અહીંથી મળી આવેલ પૈકી કેટલીએક વસ્તુઓનું વર્ણન નીચે પ્રમાણે છે. (૧) આયાગ પટ ( પૂજા કરવાની શિલા ? ) આ શિલા સિંહ નાદિકે સ્થાપેલી હતી. આયાગ પટની વચ્ચે જૈન તીર્થંકરની પ્રતિમા કોતરેલી છે અને તેની આસપાસ જૂદી જૂદી જાતની પવિત્ર નિશાનીઓ કોતરેલી છે. આ આયાગ પટમાં બે લીંટીનો એક લેખ છે જે ઘણાજ જૂના વખતની લિપિમાં લખાયેલો છે. તે ઘણું કરીને કનિષ્કના રાજ્ય દરમિયાન અને ઈ. સ. ની શરૂઆતમાં લખાયેલો હોવો જોઇએ, તે લેખનું સંસ્કૃત ભાષાન્તર નીચે પ્રમાણે છે :—

**१ नमो अरहंताणं सिंहकस वणिकस पुत्रेण कोशिकि पुत्रेण**
**२ सिहनादिकेन आयाग पटो प्रतिथापितो अरहंत पूजये**

અંગ્રેજી ભાષાન્તર :—

Adoration to the Arbats ! A Tablet of homage (ayagapata ) was set up by Sihanadika ( Simhanadik ? nand-




કંકાલી તીલા–મથુરા

અર્હતની પૂજામાટે સિંહનાદિકે સ્થાપેલો આયાગપટ

The Kankali Mound—Mathura

The slab dedicated for worship of Arhats by Simih Nadik

પ્લેટ નં. ૪



કંકાલી તીલા–મથુરા— **The Kankali Mound-Mathura**

શીવયશા ( નર્તિક ફયુગશની ભાર્યા ) એ બક્ષીસ આપેલા આયાગપટ

( પૂજા કરવાની શિલા )

The slab of worship presented by Sheev Yasha ( wife of dancer Faguyash )

ika ? ) son of the Vanik Simhak ) and son of a Kousiki ( Kausiki mother ) for the workship of the Arhats. "

( આકૃતિના ફોટા માટે જુઓ પ્લેટ નં. ૩ જી )

( ૨ ) આ આયાગપટ ( પૂજા કરવાની શિલા ? ) શિવયશાએ સ્થાપેલી હતી. તેનો ઉપલો ભાગ ભાંગી ગયેલ છે પણ નીચલો અને ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ ઉપયોગી ભાગ જળવાઈ રહ્યો છે. આ આયાગપટના નીચેના ભાગમાં પાંચ લીંટીનો એક લેખ છે તે કુશાન રાજાના વખતમાં વપરાતી લિપિમાં લખેલો છે, અને તે ઈ. સ. પૂર્વે લખાયાનું જણાય છે. તે લેખનું સંસ્કૃત ભાષાન્તર નીચે પ્રમાણે થાય છે :—

**१ नमो अरहंताणं फगुयसस**
**२ नतकस भयाये सिवयस**
**३ ......इ......आ......आ......काये**
**४ आयागपटो कारितो**
**५ अरहत पूजाये**

અંગ્રેજી ભાષાન્તર :—

" Adoration to the Arhats ! By Sivayasa ( Sivayasas ) wife of of the dancer Phaguyas ( Phalguyasa ) a tablet of hamage ( Ayagayata ) was caused to be made for the worship of the Arhats. "

( આકૃતિના ફોટા માટે જુઓ પ્લેટ નં ૪ થી. )

( ૩ ) એક જૈન સ્તૂપ છે. આ સ્તૂપનાં બે ભાગ પાડેલા છે. ઉપલો ભાગ સાંકડો છે અને તેના મધ્યમાં સ્તૂપની આકૃતિ છે અને સ્તૂપની બન્ને બાજુએ જીનની બબ્બે આકૃતિઓ છે. તે ચાર આકૃતિ ( મૂર્તિ ) ઓ છેલ્લા ચાર તીર્થંકર નમિ, નેમિ, પાર્શ્વ, અને વર્ધમાનની છે. નીચેના ભાગમાં કન્હ (?) ની મૂર્તિ છે કે જેના માનમાં આ સ્તૂપ બનાવવામાં આવ્યો હતો. કન્હની મૂર્તિને કપડાં પહેરવામાં આવેલાં છે તેથી તેને શ્વેતાંબર મૂર્તિ માની શકાય. આમાં આપેલ મૂળ લેખ કોઈ અચોક્કસ લિપિમાં છે. શરૂઆતમાં ૯૫ (?) ની સાલ હોવાનું જણાય છે જે વખતે વાસુદેવનું રાજ્ય હતું. લેખ નીચે પ્રમાણે છે :—

**(१) [ सि ] द्धम् सं ९५ [ ? ] ग्रीश्दि १८ कोट्टय [ ां ] तो गणातो थानीयातो कुलातो वइर [ ातो ] [ सा ] खातो आर्य अरह**

(२) सिसिनि ग्राम थाये (?) ग्रहदतस्य धि......धनहथि.

અંગ્રેજી ભાષાન્તર :–

" Success ! In the year 95 (?) in the second (month of) Sumvat on the 18 th day, at the request of Dhamath (?) the female pupil of the Maya Maha (dinna) from tha Kottiya gana, from the Thaniya Kula, from the Vaira Sakha ... ... ... (the gift) of ... ... ... the daughter of Grahadata, and wife of Dhanathi (Dhanahastin)"

( આકૃતિના ફોટા માટે જુઓ પ્લેટ નં. ૫ મી. )

**ધી જૈન સ્તૂપ એન્ડ અધર એન્ટીકવીટીઝ ઑફ મથુરા બાય વીન્સેન્ટ એ, સ્મીથ,**


---

# भद्रेश्वर

**સ્થાન સૂચન**—કચ્છના પૂર્વ કિનારે હાલના ભદ્રેશ્વરથી જૂનું ભદ્રેશ્વર–ભદ્રાવતી મોટા વિસ્તારમાં આવેલું છે. હાલ ત્યાં જૈન દેવાલય, શિવમંદિરના ઘુમટના થાંભલા વિગેરે તથા દુદાવાવ અને તેની જ પાસે બે મસ્જીદના બાકી રહેલા ખંડેરો જોવામાં આવ છે.

**વિશેષ વિવેચન**—અહિં જૂનું વસહિ દેવળ અથવા હાલ જેને જગદેવશાહનું દેવળ કહેવામાં આવે છે તે કેટલાએક જમાનાની કૃતિ છે. તેમાં સુધારા વધારા થયેલા છે, પણ કેટલી વાર થયા હશે તે જાણવામાં નથી. દેવળનો નીચલો ભાગ કદાચ સૌથી જૂનો હોય; બાકીનો ભાગ હાલની બાંધણી મુજબનો છે, અથવા સાવચેતીથી દુરસ્ત થયો હોય અને તે જગડૂશાહે (જગદેવશાહે) સં ૧૨૩૨ માં કરાવેલ હોય. દેવળમાંના તુટેલા ભાગના ટેકામાં મૂકવામાં આવેલી કમાનો જૂના વખતની હશે અને બાકીનો બહારનો ભાગ પાછળથી બનાવેલો છે.

વીરાત્ સંવત્ના ૨૧ મા વરસમાં ભદ્રાવતી (ભદ્રેશ્વર)ના હરીના વંશજ સિદ્ધસેને આ દેવળ બંધાવ્યાનું અને તે વસહીને અર્પણ કર્યાનું કહેવામાં આવે છે. મારવાડના સંપ્રતિ રાજાના સમકાલીન–સિદ્ધસેનની ચોથી પેઢીના વંશજ–ભોજરાજાએ આ ભદ્રાવતી દેવળમાં એક પ્રતિમા સ્થાપી અને હાથીની



**કંકાલી તીલા–મથુરા—**

સં. ૯૫ માં ધનહસ્તીની ભાર્યાએ ભેટ આપેલી
પથ્થરની શીલા જેમાં જૈન યતિ કણ્હની મૂર્તિ છે.

**The Kankali Mound—Mathura**

The slab having an idol of Jain Yati ( ascetic ) Kanha presented for worship by the wife of Dhan Hastin in the year 95.

એક આકૃતિ મૂકી હતી. ભોજરાજા પછી તેના ભાઇ વનરાજ ગાદીએ આવ્યા. તેમણે ગાદીએ આવ્યા. પછી આ દેવળ સમરાવ્યું હતું. સં. ૬૨૨ માં પાટણના કનક ચાવડાએ આ દેવળ ફરીથી બંધાવ્યું અને તેમાં પ્રતિમાની સ્થાપના કરી. સં. ૭૯૮ માં ભાણગઢનો સોલંકી રાજા જે જૈન હતો તેણે આ ગામને ભદ્રેશ્વરનું નામ આપ્યું. સં. ૧૧૪૯ માં એક વાણીઆએ સોલંકી વંશના છેલ્લા રાજાને લશ્કરી મદદ કરી આપવાથી તેને ભદ્રેશ્વરનો ગીરાસ બક્ષીસ આપ્યો. સં. ૧૧૮૨ માં જમદેવશાહ ( જગડૂશાહ ) નામના ધનાઢય વેપારીને કાયમને માટે ભદ્રેશ્વર મળ્યું અને તેણે વસહી દેવળ મોટા ખરચે દુરસ્ત કરાવ્યું. આ વખતે પુરાણા કામનો નાશ થયો. અત્યારસુધી આ દેવળ તેજ સ્થિતિમાં છે. આ દેવળના થાંભલા ઉપર લેખ હતા, જેમાં હાલ માત્ર " સં. ૧૧૩૪ ના વૈશાક સુદ ૧૫ " એટલા શબ્દો વંચાય છે, જે મીતિ દેવળ દુરસ્ત થયાની અને કદાચ જૈનના શ્રીમાળી ગચ્છને આ દેવળ અર્પણ થયાની હોય.

બારમા અને તેરમા સૈકામાં ભદ્રેશ્વરમાં ઘણા યાત્રાળુઓ આવેલા અને તે વખતે યાત્રાળુઓ તથા સંઘપતિઓએ ભમતી દેરીઓ વગેરે બંધાવ્યાનું માની શકાય છે. આ પછી ઘણા બખેડા જાગ્યા છે. સં. ૧૫૯૨ માં જામ રાવલે ભદ્રેશ્વર જીત્યું, અને એમ કહેવાય છે કે આનંદવિમલ નામના સૂરિએ તેમને કાઠીયાવાડમાં જઇ વસવાનું કહ્યું. હાલા ડુંગરજીએ દેવળનો કબજો કર્યો તેથી હાલા તથા શ્રાવક વચ્ચેના આ કજીઆનો ફડચો લાવવા જામ રાવલને સં. ૧૬૫૯ માં ભદ્રેશ્વર આવવું પડયું હતું. મોહસમ બેગે સને ૧૬૯૩ માં આ દેવળ લૂટયું અને કેટલીક મૂર્તિઓ ભાંગી ભાંગી કે જેનો પત્તો નથી. સને ૧૭૬૩ માં જૂના કિલ્લાની દિવાલો પાડી નાંખવામાં આવી અને મુંદ્રાગામ વસાવવામાં આ દેવળના પત્થર સને ૧૮૧૦ માં વપરાયા છે.

આબૂ ઉપરનાં જૈન મંદિરો જેવી ભદ્રેશ્વરના દહેરાની રચના છે. તેને ૪૮×૮૫ ફૂટનો ચોક આવેલો છે; તેને ફરતી ૪૪ દહેરીઓની ભમતી આવેલી છે; ત્યાર પછી દેવળ આવેલું છે, તેના આગળના ભાગમાં થાંભલાવાળા ત્રણ ઘુમટ છે; રંગમંડપ ઉપર એક મોટો ઘુમટ છે; એક બાજુએ પ્રતિમાઓ સંતાડવા માટેની ઓરડીઓ આવેલી છે; આ ઓરડીઓ નીચે બીજા ખંડો છે કે જેમાં ભોંય ઉપરના પત્થર ઉપાડવાથી જઇ શકાય છે. મુસલમાન વગેરેના ત્રાસ વખતે તેમાં પ્રતિમાઓ પધરાવી ઉપર રેતી નાંખી જમીન જેવો દેખાવ કરવામાં આવતો. દેવળની પૂર્વમાં એક કૂવો આવેલો છે. દેવળ ઓતરાદા બારનું છે, ( સાધારણ રીતે આવા બારનાં જૈન મંદિર હોતાં નથી.) ગભારામાં સફેદ આરસની ત્રણ પ્રતિમા છે. મૂળ નાયક અજીત-

નાથજી છે, તેની નીચે ' ૬૨૨ ' ની સાલ હોવાનું જણાય છે. તેની જમણી બાજુએ ફણાવાળા પાર્શ્વનાથજી છે. તેના પર સં. ૧૨૩૨ ની સાલ છે. ડાબી બાજુએ શાંતિનાથ છે, તેને પણ ૧૨૩૨ ની સાલ છે. પીઠની દીવાલ ઉપર મૂળનાયકની આસપાસ કાઉસ્સગ્ગીઆ છે, જેના ઉપરથી અનુમાન થઇ શકે કે પ્રથમ મૂળ નાયકજીની પ્રતિમા મોટી હોવી જોઈએ. જમણી બાજુના છેડે શામળા પાર્શ્વનાથજી છે.

( રીપોર્ટ ઓન ધી એન્ટીકવીટીઝ ઓફ કચ્છ એન્ડ કાઠીયાવાડ–પાનું ૨૦૬–૨૦૯ )

(દહેરાસરની રચના વિગેરેનો ખ્યાલ આવે તેને માટે જુઓ પ્લેટ નં. ૧–૨)

---

( પુસ્તક વિભાગ )

# કુમારપાળ પ્રતિબોધ

**ભાષા**—આ 'કુમારપાળ પ્રતિબોધ' ગ્રંથનું અપર નામ 'હેમ-કુમાર ચરિત્ર' છે. તેની રચના સરલ સંસ્કૃત ભાષામાં અનુષ્ટુપ્ વૃત્તમાં કરવામાં આવેલી છે.

**કર્તા**—તેના કર્તા વિજયસિંહ સૂરિના શિષ્ય શ્રી સોમપ્રભા સૂરિ હતા. એ સૂરિ સુમતિનાથ ચરિત્રના કર્તા તરીકે જાણીતા છે.

**વિશેષ હકીકત**—આ ગ્રંથમાં હેમચંદ્રાચાર્ય તથા કુમારપાળ રાજાને જીવનવૃત્તાન્ત હોવાથી તેનું 'હેમ–કુમાર' નામ યથાર્થ ઠરે છે. આ ગ્રંથ સંવત્ ૧૨૪૧ માં સિદ્ધરાજે કવીંદ્ર અને ભ્રાતા તરીકે લખેલા પ્રસિદ્ધ પોરવાડ કવિ શ્રીપાળના પુત્ર સિદ્ધપાળની વસતીમાં (અન્ય મત પ્રમાણે પ્રાગ્વાટ પોરવાડ વંશના અભયકુમાર શ્રાવકના પુત્રો હરિશ્ચંદ્રાદિ તથા શ્રીદેવી પુત્રી વગેરેને ભણાવવા માટે તેમના આગ્રહથી ) સોમપ્રભા સૂરિએ લખ્યો હતો. તેની ગાથા ૮૦૦૦ ( અન્ય મત પ્રમાણે ૮૮૦૦ ) છે અને તે પાટણ નગરમાં લખાએલી છે. આ કાવ્યગ્રંથ 'અનેકાર્થ કૈરવ કૌમુદી' ના કર્તા અને હેમાચાર્યના શિષ્ય મહેન્દ્રસૂરિને વાંચી સંભળાવવામાં આવેલો હોવાથી તથા કુમારપાળના મૃત્યુ પછી માત્ર ૧૧ વર્ષે રચાએલો હોવાથી તેના ઉપર વિશ્વસનીયતાની છાપ છે. તેની પ્રથમની ૪૦૦ ગાથાઓમાં પાટણ તથા તેના રાજાઓ કુમારપાળની વંશપરંપરાં અને હેમાચાર્યની ગુરૂપરંપરા તથા જન્મ–દીક્ષા–વૃત્તાન્ત વગેરે છે. અવશેષ ભાગમાં કુમારપાળને પ્રતિબોધ આપવાને માટે કહેલી કથાઓ છે. આ ગ્રંથની પ્રત પાટણના જૈન પુસ્તક ભંડારમાં છે. તેમાં ૨૫૫ પત્ર છે. દરેક ૨૧ ઈંચ લાંબા તથા ૨ ઈંચ પહોળા તાડપત્ર ઉપર તે લખાએલો છે. ( પ્રશસ્તિ અત્ર ઉતારી નથી. નં. ૫૮૧ )

---

# विवेक मंजरी

**ભાષા**—'વિવેકમંજરી'નો ગ્રંથ મૂળ પ્રાકૃતમાં લખાએલો છે અને સંસ્કૃત ભાષામાં તેની ટીકા થએલી છે.

**કર્તા**—આ ગ્રંથના કર્તા ચંદ્રગચ્છના અભયદેવસૂરિના શિષ્ય આસડ કવિ હતા. તે કવિ ભિલ્લમાલ કુળના હતા.

**વિશેષ હકીકત**—આ ગ્રંથ સંવત ૧૨૪૮ માં રચાયો છે અને તેના ઉપર બાલચંદ્રજી નામના ગ્રંથ કર્તાએ ૧૨૭૮ માં આસડના પુત્ર જૈત્રસિંહની પ્રાર્થનાથી ટીકા લખી છે. તેમને એ કામમાં ચંદ્રગચ્છના કનકપ્રભસૂરિના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ સહાય આપી હતી. એ ગ્રંથને સુધારવામાં આસડ કવિને નાગેંદ્ર-ગચ્છના હરિભદ્રસૂરિના શિષ્ય વિજયસેન સૂરિએ ૧૨૫૦ માં સહાય કરી હતી. તે સૂરિ મહાવીર ભગવાનની ૪૨ મી પાટે થયા હતા. મૂળગ્રંથ ગાથા ૧૪૫ માં લખાએલો છે અને બાલચંદ્ર કવિની વૃત્તિ ૮૦૦ શ્લોકની છે. એ ગ્રંથની એક પ્રત સં. ૧૨૮૭ માં દેવભદ્ર ગણિના ઉપદેશથી લખાએલી છે. પાટણના પુસ્તક ભંડારમાં તથા મુંબઇના અનંતનાથજીના દેરાસરના ભંડારમાં એ પુસ્તકની પ્રતો છે. વડોદરા ખાતે મુનિરાજ શ્રી કાન્તિવિજયજીના ભંડાર-માં સટીક ગ્રંથની ૯૫૪ પાનાની પ્રત છે, જે સંવત ૧૮૪૬માં લખાએલી છે.

**[ * પરિશિષ્ટ. ]**

**[ विवेक मंजरी। कर्ता मू. आसड। टी. बालचंद्र मू. अन्ते प्रशस्तिः ]**

**सिरि भिल्लमाल निमल संभव कडुय राय तण एण**
**इय आसडेण रइयं वसु जलहि दिणेस वरिसम्भि ॥**

**टीका प्रशस्ति.**

**श्री भिल्लमालाभिधया प्रसिद्धो**
**वंशोवतंसो जगती तलस्य ।**
**समस्ति पाथोधिरि वाच्युतश्री**
**सरस्वतीवासनिवास एकः । १ ।**

**तस्मिन्नवो रजनि जानि इवाजनिष्ट**
**भासा पद्रुः कटुकराज इति प्रतीतः ।**

---

* આવી રીતે પાછળના ભાગમાં દરેક ગ્રંથની પ્રશસ્તિ આપવામાં આવશે.

यो जैनदर्शनमयो भव मूर्द्धिन चक्रे
कोलारपदं पदमखंडित वृत एव । २ ।
सुधांशो रोहिणी वास्य वुध पुत्र प्रसु प्रिया ।
बभूवानकदेवीति सतीजन मत्तल्लिका । ३ ।
तयोरजनिषातां द्वौ सुतौ वासड जासडौ ।
सत्पथं नह्यलंघेतां धुर्यौ धर्मरथस्ययौ ॥ ४ ॥
आसडः कालिदासस्य यशोदीपमदीपयत् ।
मेघदूतमहाकाव्ये टीकास्नेहनिषेचनात् ॥ ५ ॥
श्रुत्वानवरसोद्गार किरोऽस्य कविता गिरः ।
राजसभ्याः कविसभाश्रृंगार इतियं जगुः ॥ ६ ॥
जिनस्तोत्रस्तुतीः पद्यगद्यबंधैरनेकशः ।
चक्रे यः क्रूरकर्माहिजांगुलीमंत्रसंनिभाः ॥ ७ ॥
येनोपदेशकंदल्याह्वानप्रकरणच्छलात् ।
कृतं मोक्षाध्वनीनेभ्यः पाथे यातिथ्यमक्षयम् ॥ ८ ॥
आसडस्य मृडस्येव गौरीगंगे बभूवतुः ।
पृथिवीदेवी जैतल्लदेव्यौ द्वे तस्य वल्लभे ॥ ९ ॥
जैतल्लदेव्यां तनयावभूता द्वावे तयो राजड नामधेयः ।
ज्येष्ठः कनिष्ठः कलिकालकुंभि द्विड्जैत्रसिंहः किल जैत्रसिंहः ॥१०॥
अरिसिंह इति पृथिवीदेव्यां करपुष्करस्त्रवद्दानः ।
गुरुगिरिपरिणय कर्मागज इव कलभोगजः समभूत् ॥ ११ ॥
पुत्रे राजड नाम्नि बालकदलीकांडोपमे स्वः पुरीं
याते बाल सरस्वतीति विदिते तच्छोकमूढाशयः ।
संबुद्धो भयदेवसूरि सुगुरोर्यैरेव वाक्ये रसौ
तैरेवेदमसूत्र यत्प्रकरणं श्री आसडः सत्कविः ॥ १२ ॥
एतामासडि जैत्रसिंह सचिवे नात्यर्थमभ्यर्थितो
वृत्तिं श्री हरिभद्रसूरिसुगुरोः शिष्यप्रशिष्यावधिः ।
वाग्देवी प्रतिपन्न सूनुरकृतश्रीबालचंद्राह्वयया
विख्यातोधिपतिर्गणस्य गणिनी रत्नश्रियो धर्मजः ॥ १३ ॥

नागेंद्र गच्छार्णवपार्वणेंदु-रेतां बृहद्गच्छनभो रविश्च ।
श्रीमान्विपूर्वो जयसेनसूरिः श्री पद्मसूरिः समशोधयेतां ॥ १४॥
देवानंद मुनींदुगच्छगगनालंकारशीतद्युतेः
शिष्यः श्री कनकप्रभाभिधगुरोस्त्रैविद्य चूडामणेः ।
वाग्देवीसुतबालचंद्र सुकवेरातप्रतिष्टः सुधी
रेतस्यां सहकारिकारणमभूत्प्रद्युम्नसूरिः पुनः ॥ १५ ॥
उत्सूत्रं यदसूत्रि सूत्र विकलेनालक्षणं लक्षण
न्यूनेन श्लथ रीति रीति रिपुणा व्यर्थं हतार्थेनच ।
किंचित्क्वापि मया वचः प्रलपितं स्वच्छंद मच्छंदसा
तच्छोध्यं विबुधैः परै रपि परं कृत्या प्रसादं मयि ॥ १६ ॥
श्री धातुर्लेख शालो त्रिदश पथ महालेखिनी दंडशाली
सायं सायं किलायं शितकरखटिनीपात्रमादाय कालः ।
यावद्यो पट्टि कायां मुहु लिपि विपुलं हस्तलेखं विधत्ते
तावद्वाच्यमाना कृतिभिर तितरां वर्त्ततां वृत्तिरेषा ॥ १७ ॥
इत्याचार्य बालचंद्र विरचितायां विवेक मंजरि वृत्तौ भावना
विवरणं नाम चतुर्थः परिमलः ॥
उद्दंड शैलमयदंड धृतस्य धात्रि
छत्रस्य वारिधि दुकूल वृतस्य मौलौ
स्वर्णा चलः कलशता मयमेति याव-
त्तावज्जयं कलयतादिह्जैत्रसिंह ॥ १ ॥
समाप्ता चेयं विवेक मंजरी प्रकरण वृत्तिः मंगलं महा श्रीः ॥

---

પરચુરણ વિભાગ

## આગમ

અર્થ—' આગમ ' એટલે જ્ઞાન; આપ્ત પુરૂષના વચનથી થયેલ અર્થ વિષયક જ્ઞાન; આપ્ત પુરૂષનું વચન; જેનાથી સંપૂર્ણ પ્રકારના અર્થો જાણી શકાય તેવો ગ્રંથ; શ્રુત જ્ઞાન; સર્વજ્ઞનો ઉપદેશ; સર્વજ્ઞનો ઉપદેશ પ્રતિપાદક ગ્રંથ; કેવલ, મનઃપર્યવ, અવધિ; જ્ઞાન; ગણધરે રચેલ દ્વાદશાંગી સિદ્ધાન્ત.

પરોક્ષ પ્રમાણનો પાંચમો ભેદ=( આગમ રૂપ પ્રમાણ ), લાભ, સામ દામ દંડ ભેદ રૂપ ઉપાય, વ્યવહાર વિશેષ.

વ્યાકરણમાં 'આગમ' એવી અમુક સંજ્ઞા છે. ( પંચમ્યન્તથી વિધીય માન અને અન્ત શબ્દથી નિર્દિષ્ટ કરેલ તે આગમ ).

**ભેદ—**સામાન્યતઃ આગમ લૌકિક અને લોકોત્તર એવા ભેદવાળો છે. લૌકિકમાં મિથ્યાદષ્ટિ અન્યતીર્થિકોએ પોતપોતાની બુદ્ધિથી કલ્પેલ રામાયણ ભારત વેદાદિને સમાવેશ થાય છે. લોકોત્તરમાં શ્રી તીર્થંકર સર્વજ્ઞ ભગવાન કથિત દ્વાદશાંગ વિગેરેને સમાવેશ થાય છે.

બીજે પ્રકારે ભેદ લેખતાં સૂત્રાગમ, અર્થાગમ અને સૂત્રાર્થાગમ એમ ત્રણ ભેદ છે. સૂત્ર રૂપ આગમ=સૂત્રાગમ; અર્થ રૂપ આગમ=અર્થાગમ; અને સૂત્ર અર્થ બન્ને રૂપ આગમ=સૂત્રાર્થાગમ; ( આ લોકોત્તર તથા લૌકિક આગમોના પ્રભેદો તરીકે પણ ગણી શકાય. )

ત્રીજા પ્રકારે ભેદો ગણતાં આત્માગમ, અનન્તરાગમ, પરમ્પરાગમ; આત્માગમ=ગુર્વાદિના ઉપદેશ વિના સ્વયં અર્થનો તીર્થંકરને જે આગમ તે; અનન્તરાગમ=ગણધરોને જે અર્થનો આગમ તે. પરમ્પરાગમ=ગણધરાદિના શિષ્યોને તથા અન્યને જે અર્થનો આગમ તે.

---

( અભિધાન રાજેન્દ્ર કોષ )

# आशातना—आसायणा

**અર્થ—आ=समन्ताद् ज्ञानादि गुणाः । शात्यन्ते=ध्वस्यन्ते यया सा आशातना ॥** જેનાથી જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય તેને આશાતના કહે છે. ગુર્વાદિના પ્રતિકૂલ રહેવું. શાસ્ત્ર નિષિધનું સેવવું, અપમાન, વિગેરે.

**ભેદ—**દેવ, તીર્થંકરની આશાતના; જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ, એમ ત્રણ ભેદવાળી છે. સાક્ષાત્ તીર્થંકરના સમયમાં વિદ્યમાન તીર્થંકરની અને હાલ જીન ભુવન, દેવ પ્રતિમા, તેની આશાતના તે પણ તીર્થંકર આશાતના–દેવ આશાતના કહેવાય.

જઘન્ય આશાતના ( જીનભુવન આશાતના ) એ છે કે પાન ખાવું, પાણી પીવું, ભોજન કરવું, જોડા પહેરવા, સ્ત્રી સેવવી, શયન કરવું, થુંકવું, મૂત્ર કરવું, વિષ્ટા કરવી અને જુગાર રમવું. આ દશ વસ્તુને જીનભુવનમાં કદિ પણ કરવી નહીં એવી શાસ્ત્રાજ્ઞા છે.

મધ્યમ ( જીનભુવન ) આશાતના એ છે કે મૂત્ર કરવું, વિષ્ટા કરવી, પાણી પીવું, યાન (વાહન), આસન, શયન, સ્ત્રીનું સેવન, પાન, થુંકવું, જુગાર, જૂઆઇ પલોયણ (?) વિકથા, પલાંઠી વાળવી, પગ પ્રસારવા, પગ ઉપર

પગ ચડાવવા, હાસ્ય મશ્કરી કરવી, માત્સર્ય, સિંહાસનાદિનો પરિભોગ, કેશ, શરીરની વિભૂષા કરવી, છત્ર રાખવું, તરવાર રાખવી, મુકુટ રાખવો, ચામર ઢોળાવવા, જીનભુવનમાં મારાદિને મૂકવા, યુવતીઓ સાથે વિહાર કરવો, બિડુંપાસંગાય (?), મુખકોશ ન બાંધવો, મલિન વસ્ત્રે તથા શરીરે પ્રવેશ કરવો, જીન પૂજનમાં એકાગ્રતા ન રાખવી. **सचित्त दविआण विमुआणम अचित्त दव्वि अवुसरणम, णेग साडि अत्तापि,** જીન દર્શન થતા હાથ જોડવા, જીન દર્શન થતાં પૂજા ન કરવી, ખરાબ પુષ્પાદિથી પૂજવું, અનાચાર પ્રવૃત્તિ, **जिण पडिणी अनिवारण, चैत्य द्व्वस्सु बेहणमो सइ सामत्थि उवाणह पुव्वं चिइ वन्दणाइ पढणंच ॥ ४० ॥** આ ચાલીશ મધ્યમ આશાતના જાણવી.

ઉત્કૃષ્ટ (જીનભુવન) આશાતના એ છે કે ગળફા નાંખવા (૧), રમત કરવી (૨), કલેશ કરવો (૩), ધનુર્વેદાદિક કળા શિખવી (૪), કોગળા કરવા (૫), પાન ચાવવું (૬), પાન ચાવેલું થુંકી નાંખવું (૭), ગાળો દેવી (૮), મળમૂત્ર કરવું (૯), શરીર ધોવું (૧૦), હજામત કરાવવી (૧૧), નખ ઉતારી ફેંકવા (૧૨) લોહિ નાંખવું (૧૩), ખાવાનું ખાવું (૧૪), શરીરની ચામડી નાંખવી, (૧૫), પિત્ત નાંખવું (૧૬), વમન કરવું (૧૭), દાંત નાંખવા (૧૮), શરીર, પગ આદિ દબાવવું (૧૯), પશુ પક્ષીઓ બાંધવા (૨૦) દાંત, આંખ, ગાલ, નખ, નાક વિગેરેનો મેલ નાંખવો. (૨૧), (૨૨), (૨૩), (૨૪), (૨૫), મસ્તક કાન શરીરનો મેલ નાંખવો. (૨૬), (૨૭), (૨૮), ભૂત, પ્રેતાદિ કાઢવા મંત્ર કરવો (૨૯), પોતાના વિવાહાદિક કાર્ય માટે એકત્રિત થવું (૩૦), વ્યવહાર સંબન્ધિ પત્ર વિગેરે લખવા (૩૧), પોતાના દ્રવ્યના ભાગ પાડવા (૩૨), પોતાના ધનનો ભંડાર કરવો (૩૩), પગ ઉપર પગ ચડાવી બેસવું (૩૪), છાણુ થાપવું, વસ્ત્ર સુકવવાં, વડી સુકવવી, પાપડ સુકવવાં, દાળ સુકવવી, (૩૫) (૩૬) (૩૭) (૩૮) (૩૯), રાજાદિના ભયથી સંતાઈ જવું (૪૦), પુત્રાદિના વિયોગાદિથી રોવું (૪૧), સ્ત્રીઆદિની કથા કરવી (૪૨), બાણુ–ધનુષ્ય વિગેરેનું બનાવવું (૪૩), અશ્વાદિતિર્યંચોને બાંધવા (૪૪), અગ્નિ સળગાવી તાપવું (૪૫) રાંધવું (૪૬), દ્રવ્યાદિની પરીક્ષા કરવી (૪૭), નિસ્સિહી રૂપ ઘરના દરેક સાંસારિક કાર્યના ત્યાગના સૂચક રૂપ શબ્દો ન બોલવા (નૈષેધિકી ભંજન) (૪૮), છત્ર, વાહન, શાસ્ત્ર, ચામર જીન ભુવનની અંદર લાવવા (૪૯) (૫૦) (૫૧) (૫૨), વિકલ્પ કરવા (૫૩), તૈલાદિ ચોળાવવું (૫૪), સચિત્ત વસ્તુઓ જીનભુવનમાં લઈ જવી (૫૫), અચિત્ત–આભરણાદિને ત્યાગ કરીને જવું

(૫૬), અવર્ણવાદ બોલવા (૫૭), તીર્થંકર પ્રતિમા દેખી તુર્તજ હાથ ન જોડવા (૫૮), ઉત્તરાસંગ–એસ ન નાંખવો (૫૯), મસ્તક ઉપર મુકુટ ધારણ કરવો (૬૦), માથાની પાઘડી વિગેરે બાંધવું (૬૧), પાઘડીમાં પુષ્પાદિ નાખવાં (૬૨), હુડા (૬૩), કોડી, દડો વિગેરે રમવું (૬૪), જોહાર કરવો (૬૫), ભાંડ વિગેરેની ક્રીડા કરવી ( ૬૬ ), કોઇનો તિરસ્કાર કરવો (૬૭), અપકારી લેણદાર વિગેરે પુરવા (૬૮), રણસંગ્રામ કરવો (૬૯), બાળકોના વાળ ઉતારવા (૭૦), પલાંઠી બાંધવી (૭૧), ચાખડીયો પહેરવી (૭૨), પગ પ્રસારવા (૭૩), પુટપુટિકા દાપનમ ( પુટપાક ) દેવા ( ૭૪ ), કીચડ કરવો (૭૫), પગ આદિ ઉપર લાગેલ ધૂળને ઝાટકવી (૭૬), મૈથુન સેવવું (૭૭), જુ લીંખ ફેંકવાં (૭૮), જમણ કરવું (૭૯), લિંગ ઉઘાડું કરવું ( ૮૦ ), વૈદ્યક કરવું (૮૧), વાણિજ્ય કરવું (૮૨), પથારી વિગેરે કરીને સુવું (૮૩), પાણી પીવા માટે મુકવું ( ૮૪ ), ઇત્યાદિક દરેક કાર્યજીનાલયમાં કરવાથી આશાતના થાય છે, માટે તેનો નિષેધ છે. આ સિવાય પણ હસવું કરવું વિગેરે જીનેન્દ્રની ભક્તિસુચક કાર્ય વિના સર્વ કાર્યો આશાતના રૂપ સમજવા. તે આશાતનાથી સાધુ તથા ગૃહસ્થ બન્નેને ભવભ્રમણ કરવું પડે છે.

શિષ્યકૃત ગુરૂની તેત્રીશ આશાતના નીચે મુજબ છેઃ—રાત્નિક–ચારિત્રના લાંબા પર્યાયવાળાને પોતાના વસ્ત્રનો છેડો વિગેરે અડે તે પ્રમાણે ચાલવું (૧), મોટાની આગળ ચાલવું (૨), સાથે (બરાબર) ચાલવું (૩), મોટાની આગળ બેસવું (૪), તેની બરાબર બેસવું–(તુલ્ય દરજ્જે દેખાય તેમ પાસે, પડખે બેસવું) (૫), મોટાના આસને બેસવું (૬), મોટાની આગળ શય્યા કરવી (૭), પડખે શય્યા કરવી (૮), મોટાની શય્યામાં–આસનમાં શય્યા કરવી (૯), વિચાર ભૂમિમાં (ઝાડે જવું) મોટાની પહેલાં પાણી લેવું (૧૦), મોટાની પહેલાં ગમનાગમન આલોચવું (૧૧), રાતને વખતે " કોણ જાગે છે ? " એ પ્રમાણે મોટાએ પૂછ્યું હોય તે સાંભળ્યા છતાં જવાબ ન આપવો ( ૧૨ ) મોટાની પહેલાં બોલવું ( ૧૩ ), અશન પાન–ખાદિમ–સ્વાદિમને વહોરી બીજાની પહેલાં આરોગે ( ૧૪ ), મોટાને પૂછયા વિના બીજાને ભક્તાદિ આપવું ( ૧૭ ). પોતે સર્વથી સારી વસ્તુ ખાવી. ( ૧૮ ), પ્રયોજન વશાત્ મોટા બોલાવે તે ન સાંભળવું ( ૧૯ ) મોટાના સામે મોટા શબ્દથી બોલવું ( ૨૦ ), મોટાએ બોલાવ્યો કે " મસ્તક વડે વાંદું છું " એમ બોલવું જોઇએ, તેના બદલામાં ' શું કહે છે ? ' એમ કહેવું ( ૨૧ ), મોટા કોઈ કાર્ય માટે પ્રેરણા કરે તેને ' તું કોણ પ્રેરણા કરનાર ? ' એ પ્રમાણે કહેવું ( ૨૨ ), આચાર્ય તેમજ

ગ્લાનની સેવા કેમ નથી કરતો એ પ્રમાણે રાત્નિક ( ચારિત્ર વૃદ્ધ ) કહે ત્યારે "તું કેમ પરિચર્યા નથી કરતો ?" એ પ્રમાણે કહેવું ( ૨૩ ), ગુરૂ ધર્મ કહે ત્યારે અન્યત્ર મન રાખવું ( ૨૪ ), ગુરૂ કથા કરે ત્યારે કહે કે નથી સંભારતો. ( અર્થાત્ કથામાં ભુલ પડે તો તુર્તજ કહે કે શું નથી સાંભરતી ? ) ( ૨૫ ), ધર્મ કથા છેદવી ( ગુરૂ ધર્મ કથા કહેતા હોય, અને વચમાં પોતે કહેવા માંડવું ) ( ૨૬ ) ગોચરી વેળા થઇ છે વે પ્રમાણે કથાની વચમાં બોલી કથાનો ભંગ કરવો ( ૨૭ ), મોટા આવે ને ઊભા ન થવું. ( ૨૮ ), મોટાના સંથારાને પગ અડાડવો ( ૨૯ ), ગુરૂના સંથારા ઉપર બેસવું ( ૩૦ ), ઊંચા આસન ઉપર બેસવું (૩૧), તુલ્ય આસન ઉપર બેસવું ( ૩૨ ), મોટાએ કાંઇક કહ્યું તેને પોતાના આસને બેઠો બેઠો સાંભળે અને ઉત્તર આપે ( મોટાની પાસે જઇને ઉત્તર આપવો જોઇએ ) ( ૩૩ ).

મૂળ સૂત્રમાં કહેલ તેત્રિશ આશતના નીચે મુજબ છેઃ—

અરિહન્ત આશાતના ( ૧ ), સિદ્ધ આશાતના ( ૨ ), આચાર્ય આશાતના ( ૩ ), ઉપાધ્યાય આશાતના ( ૪ ), સાધુ આશાતના (૫) સાધ્વી આશાતના ( ૬ ), શ્રાવક આશાતના ( ૭ ), શ્રાવિકા આશાતના (૮), દેવાશાતના (૯), આલોકાશાતના ( ૧૦ ), પર લોકાશાતના ( ૧૧ ), કેવલિકથિત ધર્માશાતના ( ૧૨ ), દેવ મનુષ્ય સ્થવીર લોકાશાતના ( ૧૩ ), સર્વ પ્રાણુ ભૂત જીવ સત્વાશાતના (૧૪), કાલાશાતના (૧૫), ચુલાશાતના ( ૧૬ ), શ્રુતદેવતા આશાતના (૧૭), વાચનાચાર્ય આશાતના ( ૧૮ ), યથા અવિદ્ધ દોષ વડે દુષ્ટ એવા શ્રુતનું પઠન એવી આશાતના (૧૯), વ્યત્યા ક્રેડિત મંત્રીને અહીં તહીંથી શ્રુતના અક્ષરો બોલવા ( ૨૦ ), હીનાક્ષર બોલવું ( ૨૧ ), અધિકાક્ષર શ્રુત બોલવું ( ૨૨ ), પદ વડે હીન શ્રુત બોલવું ( ૨૩ ), વિનય રહિત શ્રુત બોલવું ( ૨૪ ), ઉદાત્તાદિ ઘોષ રહિત બોલવું ( ૨૫ ), વાક કાયના યોગ રહિત બોલવું ( ૨૬ ), ગુરૂ મહારાજે સારૂં આપ્યું પરંતુ પોતાને કલુષિત હૃદયથી ખરાબ લાગવું ( ૨૭ ), અકાળે શ્રુતનો સ્વાધ્યાય કરવો ( ૨૮ ), કાળે સજ્ઝાય ન કરવો. ( ૨૯ ) અસજ્ઝાયમાં સજ્ઝાય કરવો ( ૩૦ ), સજ્ઝાયમાં અસજ્ઝાય કરવો ( ૩૧ ) વિપરીતાક્ષરે શ્રુત પઠન કરવું ( ૩૨ ). કેવલિકથિત ધર્મના બે ભેદઃ શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મ. તેથી શ્રુત ધર્માશાતના અને ચારિત્ર ધર્માશાતના એમ બે ભાગ થવાથી ૩૩ આશાતનાઓ થઇ.

( અભિધાન રાજેન્દ્ર કોષ

## ટ્રસ્ટ મંડળના સભ્યો

૧ માનનીય જી. ડબલ્યુ. માવલંકર
પ્રમુખ—કેંદ્રસ્થ ધારાસભા, ન્યુ દીલ્હી

૨ સર મણિલાલ બા. નાણાવટી,
ગવર્નમેન્ટ પેન્શનર—મુંબઈ

૩ શ્રીયુત્ કે. એસ. ફરોદિયા,
સ્પીકર ધારાસભા, મુંબઈ

૪ શેઠ શાંતિલાલ મંગળદાસ
મિલ માલેક—અમદાવાદ

૫ રા. સા. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ
શેર દલાલ—મુંબઈ

૬ રા. અમૃતલાલ દલપતભાઈ શેઠ
મંત્રી અને સંચાલક, જન્મભૂમિ, મુંબઈ

૭ શ્રીયુત્ સી. જે. સુતરિયા,
લોકન્ન દિવાન, વડોદરા

૮ ડો. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ
મેનેજીંગ ટ્રસ્ટી, વડોદરા

શ્રી લક્ષ્મી ઇલેક્ટ્રીક પ્રિ. પ્રેસ—વડોદરા.